જેલ-ઑફિસની બારી

ઝવેરચંદ મેઘાણી

VISIT…

LANZAROTE
Caliente.COM

‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

we share, we celebrate



આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ વીજાણુ પ્રકાશન-ebook-ના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ www.ekatrafoundation.org પરથી વાંચી શકશો.

અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature. For more information, Please visit: http://www.ekatrafoundation.org.

પ્રકાશન માહિતી

આવૃત્તિઓ

પહેલી ૧૯૩૪, બીજી ૧૯૪૨, ત્રીજી ૧૯૪૬

પુનર્મુદ્રણઃ ૧૯૬૦, ૧૯૮૧

‘મેઘાણીની સમગ્ર નવલિકા’ (ભાગ ૧)માં પુનર્મુદ્રણ ૧૯૯૮

*



સર્જક ઝવેરચંદ મેઘાણી

ઝવેરચંદ મેઘાણી

ઝવેરચંદ કાલિદાસ મેઘાણી (૧૮૯૭-૧૯૪૭) 'રાષ્ટ્રીય કવિ' નું બહુમાન પામેલા, લોકકંઠના કવિ અને લોકસાહિત્યના આપણા પાયાના અને અગ્રણી સંપાદક સંશોધક. મેઘાણી ઉત્તમ નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રલેખક, અનુવાદક, વિવેચક અને પત્રકાર હતા - એવી એમની બહુક્ષેત્રીય પ્રતિભા હતી.

જૂનાગઢમાંથી અંગ્રેજી-સંસ્કૃત સાથે બી.એ. થઈને કલકત્તા મેનેજરની નોકરી કરી પણ વતન અને લોકસાહિત્યના આકર્ષણે પાછા આવ્યા, 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમા જોડાયા, સાથે જ લોકસાહિત્યનું સંપાદન શરૂ કર્યું. એ પછી એમની સાહિત્ય-સર્જન અને પત્રકારત્વમાં સતત સાધના ચાલતી રહી. 'યુગવંદના' કાવ્યસંગ્રહ, 'સોરઠ તારાં વહેતાં પાણી' નવલકથા, 'વહુ અને ઘોડો' જેવી ઉત્તમ વાર્તાઓને સમાવતા સંગ્રહો, 'સૌરાષ્ટ્રની રસધાર' જેવાં લોકસાહિત્ય સંપાદનો એમનું મહત્ત્વનું પ્રદાન છે.

*

‘જેલ-ઑફિસની બારી’

જેલ ઑફિસની બારી (૧૯૩૪) : આ ચરિત્રકથા બે રીતે વિશિષ્ટ અને રસપ્રદ છે : એક તો એ કે, એમાં જેલની સજા પામેલા ગુનેગારો અને એમનાં સ્વજનોનાં જીવનનું હૃદયસ્પર્શી આલેખન છે, અને બીજું એ કે, આ કથાનકોનું કથન જેલની બારી દ્વારા કરાવ્યું છે. કેમકે આ બારી જ આ મનુષ્યોના જીવન-વ્યવહાર અને વેદનાની સાક્ષી છે! એ રીતે આ બારી પણ એક જીવંત ચરિત્ર છે.

તો એ બારીની કથા સાંભળવા પુસ્તકમાં પ્રવેશીએ...

(સર્જક અને કૃતિ પરિચય : રમણ સોની)

*

ક્રમ

અર્પણ

જેલજીવનના પ્રિય સાથી

રસિકલાલ ઉમેદચંદ પરીખને

નિવેદન

[પહેલી આવૃત્તિ]

કાળાં પાણીની સજાઓથી લઈ ત્રણ મહિનાની જેલ-મહેમાની સુધીનું બહોળું મેદાન કારાવાસના સાહિત્યને મળતું રહ્યું છે; અને લખનારાઓ પણ બારીદ્ર ઘોષથી માંડી છેક જ સામાન્ય કક્ષા સુધીના એ સાહિત્યને સાંપડેલા છે. લખાવટના સૂર તો સિલોન, સાઈબિરિયા અને સાબરમતીની જેલોને વિષે લગભગ સરખા જ – પંચમ સૂરો – જ બજાવવામાં આવે છે; 'ઓતરાતી દીવાલો' જેવા તો માત્ર અપવાદો છે.

જેલ-વહીવટનો એકંદર વિરોધ કરવા ઊછનારી લડાયક વૃત્તિ પોતાના હથિયાર તરીકે જ્યારે કલમ ચલાવે છે ત્યારે આ 'પંચમ સૂર' બેશક અનિવાર્ય બની જાય છે. પ્રચારકાર્ય, ખાસ કરીને રાજદ્વારી પ્રચારકાર્ય, તો એક પ્રચંડ વંટોળ જેવી વસ્તુ છે. ધ્વંસની નોબતો જ્યારે ગગડે છે ત્યારે તેથી કોઈ એક બીનકારના કોમલ બીન-સંગીતમાં ભંગ પડી જાય તેની ખેવના ધ્વંસના દેવને નથી હોતી – ન જ હોઈ શકે. રાજદ્વારી લડતના મોરચાનો દારૂગોળો પૂરનાર જેલ-સાહિત્ય તો 'અ' વર્ગના એક જણને થયેલી ઉધરસનો મહિમા 'ક' વર્ગના ક્રિમિનલને લાગેલ ન્યુમોનિયા તાવ જેટલો મૂલવાવે, તે સાવ સ્વાભાવિક છે.

પરંતુ નવું લખાતું જેલ સાહિત્ય આજે એ પ્રચારકાર્યની સીમા વટાવીને નવી ભૂમિકામાં દાખલ થયું છે. જેલ કેવળ પીડક અને પીડિત વચ્ચેનું ઈરાદાપૂર્વકનું વૈરસાધક યંત્ર ગણાવાને બદલે માનવ મનોવૃત્તિના એક સંગ્રહસ્થાનની ગણનામાં આવી ગયેલ છે. આજનો લેખક ત્યાંની દુનિયામાં જઈ માનવ સ્વભાવના ઊંડાં આંતરપ્રવાહો તપાસવા લાગ્યો છે. ગયા બે વખતની રાજદ્વારી લડતમાં જેલ બરદાસ્ત કરી આવેલો તરુણ સમાજ દેશના મુક્તિમાર્ગ ઉપર એક-બે ડગલાં આગળ વધી શક્યો છે કે નહિ તે એક જુદી વાત છે, જેલમાં જઈ એ આધ્યાત્મિક શુદ્ધીકરણ પામી શક્યો છે કે કેમ તે એક વિવાદાગ્રસ્ત પ્રશ્ન છે, આધ્યાત્મિક શુદ્ધીકરણને કે સાદા જીવનસુધારને માટે પણ જેલયાત્રાની કહેવાતી ઉપયોગિતા હવે લગભગ ગપ્પ જ પુરવાર થઈ કહેવાય છે. પણ એક વાત સાચી છે, કે યુવકસમુદાય જેલની અંદર માનસશાસ્ત્રનાં નવાં પ્રકરણો લખાવે તેવી એક નવી દુનિયાનું ઠીકઠીક દર્શન કરી આવ્યો છે. મનુષ્યને એના તમામ વેશપોશાકથી મુક્ત થયેલો – વણઢંકાયો – તદ્દન નગ્ન નિહાળી લેવાનું સ્થાન જેલ છે એ ચોક્કસ વાત છે. શરીરનાં ભીતરી અંગો નિહાળવાનું ક્ષ-કિરણ વિજ્ઞાને સંપડાવ્યું; મનઃપ્રદેશનાં ઊંડાણ ઉઘાડાં પાડવાનું

સાધન – કારાગૃહ – ગઈ લડતે પૂરું પાડ્યું. પારકાની તેમ જ પોતાની નબળી-સબળી સમગ્ર મનઃસૃષ્ટિની આ પિછાન, આ દંભમુક્ત નિજદર્શન, એને જો આપણે 'આધ્યાત્મિક શુદ્ધીકરણ'માં ઘટાવતા હોઈએ તો પછી પેલો મતભેદ જરૂરનો નથી.

વધુ નિહાલ તો તેઓ થયા, કે જેઓને જેલોમાં ક્રિમિનલ કેદીઓનો સમાગમ જડી ગયો. પાંઉ-માખણ અને ટમેટાં-તકલીઓની નિરાળી નાની દુનિયામાં વસનારો ઊંચલા વર્ગનો કેદી જેલજગતની માનવતાને ભાગ્યે જ પેખી શકે છે.

વર્ગોની વહેંચણ કરવાનું કાર્ય તે વખતના માજિસ્ટ્રેટોના સ્વભાવમાં બની રહેલ અકસ્માતોને જ આધીન હોઈ, આ લેખક પણ અગિયાર મહિનાને માટે એ મહિમાવંત અસ્પૃશ્યો માંહેલો એકે જ હતો. છતાં એનું પ્રથમ સદ્ભાગ્ય એ હતું કે ફાંસીખાનું તથા ફાંસી-તુરંગ બેઉ એનાં પાડોશીઓ હતાં. બીજું સદ્ભાગ્ય, એને જેલરની ઑફિસમાં મળેલું કારકુનનું કામ હતું. જેલ-ઑફિસની બારી સાથે એને રોજિંદો સમાગત હતો. 'બારી' એ જે કંઈ બબડ્યા કર્યું તે એણે સંઘરી રાખ્યું હતું. આજ એને શબ્દોમાં મૂકી શકાય છે.

પણ એક સ્ફોટ થવો રહે છેઃ આ ચોપડીમાં લખ્યા તે બધા જ પ્રસંગો કંઈ અમુક કેદખાનાની 'બારી' એ કહેલા કે અમુક દીવાલોમાં જ બનેલા પ્રસંગો નથી; પાત્રો બધાં કોઈ એક જ જેલનાં નથી. 'બારી' પર કેટલાક તો માત્ર ઓળા પડ્યા હતા. એની રેખાઓ ક્ષીણ હતી, એ અસ્પષ્ટ આકારોને ઘાટી રેખાઓએ ઘૂંટવાના રંગો તો જુદી જુદી જેલોમાંથી આવેલા કેટલાક સ્નેહીઓની વાતોમાંથી મેળવ્યા છે. અમુક વ્યક્તિગત ઘટનાઓને બાદ કરતાં બાકીના તમામ પ્રસંગોને સાર્વજનિક માનસ-ચિત્રો જ બનાવવામાં આવેલ છે.

એ બધા સારા પ્રતાપ છે 'બારી'ના. 'બારી' વિના તો જેલના આંતર-જીવનનો આ છે તેટલો સંપર્ક સાધવો પણ અશક્ય બન્યો હોત. અને 'બારી' પણ કબૂલ કરશે કે એક ડાકણ અને મનુષ્ય વચ્ચેનો આ સંબંધ પણ કદાચ એની કારકિર્દીમાં આ પહેલવહેલો જ હતો.

આનાં થોડાંક પ્રકરણો પ્રથમ 'ફૂલછાબ'માં પ્રસિદ્ધ થયાં હતાં.

મુંબઈઃ ૧૫-૩-'૩૪

ઝવેરચંદ મેઘાણી

[બીજી આવૃતિ]

આ ચોપડીનું નામ બિલકુલ કવિતાહીન અને અલંકારમુક્ત છે એ પરથી આમાં કારાવાસી જીવનના રાજદ્વારી જુલમો વગેરેનું બયાન હશે એવી શંકા સહેજે જાય તેમ છે. આ પુસ્તક આલેખવામાં મારી દૃષ્ટિ રાજદ્વારી પ્રચારકાર્યની નહોતી, શુદ્ધ માનવાત્માનું સંવેદન આલેખવાની હતી. એક પક્ષ પીડક ને બીજો પક્ષ પીડિત – એવા બે વર્ગ પાડીને લખ્યું નથી.

જેલના તાળાબંધ પ્રવેશદ્વાર પાસે વહીવટકર્તાઓની ઑફિસ હોય છે, અને એ ઑફિસની બારી એ જેલ બહારની ને જેલ અંદરની દુનિયાઓ વચ્ચેનો માર્મિક સંપર્કનું એક માત્ર માધ્યમ હોય છે. ખાસ કરીને 'મુલાકાત' નામના જે કરુણ સંપર્કની બરદાસ્ત આ 'બારી' પર થાય છે તેની બરોબરી તો જીવનનું કોઈ પણ બીજું અંગ કરી શકે તેમ નથી. કોઈપણ જેલ સાહિત્યમાં એનો ચિતાર મેં જોયો નથી.

આવી એક બારી પર હું ૧૯૩૦-૩૧ ના અગિયારેક મહિના સુધી બેઠો હતો. ત્યાં બેઠાં બેઠાં મને જોવા, વિચારવા, કલ્પના તેમ જ દિલમાં ઘોળવા મળ્યું હતું એનું કલાવિધાન થાય તે માટે મારે ત્રણેક વર્ષની વાટ જોવી પડી હતી.

૧૯૩૪માં હું જ્યારે આ લખવા બેઠો ત્યારે મને જોવા મળેલા જેલ અંદરની ને જેલ બહારની સૃષ્ટિ વચ્ચેના સંપર્કના તાત્કાલિક પ્રત્યાઘાતો શમી ગયા હતા. કલાવિધાનને વિક્ષેપકર એવું કોઈ વાતાવરણ મને પર ધગધગતું નહોતું. એટલે જ પછી મેં જેલઑફિસની એ પરિચિત બારીને મોંએથી એની આત્મકથા સેરવી લીધી.

સંજોગોવસાત્ આ પુસ્તક દબાઈ ગયું અને વચમાં કેટલાંયે વર્ષો સુધી અમુદ્રિત રહ્યું. વાચકોની દુનિયામાં એની કેવી છાપ પડી તેની જાણ પણ ઘણી મોડી પડી. કલકત્તાના એક હિન્દી કલમનવેશ દ્વારા આ પુસ્તક હિન્દી ભાષામાં ઊતરી રહેલ છે. સંખ્યાબંધ અજાણ્યા વાચકોએ 'જેલ-ઑફિસની બારી'ને માટે મારાં સર્જનોમાં એક વિશિષ્ટ ને મહત્તર સ્થાનનો દાવો આગળ કર્યો છે.

આઠ વર્ષે પુનરાવૃત્તિ કરવા માટે આ પુસ્તકને વાંચી ઝીણવટથી તપાસી જતાં મને પણ આ મારા નાનકડા સર્જનની વિશિષ્ટતા સ્પર્શી ગઈ છે, ને પ્રત્યેક પુસ્તકના

નવ-સંસ્કરણ વખતે પ્રુફ-વાચનને નિમિત્તે મારે ત્રણેક વારે એ-નું એ લખાણ જોવું પડતું હોઈ હું જે અનેક ખૂંચતી કઢંગાઈઓને મારી પ્રત્યેક કૃતિમાંથી ચૂંટી કાઢવાનો સતત યત્ન સેવતો હોઉં છું, તેવી બહુ જ ઓછી કઢંગાઈઓ કે કલાવિહીનતાઓ મને આમાં નડી છે. ઓછામાં ઓછી છેકભૂંસ પછી એ પુનઃવાચકો પાસે આવે છે. રાણપુરઃ ૩-૬-૪૨

ઝવેરચંદ મેઘાણી

કેદીનું કલ્પાંત

ઊંચી ઊંચી ડાળના લીંબડા, હો ભાઈ!
ઊંચી ઊંચી ડાળના હો લીંબડા!
મારે તું વિના ન કોઈની સગાઈ રે,
જેલનાં જીવન એવાં રે.

લાખ લાખ પાંદ તારી આંખડી, હો ભાઈ!
લાખ લાખ પાંદ તારી આંખડી;
મારા ગામ તણી સીમડી કળાય રે? – જેલનાં૦

મહીસાગર તીર મારાં ખોરડાં, હો ભાઈ!
મહીસાગર તીર મારાં ખોરડાં;
એની ઓસરીએ ચાંદની ચળાય રે – જેલનાં૦

ઘરની ધણિયાણી મારી ફાતમા, હો ભાઈ!
ઘરની ધણિયાણી બીબી ફાતમા;
જોજે, ખેતર ગઈ છે કે કૂબા માંય રે – જેલનાં૦

કાસદ કરી મેલ્ય એક કાગડો, હો ભાઈ!
કાસદ દઈ મેલ્ય કાળો કાગડો;
મને એક વાર હળીમળી જાય રે – જેલનાં૦

ત્રણ ત્રણ મહિનાની મુલાકાત છે, હો ભાઈ!
ત્રણ ત્રણ મહિનાની મુલાકાત છે;
ઝીણી જાળીઓ આડેથી વાતો થાય રે – જેલનાં૦

કે'જે સીવડાવે નવાં પગરખાં, રે ભાઈ!
કે'જે સીવડાવે નવાં પગરખાં;
એના તળિયામાં રૂપૈયા રખાય રે – જેલનાં૦

રૂપિયો દેવો પડે સપાઈને, રે ભાઈ!
રૂપિયો દેવો પડે સપાઈને;
નથી દેતા તો ચામડાં ચિરાય રે – જેલનાં૦

પંદર મીલેટના મેળાપ છે, રે ભાઈ!
પંદર મીલેટના મેળાપ છે;
ભૂંડી! જાળવજે, રોઈ ના જવાય રે – જેલનાં૦

રોશું તો પડશે મને ધોકલાં રે ભાઈ!
રોશું તો પડશે ધીંગા ધોકલા;
તારી નજરું સામે એ નૈ સહાય રે – જેલનાં૦

મરિયમ નાની છે મારી દીકરી, રે ભાઈ!
મરિયમ નામે છે ડાહી દીકરી;
એને કે'જે જાળીને ન અડકાય રે – જેલનાં૦

મરિયમની કૂણી કૂણી આંગળી, રે ભાઈ!
મરિયમની કૂણી કૂણી આંગળી;
એને ટેરવે અડું તો સજા થાય રે – જેલનાં૦

મરિયમને દૂરથી બકા કરું, રે ભાઈ!
મરિયમને દૂરથી બકા કરુ,
તો તો જેલર ખારો થઈ ખિજાય રે – જેલનાં૦

પૂછીશ ના સુખદુઃખની વાતડી, રે ભાઈ!
પૂછીશ ના ભીતરની વાતડી;
મારાં માફી તણાં દનૈયાં કપાય રે – જેલનાં૦

બરધિયાને કાંધ હવે કેમ છે, રે ભાઈ!
(મારા) બરધિયાને કાંધ હવે કેમ છે?
રે'તા ભૂખ્યા કે રાતના ધરાય રે – જેલનાં૦

અરધાં ભૂખ્યાં તમે ભલે રહો, રે ભાઈ!
અરધાં ભૂખ્યાં તમે ભલે રહો
મારા બરધિયાની સાર લ્યો સવાઈ રે – જેલનાં૦

વેચો વળીઓ ને વેચો વાંસડા, હો ભાઈ!
વેચો વળીઓ ને વેચો વાંસડા
મારા બરધિયાને વરસ બે જિવાડય રે – જેલનાં૦

ફટકા ફાંસીનું શીખું કામ જો હું ભાઈ!
ફટકા ફાંસીનું બૂરું કામ જો;
વધે માફી વળી રૂપૈયા રળાય રે – જેલનાં૦

બદનામી થાય આખી જેલમાં, હો ભાઈ!
બદનામી થાય આખી જેલમાં;
પીર દાવલશા સોણલે ભળાય રે – જેલનાં૦

ઘોળી માફી ને ઘોળ્યા રૂપિયા, હો ભાઈ!
ઘોળી માફી ને ઘોળ્યા રૂપિયા;
વરસ બે તો વહી જાશે પલક માંય રે – જેલનાં૦

[લેખકના કાવ્યસંગ્રહ 'યુગવંદના'માંથી]

આંસુની મહેફિલ

શા સારુ તમે મારી જાળીમાંથી પાનની પિચકારીઓ થૂંકો છો?

તમે જેલ-ઑફિસના કારકુનો અને હું જેલ-ઑફિસની બારી, એટલે શું તમે મને નિર્લજ્જ ધારી લીધી? હું નિષ્પ્રાણ છું. લોઢા-લાકડાની બનેલી છું, અનેક ચોર-ડાકુઓની આંસુદારે ધોવાઈને દયાહીન બની ગઈ છું, મારપીટ, ગડદાપાટુ અને ગાળાગાળીની સાક્ષી છું, એટલે શું હું સ્ત્રીજાતિની મટી ગઈ છું, વીરા મારા?

તમે પાન ચાવીને મુખ રાતાં કરી કરી ઘેરથી દમામભેર ચાલ્યા આવો છો, એટલે શું એમ માનો છો કે તમારી હાજરીના ભડકા હું નથી જાણતી? જાણું છું, બધુંય જાણું છું. આ કાળમુખા સત્યાગ્રહે તમારું કામ દસગણું વધારી દીધું છે. પણ સરકાર કંઈ દિવસના પચીસ કલાકો થોડી કરી શકે છે? – તમારાં સ્ત્રી-બાળકો માંદાં મરે છે તેને માટે દવા લઈ આવવાનીય તમને વેળા નથીઃ તમારી રસોઈ કરનાર કોઈ નથી; તમે ચા પીને પેટના ખાડા પૂરો છો; ઉપર અક્કેક પાનપટ્ટી ચાવો છો; પીળી પડેલી આંખો ઘુરકાવી ઘુરકાવીને તમે એ ટોળે ટોળે આવતા ગુનેગારો ઉપર રાતાચોળ ચહેરા કરો છો; તમે અંદર અંદર કામની મારામારી ને ગાળાગાળી ચલાવો છો; એ બધું શું હું નથી ભાળતી? તમે પુરુષો થઈને આવા કાયર; ત્યારે હું નારી છતાં કેટલું સહું છું!

હા-હા-હા-હા!

તમે મારા હસવાના ખડખડાટ નહિ સાંભળતા હો, ખરું? લોઢાના સળિયા મારા કાળા કાળા દાંત છે. હું તો ડાકિની છું. હું તો તમને જૂઠું જૂઠું કહેતી હતી. મારે વળી લાગણી કેવી? જાડી જાડી દીવાલઃ એમાં જકડેલું મારું દેહપિંજરઃ લોઢાના સળિયાની બનેલી મારી પાંસળીઓઃ તેની ઉપર પણ પાછી લોઢાની નસો જેવી તારની જાળીઃ આખા દેહમાં ક્યાંય છાંટો લોહી ન મળે, કે ન મળે લોચો માંસઃ ન મળે આંખો, કે ન મળે છાતી. ફક્ત જાણે એકલું દાંતવાળું મોઢું અને તળિયા વગરની હોજરી.

સવાર પડ્યું છે. મારી પાંસળીઓની આરપાર ઠંડો પવન ફૂંકાય છે. ફૂંકો જોરથી. હજુ વધુ સુસવાટા લગાવો. જુઓ પેલા કાળમુખા કેદીઓની કતાર ચાલી જાય છે જેલની

બહારની મજૂરી ખેંચવા. જુઓ, એની છાતી ઉપર તો ચામડી છે. ચામડી ઉપર પાછાં કૂડતાં છે, તોયે જાણે પવન એનાં ખોળિયાંની આરપાર શારડી-શો છેદ પાડતો પરોવાઈ જાય છે. જુઓ જુઓ, કાળી ટોપી, લાલ ટોપી, લાલ-કાળી ટોપી, ધોળી ટોપી, પીળી ટોપીઃ ટોપી! ટોપી! ટોપી! તેની પાછળ ડંડા મારતી પીળી પગડીઃ તેની પાછળ ખાખી વેશવાળો ચાબુકદાર ચોકીદારઃ ચોકીદારનાં ચકચકતાં ચગદાં ઉપર પણ તાળું અને ચાવી કોતરેલાં! જુઓ, માનવ-પશુઓનાં ટોળાં ચાલ્યાં જાય. બેડીઓનાં ઝંકાર બોલે છે. ચાવીઓ અને તાળા ચીં ચીં કરે છે, જૂની વાર્તાઓ માંહેલી કોઈ નજીવા નગરીમાં ઢૂંઢા રાક્ષસને રાજદરબારે જાણે નાટારંભ થાય છે.

જાવા દો બેટાઓને. બપોરે તો હું આંહીં મારા ખોળામાં એમાંના કંઈકને પોસ પોસ આંસુડે રોવરાવીશ. ભલે જાય, ભલે છૂપી બીડીઓ પીએ; પગે બાધીને છૂપી બીડીઓ છોને જેલની અંદર લઈ આવે! હું ડાકિની છતાં સ્ત્રીજાત હોવાથી ન બોલી શકું તેવી ગલીચ ચાલાકી કરીને ભલે તમાકુ, ગાંજો ને અફીણ એની બુરાકોમાં ચોરી લાવે; મારો વારો તો બપોરે છે ને!

બપોર તપતા આવે છે. મારી ભૂખતરસની જ્વાલા વધતી જાય છે, મારું જઠર ‘આંસુ! આંસુ!’ અને ‘નઃશ્વાસ! નઃશ્વાસ!’ એમ ભોજન માટે પોકાર કરી રહ્યું છે. ઓ ડંડાખાન! ઓ પીળી પગડીવાલા દીનમહમદ! હવે તો મુલાકાતવાળાઓને તેડી લાવ. જો, એનાં ત્રણ ત્રણ મહિને આવેલાં સગાંઓ બહાર તાપમાં ટળવળે છે. તું તો ખૂની છે, બુઢ્ઢો છે. તોયે રહમદિલ છે. તારે તો ત્રણ વર્ષ પછી છૂટીને શાદી કરવી છે ને!

‘હાં સા’બ શાદી ક્યોં ન કરે! જરૂર કરેંગે!’

વાહ ડંડાખાન, તો બોલાવી લે મુલાકાતવાળાઓને અને એની દુવાઓ ભેગી કર, ભાઈ! હું કંઈ તારા ભલા સારું કહું છું કે દયા ખાતર કહું છું એમ ન માનતો. હું તો ચીસો પાડું છું, કે મારે તો મારું જઠર ભરવું છે; મારે આ ચોરડાકુઓનાં નઃશ્વાસ, હાહાકાર અને હૈયાફાટ વિલાપની ઉજાણી માણવી છે.

ડાંગોવાળા બારૈયાઓ, ધીંગા ધીંગા ધારાળાઓ, લૂંગી પહેરેલા મુસલમાનો, સુરમેભરી કાળી આંખો અને વાંકડિયાં ઓડિયાંવાળા પઠાણોઃ આ કોઈ નવાં ઓઢણાં પહેરીને આવેલી નવયૌવનાઓ, અને લીરા લીરા થઈ ગયેલા સાડલામાં અંગની એબ ઢાંકીને ઊભેલી બચરવાળ ઓરતોઃ આ મેલાંઘેલાં છોકરાં અને નવી આંગડી પહેરીને બાપને મળવા આવેલી કોઈક છોકરીઓઃ હા-હા-હા-હા! કેવાં એ બધાં મારી સામે મેંઢાં બનીને ઊભાં છે! આ

શેરબહાદુરી ટીકીટીકીને મને જોઈ રહેલ છે. દિલમાં થાય છે કે એ તમામને ટગવવા હું થોડી વાર મારાં બારણાં બંધ કરી દઉં, અને પછી એ સહુની આજીજીઓ ને ચીસોમાંથી મીઠું સંગીત સાંભળું. પણ ત્યાં તો –

આવો કસળાજી બારૈયા! આવો રૂપસંગ ભીલ! આવો આવો મિયાં જમાલુદ્દીન! આવો ઠાકરડા ગેમાજી!

– ચાર પાંચ કેદીઓને લઈને ડંડાખાન આવી પહોંચ્યા.

તમે પાંચેય જણા અહીં મારી પાસે જ ઊભા રહો. નહિ, નહિ, મારી બાજુમાં બીજી બારી છે ત્યાં નહિ જવાય. ત્યાં કેમ દોડયા જાઓ છો, ગમારો? આ મુકાદમ! મારો, મારો એને બે-ચાર તમાચા, અને પાછા મારી પાસે ધકેલો. સાન નથી એ જંગલીઓને કે એ બારીના સળિયા આડી મારા જેવી તારની જાળી ક્યાં ગૂંથેલી છે! પણ હું તમારી લુચ્ચાઈ સમજું છું. તમારે તો એ બારીના નર્યા સળિયામાંથી સગાંવહાલાનાં મોં ચોખ્ખેચોખ્ખાં જોવાં છે, ખરું કે? મારી જાળીમાંથી તમને એકબીજાંના શરીરો ટુકડા-ટુકડા દેખાય છે તે નહિ ગમતું હોય! તો ગુનો શીદ કર્યો? ગુનો નથી કર્યો, તો પૂરા સાક્ષીપુરાવાથી બચાવ કાં ન કર્યો? બિચારા મેજિસ્ટ્રેટની તથા પોલીસની બચરવાળ સ્થિતિનો વિચાર પણ ન કર્યો? શા સારું તમે સીધેસીધી જુબાની આપી દીધી વારુ?

માટે ચૂપ બનીને અહીં ઊભા રહો. ઓ મુકાદમ! પેલો પાંચમો ગેલિયો આવ્યો, તેને પણ આ ચારની વચ્ચે ઠાંસી દે. સમાતા નથી? તો પછી શા સારુ એનાં શરીરો એટલાં બધાં જાડાં રાખેલાં છે? રસોડામાંથી તેલ હમણાં કેમ ઓછું ચોરાય છે? સાંજની ભાજીમાં શકરિયાનાં કોઈ કોઈ બટકાં પણ શા સારું રહેવા દો છો?

હાં, કરો હવે વાર્તાલાપ. તમારી મુલાકાતો શરૂ થઈ ગઈ. તમારી પાંચની સામે પચીસ જણાં મુલાકાતિયાં ઊભાં છે. તમારી અને એની મળી ત્રીસ જીભો બની. વાહ વાહ! ચીડિયાખાનામાં જાણે ચીંકાર ચાલુ થયા. બોલો બોલો, જે પૂછવું હોય તે પાંચ મિનિટમાં પૂછી લો. જવાબ પકડવાની પરવા ન કરો. સામાં પચીસ જણાં જવાબ આપે તેમાં મારો શો ગુનો?

ક્ષુધાતુર જીભો જાણે ખાઉં ખાઉં કરતી હોય તે રીતે ચિત્કાર કરે છે. મજા આવે છે. કોઈ કોઈનું કાન પડયું સંભળાય જ નહિ. એ તમામ ચીંકારોમાંથી એક નવી ભાષા સરજાય છે. ફૂલઝરમાંથી ઝરતા રંગો સમાન એ શબ્દો –

'મારા બરધિયા શું કરે છે? એ કાકા, મારા બરધિયાને બરાબર ચારજો હો કે! હું છ મૈને બા'ર આવીને ખેતરડાં ખેડી નાખીશ. હું તૂટી મરીને પણ તમારાં નાણાં ભરી દઈશ, પણ મારા બરધિયાને ચાર નીરજો હો! એને ભૂખ્યા રે'વા દેશો મા!'

આહાહા! એટલું કહેતાં તો ગેમો બારૈયો રડી પડે છે.

ઓ મુકાદમ! નજર રાખ. આ કેદી મુલાકાત કરવા આવ્યો છે કે રડવા? માર ડંડો ને કાઢ પાછો.

પગે લાગે છે? આજીજી કરે છે? 'ભાઈસાબ, હવે નહિ રડું' એમ કહે છે? તો ઠીક, છો ઊભો.

સામેથી સગાંવહાલાં જવાબ વાળે છે કે, 'તું હેમત રાખ્ય! હેમત રાખ્ય! મરદ છો કે બૈરું! હું બા'ર જીવતો બેઠો છું તાં લગી તારા બરધિયાને શો વાંધો છે? હેમત રાખ્ય ન સજા ભોગવી કાઢ્ય, ભૂંડા!'

ઘૂમટો કાઢીને પેલી રૂપસંગ ભીલની બૈરી ઊભી છે. એકબીજાને નીરખે છે. અરે, ડાહ્યો રૂપસંગ ભીલ પણ રડી પડે છે! શાબાશ, મારા પથ્થરો રૂપસંગ ભીલને આંસુડે ભીના થયાં, એ મારો વિજય કંઈ જેવો તેવો છે? સાવજ સરખો રૂપસંગ ચોધાર આંસુડે પેલી ઘૂમટાવાળીને કરગરે છે કે 'અરે ભૂંડી, ત્રણ મૈનાની મુલાકાતમાં પણ તું ના આવે! મોઢુંય ન બતાવે! મારાં છોકરાંની ખબરેય ના આલે?'

'શું કરું?' ઘૂમટાવાળી રડતી રડતી કહે છેઃ 'રેલભાડાનાં નાણાં નૂતાં, તે મેં મારાં કડલાં મેલીને ભાડું જોગવ્યું. અને દીચરી તો પંદર દી પેલાં માતામાં ગુજરી જઈ –'

– અને રૂપસંગની આંખોએ ઝરા વહેતા મૂક્યા.

મુકાદમ! ઓ મુકાદમ! આ રડે છે, મુલાકાતમાં રડે છે! લગાવ એને ધોકલા. એની બૈરી દેખે તેમ લગાવ. જોજો મોટો મુછાળો થયો છે અને રડે છે! મારો એને, પાછો કાઢી મૂકો.

બારણાં સુધી જઈને વળી એ કેમ ઊભો રહે છે? ત્યાં દૂરથી બીજી બારી સોંસરવી નજર માંડીને કેમ એ એની બૈરીને જોઈ લે છે? એની મુલાકાત પૂરી થયા પછી એનાથી આવું તારામૈત્રક થઈ શકે કે? કાયદો શા માટે શિથિલ કરી મૂકો છો, મુકાદમ? આ તે જેલ છે કે બૈરી સાથે પ્રેમની નજર ખેલવાનું ભીલડાંનું ખેતર છે? દીચરી મરી

ગઈ તેમાં આંહીં શાનો રડવા બેઠો? બહાર નીકળે તે દા'ડે પોક મૂકી મૂકીને દીચરીને સંભારજે ને!

શા સારું આવી મુલાકાતો જ થવા દેવી? હવે ચાર દિવસ સુધી રૂપસંગ ભીલડો સરખું કામ નહિ કરી શકે. તમે મારી મારીને તે એને કેટલો મારશો?

સાંજના ઓળા ઊતરે છે. પચીસ જણાની આવી મુલાકાતો પતી જાય છે. કેદીઓની ચોપડીઓમાં 'ત્રૈમાસિક મુલાકાત આપી' તેવી છાપ છપાઈને જેલરની સહી થઈ જાય છે. રાત્રિના અંધારામાં હું એકલી પડીને એ ચોપડીઓ સામે તાકું છું. પવનને બોલાવીને એ ચોપડીઓનાં પાનાં ઉરાડાવી મશ્કરી કરાવું છું. એટલાં બધાં એ ચોપડીનાં ખાનાંની અંદર ખરાં ખાનાં તો આંકેલાં જ નથી ના! આંસુનાં ટીપાંની સંખ્યા મૂકવાનું ખાનું ક્યાં? રૂપસંગની દીચરી મરી ગઈ એનું ખાનું ક્યાં? મુલાકાત કરતાં કરતાં રખે રડી પડશું તો પાછળથી ધોકા લાગશે, એવી બીકે ગેમાએ કેટલી વાર પછવાડે જોયા કર્યું તેની નોંધ ક્યાં? જમાલુદ્દીન મિયાંના દિલના ધબકારા કેટલા ગણા વધી ગયા હતા તેની તો નોંધ જ નહિ ને?

અંધારે બેઠી બેઠી હું એ આંસુઓને મારા ખોળામાંથી વીણી વીણીને ગણું છું. અંધારે એ ટીપાં સરોવરની માછલીઓ જેવાં ચોખ્ખાં ચળકે છે. એ એક્કેક ટીપામાં જુદા જુદા આકારો દેખાય છેઃ કોઈમાં બરધિયાઃ કોઈમાં ખેતરઃ કોઈમાં પાંચીકે રમતી નાની દીચરીઃ કોઈમાં વળી મૂએલી પુત્રીનું મડદઃ કોઈમાં કબાલો લેવા ઘેરે આવી ઊભેલો વિકરાળ સંધીઃ તો કોઈમાં વળી ઘરમાં બે ઠામડાંની જપ્તી કરતા સિપાહીદાદાઃ નદી કાંઠે નાનાં ગામડાં, ગારાનાં ભૂખરાં ખોરડાં, ખોરડામાં પડેલી સુવાવડી બાયડીઃ એવા તો અપરંપાર આકારો.

આંસુના પ્રત્યેક બિંદુને હું નિહાળીને જોઉં છું. એ તો મારી રોજની કમાણીનાં રત્નો છે. દિવસવેળા એ ધગધગતા છાંટા પડતા મારા ખોળાનો ચૂનો પણ ખદખદી જાય છે. છતાં હું ધીરજ ધરીને સહી સહી સંઘરું છું. પછી એ થીજેલાં ટીપાંની અંદર આખી રાત આવી રીતના આકારો પ્રકટતા જોવાની લહેર આવે છે. મારી એ કમાણી જોઈ જોઈ હું છાનીમાની ફુલાઉં છું. ચાલતું હોત તો એ ટીપાંનો હાર પરોવીને મારે સળિયે તોરણ બાંધત. પણ પચાસ વર્ષોથી એકઠાં થતાં એ આભરણોને હું ક્યાં સમાવત! જોઈને કેટલાય લોકો ઈર્ષ્યાથી ફાટી પડત. પેલો ફાંસી દેનારો કસાઈ કેદી જો જોઈ જાત તો ચોરી કરીને ઉઠાવી જાત. રાતભર મારો ખજાનો નીરખી નીરખીને પ્રભાતે પાછું જાણે કશું જ બન્યું નથી. મારી કને ગુપ્ત કશી સંપત્તિ નથી – એવી ચાલાકી કરીને હું કેવી ડાહીડમરી થઈ

ઊભી રહું છું.

ફરી પાછી ફિક્કી આંખોવાળા કારકુનોના મોંમાંથી પાનની પિચકારીઓ મારી જાળી પર છંટાવી શરૂ થાય છે, ને હું થરથરી ઊઠી પુકારું છું કે શા સારું મને અબળાને સંતાપો છો? હું જેલની બારી એટલે શું મને હીન, અકુલીન માની લીધી? નીચા કુળની બધીને જ શું તમે ભ્રષ્ટ સમજો છો? તમારી જુવાનીમાં તે હવે એવું શું બળ્યું છે કે તમે પાનબીડી ચાવો છો ને પિચકારીઓ છાંટો છો?

વાલિયાની દીચરી

હાથ પછવાડે રાખો! મુલાકાત કરવા આવનારા કેદીઓ, તમે જો તમારા હાથ પછવાડે નહિ રાખો તો તમારી હાલત વાલિયા કોળીના જેવી બનવાની.

વાલિયાની વહુ હમણાં જ મુલાકાતે આવીને ગઈ. હોંશે હોંશે એ નાની દીચરીને સાથે તેડી લાવી હતી. વાલિયા કોળીની દીકરી, ચોરની દીકરી, એને ચતુરાઈ તો ક્યાંથી હોય! ગંદા ઉઘાડા પગ હતાઃ એક ફાટેલું કેડિયું પહેરાવ્યું હતું પણ માથા ઉપર એ ગુલાબી રંગની સોનાસળીનો કટકો ક્યાંથી ઓઢાડેલો હશે? મને તો જોતાં જ લાગ્યું કે જાણે કોઈ ઝાંપડાએ સ્મશાનમાંથી ઉઠાવી લીધેલો એ નવો નકોર ટુકડો વાલિયાની વહુએ વેચાતો લઈ લીધો હશે.

ઉંદરિયાળા, ગૂમડે સડી પડેલા માથામાં એક તો વાળ વિનાનો મૂંડો અને તે ઉપર ઓઢાડેલી ગુલાબી સોનાસળી! આંખોમાં ચીપડાઃ નાકમાં લીંટઃ વણનહાયા શરીર પર વળી ગયેલી છારીઃ ગંધાતું મોઢું વાહ, શાં રૂપ વાલિયા કોળીની છોકરીનાં! મા જરા ઠીંગણી ખરી ને, એટલે મારા સુધી છોકરી પહોંચી નહિ; છોકરી એના બાપને જોવા સારુ તલખે, એટલે માએ એને બે હાથે તેડી ઊંચી કરેલી. છોકરી મારી આરપાર ઑફિસમાં નજર કરતી હતી. હેં મા, બાપો આંહીં રહે છે? આ ઘર માર બાપનું, હેં માડી? અહા! આંહીં તો ખુરસીઓ છે, કબાટ છે, ચૂનાની ધોળી ભીંતો છે. બાપા આવા રૂપાળા ઘરમાં રે'છે, હેં માડી? – આવું આવું એ મનમાં ને મનમાં બોલતી હતી. તમને કોઈને એ સંભળાય; હું સાંભળતી હતી.

ત્યાં વાલિયો કોળી આવી પહોંચ્યો. આજ મારા ઉપર પાંચ-પાંચની ભીડાભીડ નહોતી. વાલિયાને જોતાં જ પેલી ગંદી ગોબરી અને કદરૂપી છોકરી 'મા! બાપો!' 'માડી! બાપો!' કરતી મારા સળિયાને બાઝી પડી. એની આંગળીનાં ચારપાંચ ટેરવાં મારી જાળીનાં છિદ્રોમાંથી અંદર ડોકાયાં. મને મનમાં હતું કે આંગળીઓને કરડી જાઉં. પણ તમે માનશો? મારા લોઢાના સવિયા જાણે ઊલટાના ઓગળી જઈ ટપકી પડશે એવું મને લાગ્યું. એમાં પણ વધુ તો મને ત્યારે લાગ્યો, જ્યારે વાલિયાએ પીઠ પછવાડે હાથ રાખવાનો કાયદો વીસરી જઈને એ છોકરીનાં ટેરવાંને લગરીક પોતાના હાથ અડકાડયા.

હાય હાય! હું ખરું કહું છું કે એ બાપ-દીકરીનાં આંગળાંના સ્પર્શે મને હતી – ન હતી કરી નાખી હોત. મારા લોઢાને તો એ સ્પર્શમાંથી કોઈ અસહ્ય મમતાનો પ્રવાહ ઝરતો લાગ્યો. પણ એ કાયદા વિરુદ્ધનું કરતુક મુકાદમે વખતસર પકડી પાડયું, અને પછી તો – 'હિ! હિ! હિ! હિ! હિ! હિ! – હસવું ખાળી શકતી નથી. વાહ! કેવા જોરથી મુકાદમે વાલિયાના માથા પર અડબોત લગાવી! અને કેવા ફક્કડ શબ્દો કહ્યાઃ 'સાલ્લા! તું આંહીં પણ તારી ચાલાકી નથી છોડતો! તારા બાપનું ઘર છે આંહીં, તે છોકરીની આંગળીઓ પંપાળવા મંડી પડયો! એટલું બધું હેત ઉભરાઈ જાય છે ત્યારે ચોરી શા સારુ કરી! ચાલ! પીછે હાથ! દૂર ખડો રહે!'

માથા પરથી પડી ગયેલી ટોપી ઉપાડીને પગે લાગતો વાલિયો કંઈ સમજ્યો જ નહિ કે એણે પોતે કેવો ગંભીર નિયમભંગ કર્યો હતો. એ મારાથી એક હાથ દૂર ઊભો રહ્યો શું થયું તે કશું જ સમજ્યા વગર બહાર ઊભેલાં મા અને દીકરી પણ સ્તબ્ધ બની ગયાં. મારી બંને બાજુએ, અંદર તેમજ બહાર, ફક્કડ હસાહસ ચાલી. બધા જ આ તમાશો દેખીને રાજી થયા. વાલિયો તો એટલો બધો હેબતાઈ ગયો કે મુલાકાતની મિનિટો ચાલી જતી હતી છતાં બાયડીની સાથે એક બોલ પણ ન બોલી શક્યો. કશુંક કહેવું હતું તે તમામ ભૂલી ગયો. હાથ પછવાડે રાખવાની સાથોસાથ જીભ પણ મોંમાં રહી ગઈ. વાલિયો બાઘા જેવો બની ગયો.

'માડી, બાપો! માડી, બાપો!' એમ કહેતી એ ગોબરી છોકરી માના હાથમાંથી મારા સળિયાને બાઝવા તરફડતી હતી. મા એને જકડી રાખતી હતી. ત્યાં તો, 'ચલે જાવ! ચલે જાવ! લે જાવ! મુલાકાત હો ગઈ!' એવો મુકાદમનો હુકમ થયો. પણ વાલિયાએ બીજી ભૂલ કરી પાછે પગલે મારી પાસેથી ખસતાં ખસતાં એણે છોકરીને, જીભ વતી ડચકારા – ગોવાળ બકરાંને જેવા ડચકારા કરે તેવા ડચકારા – સંભળાવ્યા. અને ફરી વાર પાછી મુકાદમની થપ્પડ ખાધી.

અરે વાલિયા! હું પૂછું છું કે તને આવી ગોબરી કદરૂપી છોકરી ઉપર શા સારું આટલું બધું વહાલ ઊભરાયું? તારી દીકરીનું મોં ક્યાં ગુલાબના ગોટા જેવું હતું? ક્યાં એના માથા ઉપર સેંથો પાડીને ઓળેલા 'બોબ્ડ' વાળ હતા? ક્યાં એણે આસમાની રંગનું ફરાક અને લીલાં મોજાં પહેર્યાં હતાં? એ ક્યાંકાલું કાલું મીઠું બોલતી હતી? હું તો અજાયબ થઈ રહી છું કે તમારા જેવા ભયંકર ગુનેગારોના હૈયાંમાં પણ આટલી બધી કુમાશ ક્યાંથી? ગેમાજી બારૈયો એના બરધિયાને સંભારીને રડયો, રૂપસંગ ભીલડો એની કાળુડી વહુને દેખીને પીગળી ગયો, તું વાલિયો ઉઠીને આજ ગંધાતી છોકરીની મેલી

આંગળીઓની માયામાં ફસાયોઃ એ તે શું કહેવાય? તમને ય શું સંસારી સ્નેહ આટલા બધા વળગ્યા છે? તમને ઘરબાર અને ખેતરઢાંઢા સાથે કેમ આટલી ગાઢ મમતા બંધાઈ છે? તમારી વિકરાળતા શું બહારની જ છે? પ્રેમ નામની પોચી માટી શું તમારા પાષાણી સીનાની પછવાડે પણ પડી છે? ત્યારે તો તમે સાચા ઘાતકી નહિ, જૂઠા! જૂઠા! જૂઠા! ક્રૂરતાનો તો તમે દેખાવ જ કરો છો. તમારી કાળાશ છેતરામણી છે.

એ બધું મારા જેવું જ. કોઈને કહેશો નહિ હો! હું પણ એટલી જ પોચી છું. હું જેલની બારી હોવાથી જૂઠેજૂઠો દમ રાખું છું. નિર્દયતાનો દમામ બતાવી ને હું અંદરથી મારી કૂણપને કચરવા મથું છું. મનમાં માનું છું કે રોજેરોજ આવા હૃદયવિદારણ દેખાવો દેખીદેખીને હું નિષ્ઠુર બની જઈશ. આ મુકાદમોની માફક. પણ અરેરે! મુકાદમો તો માનવીઓ છે. માનવીઓ તો જેવી ધારણા રાખે તેવાં બની શકે છે. પણ અમે લોહ-પથ્થરનાં પ્રાણીઓ ખરે ટાણે ટક્કર ઝીલી શકતાં નથી, અમારાં હૈયાં ભાંગી પડે છે. આજ વાલિયા કોળીની અને એની ગંધાતી પુત્રીની આંગળીઓ અડકી હતી ત્યારે તેમાં જાણે કોઈ જુગજુગનાં વિયોગી પિતા-બાલકની મિલન-જ્વાલા સળગી ઊઠી હતી . મારા સળિયા એ અંગારની ભઠ્ઠીમાં પ્રવાહી બનીને રેલાઈ જાત. સારું થયું કે મુકાદમની દૃષ્ટિ વખતસર પડી.

હજુ મને એક મોટો ભય છે. વાલિયો મારા ખોળામાં રડી ન પડયો. એ વાત સારી ન કહેવાય. આંસુડાં દડયાં હોત તો મારી મૂડી વધત અને તેનું હૈયું ખળખળી હળવું બની જાત. એ ન બન્યું, એટલે હવે વાલિયાને રાતે સ્વપ્નાં દેખાશે. એ ઊઠી ઊઠીને આખી રાત જાણે મુલાકાત આવી હોય તેમ બુરાકની અંદર દોડશે અને ચીસેચીસ પાડશે. મુકાદમોને દોડાદોડ થઈ પડશે. ઠંડીમાં સૂતેલા વૉર્ડરોને એવે ટાણે ત્યાં જઈ ચાબુક ચલાવવો પડશે. એટલી બધી તરખડ!

હરખો ઢેડો

જલદી બોલાવો, હરખા ઢેડાને તાકીદથી તેડી લાવો. એની વહુ મુલાકાતે આવી છે. ત્રણ મહિનાથી હરખો ઢેડો ઝૂરે છે. એ પાગલ બની જશે.

આ હરખો આવ્યો. જાણે પાંચ ગાઉની દોડ કરીને આવી પહોંચ્યો હોય તેટલા બધા થડકારા એની છાતીમાં ચાલી રહ્યા છે. એ ફાંકડા જુવાનના માથા પર ફક્ત પીળી જ ટોપી હતી એમ ન માનશો. ટોપી અરધી કાળી ને વળી અરધી પીળી હતી. હરખા ઢેડાની આ બીજી વારની જાત્રા હતી એટલે કાળો રંગ; અને દસ વરસની સજા હતી તેનો પીળો રંગ.

પણ હરખાને દસ વરસની શી પરવા હતી! એને તો છેલ્લા ત્રણ મહિના જ જન્મટીપ જેવા દોહ્યલા ગયા હતા, કેમ કે એની ઓરતે કોઈ બીજાનું ઘર માંડયાની વાત એણે સાંભળી હતી. મારી આરપાર જ્યારે એ બેઉ જણાંની આંખો મળી ત્યારે જાણે કે એચારેય આંખો વચ્ચે પ્યાર શોષવાની નળી સંધાઈ ન ગઈ હોય, તેમ ધોધેધોધ અશ્રુધારા વહેતી હતી. અને હરખો વલવલતે કંઠે કહી રહ્યા હતો કે ‘અરેરે! તેં મને ખબર પણ ન લખ્યા? તું મને પૂછવા પણ ન રોકાઈ? તું મને જીવતો મેલીને બીજાને ગઈ?’

સામેથી હરખાની જુવાન માશૂક જવાબ આપી રહી છેઃ ‘હું શું કરું? દસ વરસનો ગાળો હું ત્રણ છોકરાંને લઈને કેવી રીતે વટાવું! પેટગુજારો કરવાની દશ્ય સૂઝતી નો’તી. તેથી જ હું પારકાની ઓથે ગઈ છું. પણ તું નીકળીશ કે તરત જ હું પાછી તારી થઈ જઈશ. તું મૂંઝા મા!’

‘હેં! સાચે સાચે તું મારી થઈશ?’ હરખા ઢેડાની ત્રણ મહિનાની માંદગી એક પલકમાં ચાલી ગઈ. એના મોં ઉપર લાલચટક લોહી ચડી આવ્યું. ‘તું મારી થઈશ?’

‘હા, હા, મનથી તો હું તારી જ છું ને તારી જ રહીશ.’

હજુ તો હરખાની દસ વરસની ટીપમાંથી નવ જ માસ વીત્યા હતા. સવા નવ વર્ષોનો એક મોટો જુગ બાકી હતો, પણ એ સવાનવ વર્ષો એની વહુના મોંની એક જ ફૂંકથી કોઈ ફોતરાંની પેઠે ક્યાંય ઊડી ગયાં. સવાનવ વર્ષોની જીવતી કબરમાં દટાયેલો

હરખો 'હું તારી જ રહીશ' એ વફાઈના વેણ ઉપર થનગની ઊઠ્યો. સમયનું લંબાણ એને મન મિથ્યા બની ગયું. મહાસાગર ઉપર જાણે કે દોટ કાઢીને સામે પાર પહોંચી જવાય તેવો સેતુ બંધાઈ ગયો.

'તું મારી જ રહીશ?'

'હા, તારી જ છું ને તારી જ રહીશ.'

બસ, હરખાને બીજી શી ચિંતા હતી? ધાવણું બાળ માતાને ધાવીને મોટું થાય, તેમ હરખો પણ પ્યારની આસ્થાને પોષણે સવાનવ વર્ષો કાપશે. એને કલ્પના પણ ન રહી કે સવાનવ વર્ષોમાં તો બીમારી આવશે કે મોતનું બિછાનું પથરાશે. દરમિયાન પેટગુજારાને કારણે પારકી બનેલી પ્રિયા ફરી કદાચ મળવા પણ નહિ આવી શકે. 'કાંઈ ચિંતા નહિ. હરખો ઢેડો કંદીઓનાં પાયખાનાં સાફ કર્યા જ કરશે, પેશાબની કૂંડીઓ ઉલેચ્યા જ કરશે, મેલાંનાં કૂંડાં પેટીમાં ઠાલવ્યા જ કરશે, મેલાંની પેટી રોજ રોજ ખાડામાં દાટ્યા જ કરશે, કૂંડાંને તથા કૂંડીને ફિનાઈલનાં પોતાં ફેરવ્યા જ કરશે. સવાર-સાંજ રોટલા-દાળ મળશે તે સંડાસોની પછવાડે બેસીને ખાઈ લેશે. એ કોઈને ફરિયાદ નહીં કરે કે હું કોળી છું છતાં મને ઢેડાનું કાં સોંપો? કામ સોંપ્યું પણ મને પંગતમાંથી જુદો કાં તારવો? મને તારવ્યો તે ય ઠીક, પણ 'ઢેડા!' કહી કાં બોલાવો? મને 'હરખો' જ કહો ને!'

ના, ના, હરખાને આ વાતની પરવા હવે નથી રહી.

પ્રથમ જ્યારે બૈરીએ પૂછ્યું કે 'તને શીનું કામ કરાવે છે?' ત્યારે હરખો ઝંખવાણો પડી ગયો હતો. એણે નીચું જોઈ જવાબ આપ્યો હતો કે 'મેલું સાફ કરવાનું.' પણ ઘેરદાર ઘાઘરાવાળી હરખાની પ્રિયા જરીકે સુગાઈ નહોતી. એણે કહ્યું હતું કે 'કાંઈ ફકર નહિ. તું તારે એ કામ કરજે. પણ તેં માળા પે'રી હતી તેનું કેમ?'

હરખાએ કહ્યુંઃ 'એ તો મેં આ કામ મને સોંપાયું તે જ દા'ડે બીજા કેદીને આપી દીધી છે. તું શું મને એવો અબુધ જાણછ કે હું તળશીના પારાની માળા પે'રીને મેલું ઉપાડું?'

'ના રે ના! તું એવો અબુધ નો'ય રે નો'ય. હું તને ઓળખું છું.'

આ બન્ને જણાં આમ ક્યાં સુધી વાતો કરશે? હું જેલ-ઑફિસની નિષ્ઠુર નિષ્પ્રાણ બારી આવા પ્યારના શ્વાસોચ્છ્વાસ ક્યાં સુધી સહન કરીશ? મને ૭૫-૧૦૦ વર્ષ થઈ ગયાં. બુઢાપો આવ્યો, છતાં મારે કેવી ગુફતેગોને કાનમાં ઝીલવી પડે છે! જેલની

બીજી બધી બારીઓ સુખી છે, ભાગ્યશાળી છે, કે એને રોજેરોજ તો શું, કદીય આવા સુંવાળા ભાવઉછાળાના મર્માઘાતો સહન કરવા પડતા નથી. મારે તો હંમેશાં ને હંમેશાં રિબાવું જ રહ્યું. હું કહું છું કે મારે હૈયું નથી. હું નિષ્ઠુર છું; પણ આ બધાં મુલાકાતિયાં પ્રેમીજનો નાહક મને દુવાઓ દઈ રહ્યાં છે. મને એ પોતાનાં દિલ ખોલવાનું એકનું એક ઠેકાણું સમજે છે. મારે ખોળે એ અંતરની યાતનાઓ ને ગુપ્ત વેદનાઓ ઠાવલે છે. મને પોતાની રહસ્ય-સખી સમજે છે. આ બધો જશ મારે નથી જોઈતો. ઓ મુકાદમ! હવે આ હરખા-હરખીનાં ટાયલાં બંધ કરાવ ને, બાપુ!

પણ આજ તો મુકાદમ મીની જેવો બનયો છે. આજે તો જેલર આવી ગયા છે. મારા જેવડો જ જઈફ જેલરઃ પણ એ શાનો આ હરખા-હરખીને અટકાવે? એ કાંઈ ઓછો રસિકડો છે! કોઈ જુવાન જોડલું જોયું એટલે બસ ચાહે ત્યાં સુધી વાર્તાલાપ ચલાવવાની છૂટ! જુવાન જોડલાને જોતાં જ એને પોતાની જુવાની યાદ આવે છે ને એ દરેક જુવાનિયાની મુલાકાત દ્વારા પોતાના યૌવન-સુખની મધુરી ઘડીઓ જીવી કાઢે છે. અરેરે! કેદીઓયે આવા કોમળ, અને ત્રીસ વરસનો અનુભવી જેલર પણ આખરે તો આવું કબૂતર જેવું કલેજું રાખીને બેઠો છે, ત્યાં મારું એકલીનું શું ચાલે? આંહીં જો આટલા આટલા પ્રયત્નો થયા પછી પણ માનવતા આમ જીવતી રહેતી હોય, તો પછી આ કારાગૃહોનું જ શું કામ છે?

ઉપદેશક દાદા

પેલા બુઢ્ઢા શહેરીઓ આંહી દર રવિવારે કેદીઓ પાસે ભાષણ કરવા આવે છે. કેદીઓને કામકાજના બદલામાં મહિને પાયલી-બે આની મળે છે તે ખરચાવીને આ બુઢ્ઢાજી ભગવદ્ગીતા ખરીદાવે છે. એ બાપડા રાજના નીમેલા માણસ અને વળી વયોવૃદ્ધ, એટલે એને કેદીઓ અદબ રાખીને સાંભળે છે. ન સાંભળે તો જાય ક્યાં? ધોકા ખાવા પડે, ખબર છે?

બુઢ્ઢાજી એક કલાકનો બોધ આપીને ઘેર જાય છે ત્યારે પોતે સમજે છે કે ગંભીર મોઢાં રાખીને દયામણા થઈ ઊભેલા ગુનેગારો સ્વર્ગના વિમાનમાં ચડી જવા જેટલા પુનિત બની ગયા! ઓ બુઢ્ઢાજી, તમે ભથ્થાના પાંચ રૂપિયા ગજવામાં મૂક્યા એ જ સાચી સિદ્ધિ છે હો! બાકીનું બધુ તો મૃગજળ છે. તમારા સદ્બોધનાં પુણ્યનીર એ લોકોનાં કલેજાં સુધી ટપકી શકે તે પહેલાં તો પથ્થરોના થરોના થરો ભેદાવા જોઈએ.

ને એ શું તમે ભેદી શકવાના હતા? પાંચ રૂપિયાનો તમારા કનેથી વેચાતો લીધેલો સદુપદેશ જો તેઓને સુધારી નાખતો હોત તો જેલો જલદી બંધ કરવી પડત. ને ઓ બુઢ્ઢાજી રે! તેઓ તો એટલા બધા ગમાર છે કે તમારા ઉપદેશના અમૃત કરતાં ક્ષુદ્ર બે તોલા મીઠા તેલવાળા શાકની તેઓને વધુ લાલસા રહે છે. તેઓના તેલમસાલા તો કંઈ તમારા ઉપદેશ જેવા થોડા છે? તમારા શ્રીમુખમાંથી સરતી સદ્બોધ-ધારા જેમ સીધેસીધી શ્રોતાઓના કાનનાં કાણાંમાં રેડાઈ જાય છે તેમ એ તેલમસાલા પણ કોઠારમાંથી સીધાં તેઓના પેટમાં થોડાં પડે છે? વચ્ચે કેટલી કેટલી ક્રિયાઓ ચાલે છે તેની તમને શું ખબર જ નથી?

તેલ અને મસાલા કોઠારમાંથી નીકળી, વીશીમાં જઈ શાકદાળમાં પડે તે પહેલાં તો બીજી અનેક પેટા-નળીઓ એને પોતાના તરફ વાળી લે છે, અને કેદીઓના તાંસળાંમાં પહોંચે છે ત્યારે તો એ જળ-નિમગ્ન શ્યામસ્વરૂપ ભાજીમાં કોઈ કોઈ હીરાકણીઓ જેવાં તેલ-બિંદુઓ તરતાં હોય છે, ને કોઈક કોઈક મરચાંની કણીઓ, નવયૌવનાઓનાં લલાટની ઝીણી કંકુ-ટીલડીઓ જેવી, ઝળક ઝળક થતી હોય છે. પણ મૂરખ કેદીજનો એકબીજી ઇંદ્રિયો વચ્ચે કૃત્રિમ ભેદો રાખી રહ્યા છે ખરા ને, એટલે પરમ બોધ-સુધાનું શ્રવણપાન કરતાં છતાં તે ગમારો ભાજીમાં ભળેલાં ધુમાડાની દુર્ગંધને ભૂલી શકતા નથી. એ તમને

વીનવું છું કે 'અમને સારી ભાજી મળે તેવું કરી આપો ને, ભાઈ સાહેબો!'

ઉપદેશક ધર્માત્માઓ પાસે સંસારી ગંધાતી ભાજીની વાત કરવી, એ કેવી બેવકૂફી! સુવર્ણ વેચનારા શું બકાલું તોળવા બેસે? સ્વર્ગની સીડી બતાવવા જનારની પાસે પણ 'ખાઉં! ખાઉં!' કરવાની જ વાત? ભાજી ગંધાતી હોય, ઇયળો અને લીમડાંના પાદડાંથી ભરેલી હોય, તો તેથી શું થઈ ગયું? શરીરમાં ગયા પછી શું એ ભાજી નથી ગંધાઈ જવાની? ભાજીમાં ધુમાડો બેસી જાય છે તો તેથી શું? સંસાર પોતે જ શું એક ધુમાડાનો માયાવી પુંજ નથી?

પણ ઓ ઉપદેશક સાહેબો! હું તો સમજું છું; રોજરોજ મારી સામે ટોળે વળતાં મુલાકાતિયાંની વાતો, અશ્રુધારો, વેદનાઓ અને મૂંઝવણો પરથી હું તો સમજું છું કે આમાંના ઘણાખરા હજું તો 'ખાઉં! ખાઉં!'ની જ ક્ષુદ્ર દુનિયામાં સબડી રહેલ છે. રોટલો મેળવવાના જ આ તરફડાટો છે. અંગો નિચોવી નિચોવીને, હાડપિંજરો બની બનીને પણ એ જ્યારે રોટલો પામતાં નથી ત્યારે પછી આત્મા જેવા અમૂલખ હીરાને તેઓ વટાવે છે, ચોરી કરે છે. અરેરે હાડકાના માળખાને સારુ, મળમૂત્રના કૂંપા જેવા આ શરીરને સારું એ પાપિયાઓ આત્માને વેચે છે, ચોરી કરે છે, પારકાના ખેતરને શેઢે બળધિયા ચારવા જાય છે, ટંટે ચડે છે, લાકડીઓ મારે છે, પછી આંહીં આવે છે, કેમ કે, આંહીં રોટલી મળે છે. ઉપદેશક બુઢ્ઢાજી! આપની પાસેથી એ લોકો આત્મ-સુધારણાનું કામ મુકાવી દઈ એની શાકભાજીની સુધારણાનું કામ લેવરાવવા માગે છે. શી વિવેકશૂન્યતા!

આવા ભાજીભાજાંના લોલુપોની પાસે આવવામાં આપની શી શોભા છે? નર્યા દેહનું જ દુઃખ વિચારવા ટેવાયેલા આ પતિતો આપને સહુને પણ કાળા કોટપાટલૂનવાળા અથવા સોનેરી પાઘડી-દુપટ્ટાવાળા નર્યા દેહરૂપે જ ઓળખે છે. આપની વાચા કહે છે કે તે આત્મામાંથી નહિ પણ સવારના પહોરમાં ચાનાસ્તો ચડાવીને ગાડીમાં બેસી આવેલા આપના દેહમાંથી જ વહે છે, એવી ભ્રમણામાં પડીને, એ બધા ભૂખના માર્યા આપના ઉપર દાંત કચકચાવે છે. 'મારો સાલાઓને!' એવી છૂપીછૂપી વાતો કરે છે. આપ હમણાં આપની ભગવદ્ગીતા લઈને પાછા ચાલ્યા જાઓ. હમણાં થોડો વખત આવશો નહિ. અમારા ડંડાધારીઓ પાછા એ લોકોને ડંડાબેડી, ટાટ કપડાં, અંધારી ખોલી, વગેરે દવાની યાકુતીઓ આપીને દાળભાજીમાં બદબો સૂંઘવાની તેઓની બીમારીને ઠેકાણે ન લાવે ત્યાં સુધી આપ આવું આત્માનું અમૂલખ ઓષધ ઢોળવા અહીં આવશો નહિ.

ઊપડતે પગલે આપને સ્ટેશન તરફ ચાલી નીકળતાં હું જોઉં છું અને પાછી

હરખા ઢેડાની વાત યાદ કરું છું. એની વહુ તો ચાલી ગઈ છે, પણ હરખાના મુખ પર કેટલી અલૌકિક ઝલક મૂકતી ગઈ છે! ત્રણ મહિનાથી હરખો ઢેડો આખો દિવસ ફક્ત લંગોટભર કમ્પાઉંડમાં આંટો મારતો, આંખો અંતરીક્ષમાં તાકતો, હોઠ ફફડાવતો કશુંક બબડયા કરતો અને પછી આખી રાત એની કોટડીના બારણાના સળિયા ઝાલીને બેઠો રહેતો; કહેતો હતો કે 'હવે મને નવ વરસ સુધી નીંદર નથી આવવાનીઃ નવમે વર્ષે હું છૂટીશ, શરીરે ભસ્મ લગાવીશ, છાતી ઉપર એક છૂરો છુપાવીશ, અરધી રાતે પેલાને ઘેર પહોંચીશ – જેણે મારી ઓરતને રાખી લીધી છે, એની છાતીમાં છૂરો હુલાવીને મારી ઓરતને હું પાછી લઈ આવીશ.'

કોઈએ કહેલું : 'અરે હરખા! તને ફાંસી મળશે.'

'મળવા દો, સા'બ! આંઈ કિયાને જીવવું છે? હું જાણું છું કે મારું મોત આંઈ જ માંડેલું છે. પણ મારી ઓરતને તો હું પાછી લાવવાનો જ લાવવાનો.'

આવો વિકરાળ, ઝનૂની, ઓરતને પોતાની મિલકત માનનાર હરખો, 'હું તારી બનીને પાછી આવીશ' એ એક જ બોલથી બદલી ગયો. નવ વરસ પછી જે પાછી આવવાની છે તે કેમ જાણે અત્યારથી જ પોતાની બાથમાં સમાઈ હોય એવી સુખલહરીઓ એના અંતરમાં વાય છે. ઓ હરખા! તું કેટલો કમઅક્કલ છે! હિંદુ ભરથાર તો મરી ગયા પછી સાતમી નરકે બેઠો બેઠો પણ પોતાની, પૃથ્વી પર પડેલી સ્ત્રી પાસે સતીત્વ પળાવે છે. અંધારે ખૂણે એક વર્ષ પર્યંત એને બેસારી રાખે છે, પછી એના હાથનાં કંકણ ભંગાવે છે, માથાના કેશ છોલાવે છે, ને મૃત્યુ પર્યંત પોતાના જ જાપ એ બાયડી પાસે જપાવે છે. એનાં સગાંવહાલાંને, દેવદેવલાંને, જ્ઞાતિજનોને, સહુને એ ભલામણ કરતો જાય છે કે, ખબરદાર! મારી પરણેલી બાયડીને ભૂખે મરતી હોય છતાં એનું પતિવ્રત છોડવા દેશો નહિ! આવતે અવતાર પાછો હું એને પવિત્ર દેહે સ્વીકારી શકું તે સારું એનાં મસ્તક-મુંડન અને ઈંદ્રિયદમન ચાલુ રખાવજો.

આવા હિંદુ મૃતપતિને મુકાબલે તું કેટલો પામર અને ગમાર છે, ઓ હરખા ઢેડા! તું શું જોઈને સુખની છળોમાં નાચી રહ્યો છે? નવ વર્ષો પછીની વાતનો આટલો વિશ્વાસ શો? અને એટલા સમયાન્તરમાં તેં શું જોઈને એને બીજો સ્વામી કરવાની રજા દીધી? પેટગુજારાને ખાતર દેહ ભ્રષ્ટ કરવાની પરવાનગી દીધી? એ કરતાં તો દેહ પાડી નાખવો શું ભૂંડો હતો! તારી બાયડી મરી જાત તારાં ત્રણ છોકરાંનું ટૂંકું પતી જાતઃ પણ સરવાળે પેલી જુગજુગની જૂની કવિઓએ કવેલી અને શાસ્ત્રોએ પળાવેલી સતીત્વની ભાવના તો

સજીવન રહેત ને! રામચંદ્રે પોતાની મહાસતી જાનકીને પણ આગ સોંસરવી કાઢ્યા વગર ક્યાં ઘરમાં ઘાલી હતી? ને પછી કોઈ ધોબીની શંકા માત્રથી જ કેવી ભર્યેપેટે વનમાં ધકેલી હતી! એ રામચંદ્રથીયે શું તું વધુ ડાહ્યો?

પણ ઓ હરખા ઢેડા! સમય બદલી ગયો છે. તું કેટલો હીન છે તેની તને ખબર છે? જો, આ કેસરખાન પઠાણ જોયો? આજે એની મુલાકાતનો દિન છે. એને પંદર વર્ષની ટીપ પડી છે. એણે ફક્ત વાણિયાના પેટમાં વિનયથી ને શાંતિથી છૂરો બેસાડીને અંધારી રાતે પૈસા લીધા હતા, બીજું કશું જ નથી કર્યું. એ જબ્બર આબરૂદાર પુરુષ છે, છૂપી અફીણ ગાંજાની પેટીઓ ઉતારે છે. પણ આબરૂ જબ્બર હોવાથી કોની મગદૂર કે એ ખાનદાનને પકડે!

જો એની પરણેલી હિંદુ ઓરતને : છે ને હૂબહૂ બહિસ્તની હૂરી! આ પાક મુસલમાનને આંહીં દુનિયા પર જ એ સ્વર્ગની પરી મળી ગઈ. એટલે એ ખુદાતાલાએ હૂરીને હિંદુઘેર જન્માવી મોટી કરી, પછી કેસરખાન મુસલમાને એને પોતાની ગણીને ઉઠાવી લીધી. હવે જોઈ લે! મારી પાસે ઊભો ઊભો કેસરખાન એના ભાઈ-ભત્રીજાઓને શી શી કડક ભલામણો કરે છેઃ

‘ઈસ્કુ ઉઠાકે લે જાના અપને દેશમેં! દેખો કહીં ભાગ ન જાવે. કિસી કે સાથ બાત ભી મત કરને દેનાં. ઉસ્કે બાપસે ભી મત મિલને દેનાં. બરાબર હોશિયારી સે લે જાનાં, વહાં પરદેમેં રખનાં ઓર તુમ સુનો, રંડી! અગર કહીં ભી ચલી જાયગી, તો મેં પંદરા સાલ ખતમ હોને પર બહાર નિકલકે તું જહાં હોગી વહાંસે પકડ કર તેરા ઇતના ઇતના ટુકડા કર ડાલૂંગા. ભૂલના મત, મૈં કેસરખાન હૂં! સારા મુલક મેરે નામસે કાંપતા હૈ!’

હરખા ઢેડા! હું તો આ કેસરખાન પઠાણને શાબાશ કહું છું. હું મારા દિલમાં કેટલી ગલીચપચી અનુભવી રહી છું! હું આવા મુસલમાનોમાં પણ હિંદુત્વની ભાવના પ્રસરતી જોઉં છું. તને તો હું નામર્દ કહું છું. આખરે શું તેં પેટગુજારાની વાત સર્વોપરી ગણી? શિયળ અને સતીત્વ કરતાં શું રોટલો વધુ મૂલ્યવાન! હા! હા! હા! હું કોને કહું આ હરખા ઢેડાની હીણપની વાત?

સહુનો 'સાલો'

લાગી પડી છેઃ અમારા કાળુડા કારકુન અને જમાલ કેદીની વચ્ચે ઠીક લડાલડી લાગી પડી છે આજ સાંજે. સારું થયું કે મારો દિવસ છેક ખાલી જતો નથી. ને ઑફિસમાં જ્યારે કોઈ જ નથી હોતું ત્યારે મને એકલાં એકલાં બહુ બીક લાગે છે. હું ભલામણ ખૂની-ડાકુઓનાં આંસુ નિચોવનારી બુદ્ઘી, પણ એકાન્તથી તો થરથરી ઊઠું છું. એટલે સારું થયું કે આજ સાંજવેળાની મારી આ સૂમસામ દશા તૂટી અને અમારા કાળા કારકુન તથા જમાલ કેદી વચ્ચે જામી પડી.

જમાલ કેદી આવતી કાલે છૂટે છે. એટલે અત્યારે એ એનાં લૂગડાંલત્તા લેવા, એના અંગૂઠાની છાપો દેવા અને એના શરીર ઉપરનાં ચહેરા-નિશાન ઓળખાવવા આવ્યો છે. હવે આ જમાલ ડોસો અત્યારે કેટલું હડહડતું જૂઠું બોલીને અમારા કારકુનસાહેબનું માથું પકવી રહ્યો છે! પચીસ-ત્રીસ ખાનાંવાળું એક કબાટ ઉઘાડી, તેની અંદરના એક પાનામાંથી એક પરબીડિયું કાઢીને કારકુનસાહેબ ટેબલ પર ઠાલવે છે. તેમાંથી એક પાવલી અને એક પૈસો નીકળે છે. ત્રીજી નીકળે છે એ રૂપાની હાંસડી. જમાલ ડોસાને એ કહે છે કે 'લો યે તુમરા કૅશ-જ્વેલરીઃ સવાચાર આને, ઔર યે રૂપેકી હાંસડી.'

જમાલ ડોસો કહે છે કે 'નહિ સાબ, મેરે તો પાંચ રૂપૈયે ઓર સવાચાર આને થે, ખાલી સવા ચાર આને નહિ.'

'એસા! સાલા, એસા!' કારકુનસાહેબથી આ જૂઠાણું શે સહેવાય? 'સાલા, હમ જૂઠા? હમારી દો નંબરકી 'કેશ-જ્વેલરી' કી કિતાબ ભી જૂઠી? ઔર સાલા-તુમ એક કેદી સચ્ચા?'

'ગરીબ પરવર!' જમાલ ડોસો પગે લાગી લાગીને કહે છેઃ 'મેં જૂઠ નહિ કહેતા હૂં. મૈં બાજારમેં મઝદૂરી કરતા થા વહીં જ પકડા ગયા. મૈં ઘરસે પાંચ રૂપૈયાકી નોટ ઔર એક રૂપૈયા લે કર આયા થા. મેરી બચ્ચી ઉસ્કે ધની કે ઘર કો જાનેવાલી થી. તો ઉસ્કી છોટી લડકી કે વાસ્તે મૈંને યે રૂપાકાં ગંઠા લિયા પોને બાર આનેકા, ઔર કપડે લેને કે બાકી થે, ઈતને મેં મુઝકો પકડ લિયા, યે બારી પ ઉસ રોજ જબ મૈં સજા ખા કર આયા તભ મૈંને પાંચ રૂપેયેકી નોટ ઓર સવા આને જમા કરવાયે થે –'

'તો ક્યા પાંચ રૂપૈયેકી નોટ હમ ખા ગયા? કૌન ખા ગયા? જૂઠ, સાલા? જૂઠ? હમારે સામને જૂઠ? હમારે પર ચોરી ડાલતા હૈ? એય સિપાહી! મુકાદમ! ઈસકુ સાલાકુ લે જાવ, પચાસ ફટકા લવાગ –'

વગેરે વગેરે ઘણી જ વીરત્વની વાણી ઉચ્ચારીને અમારા કારકુનસાહેબે જમાલ ડોસાને એની સાઠ વરસની જઇફ ઉંમરે ખસિયાણો પાડી દીધો, ને એના અંગૂઠાની છાપબાપ જે કંઈ જરૂરી વિધિ કરવાનું એને 'સાલા' શબ્દનાં સંબોધનો સાથે કહેવામાં આવ્યું તે તમામ ચૂપચૂપ કરી આપીને જમાલ ડોસો એ આખરી રાત કાઢવા માટે પાછો ધક્કા ખાઈને જેલમાં ચાલ્યો ગયો.

જમાલ ડોસાને મન જેમ પાંચ રૂપિયાની નોટ અને સવા ચાર આના એ દોલત હતી, તેમ મારી દુનિયામાં હું ગાળાગાળી, મારપીટ તથા આંસુનાં ટીપાંને મારી સાચી મૂડી ગણું છું. તેથી કરીને જમાલ ડોસાને 'સાલા' શબ્દનું સંબોધન કરવામાં આવ્યું તે મેં મારી તે દિવસની કમાણી તરીકે ગણીગણીને ગળામાં પહેરી લીધું બરાબર પા કલાકમાં સાડત્રીસ વાર એ 'સાલા'નો ઉચ્ચાર થયો હતો. મારે તો સરસ મજાની એક હીરાકંઠીનો વેંત થઈ ગયો. તમારી વૈષ્ણવ ધર્મની કંઠી અને શૈવોની રુદ્રાક્ષમાળા કરતાં અમારી આ જેલ-ઑફિસની 'સાલા કંઠી' શું કંઈ કમ છે?

વધુ રહસ્યની અને મીઠાશની વાત તો આમાં એ છે કે દસ મહિનાની સજા આજ સાંજે જમાલ ડોસાએ પૂરી કરી નાખી એટલે એ પોતાના મનમાં મલકાતો હતો કે હવે હું ગુનેગાર કેદી મટીને પાછો એક નિર્દોષ, ઇજ્જતદાર ઇન્સાન તરીકે બહાર નીકળું છું. પણ એની એવી ખુમારી અમારા કારકુને પાંચ જ મિનિટમાં ઉતારી નાખી. જમાલ ડોસાને એણે બરાબર ભાન કરાવી દીધું કે સાલા! તું બોલે તે કદી સાચું હોય જ નહિ. તારે હવે સાચું બોલવાની કશી જરૂર જ નથી રહી. તારું કોઈ સાચું માનશે જ નહિ. ધાર કે મારી પહેલાંના બાંઠિયા કારકુને તે દિવસે તારી પાસની 'કૅશ-જ્વેલરી' સંભાળી લેતાં હળવેક રહીને પેલી નોટ ગજવામાં મૂકી દીધી હોય અને પરબીડિયા પર ફક્ત '૦-૪-૩ તથા એક હાંસડી કિંમત પૈસા બેની' એટલું ટપકાવ્યું હોય, તો તેથી પણ તને શો હક્ક મળે છે અત્યારે આ હુજ્જત કરવાનો કે – 'ગરીબપરવર! મેરી પાંચ રૂપૈયેકી નોટ થી' વગેરે વગેરે!

દેખીતી જ વાત છે કે વીસ રૂપિયાનો પગાર ખાનાર સરકારી કારકુન જૂઠો અને પોતે સાચો, એવું આ શહેરની બજારમાં વૈતરું કરનાર જમાલ ડોસો માની જ કેમ શકે?

પોતે પાંચ રૂપૈયાની નોટ આપી હતી એવી પોતાને સો ટકા ખાતરી હોય, તોપણ પોતે એટલું તો સમજવું જ જોઈએ ને કે પોતાની ખાતરી એ તો આખરે એક ગુનો કરનાર ગરીબ મજુરના મનની ખાતરી થઈ! એ ખાતરી શી રીતે ખરી હોઈ શકે?

અમારો જેલર કેટલીક વાર આ કારકુનસાહેબોને અવળી વિદ્યા ભણાવે છેઃ એ કોઈ કોઈ વાર તેઓને કેદી પ્રત્યે પેલી ગૌરવભરી અને વીરતાભરી 'સાલા-વાણી' વાપરતા સાંભળે છે ત્યારે કહે છે કે સજા પામીને આવનારા તમામ કેદીઓ સાચેસાચા ગુનો કરનારા જ છે એમ તમે શા માટે, માની લો છો? અથવા એક વાર ગુનો કરી આવેલ કેદીને માટે બસ હવે કદી પ્રમાણિક જીવન જીવવાનો હક્ક નથી, એના અંતઃકરણમાં ઈશ્વર નથી, એને કશી ઈજ્જતઆબરૂ નથી, એવું કેમ માની લઈને એનાં ગલીચ અપમાનો કરો છો?

આવી અવળી વિદ્યા ભણાવાતી હશે કદી? તો તો પછી આ કારકુનોમાંથી કાબેલ જેલરો ઘડાશે શી રીતે? આપણા વહીવટની સાચી ફતેહ તો ત્યારે જ થઈ ગણાય, ઓ મારા જેલરસા'બ, કે જ્યારે હરેક કેદી – શુ જમનટીપવાળો કે શું ચાર મહિનાની સજાવાળો ખ્જેલની બહાર પગ દેતાં જ, બસ, એમ જ વિચારતો રહે કે હું હવે જિંદગીમાંથી રદબાતલ થઈ ગયો, ઇન્સાન મટી ગયો, મારા કપાળમાં 'કેદી' શબ્દનો ડામ ચોડાઈ ગયો, મારી પછવાડે શંકાથી ભરેલી અનેક આંખોના ડોળા ભમે છે. હું જૂઠું જ બોલી શકું – સાચ મને કદી સૂઝે જ નહિ, હું જમાલ ડોસો હવે નથી રહ્યો – હું તો છું જેલના કારકુનસાહેબનો 'સાલો'.

જેલ-નોકરીનો આવો સાચો રંગ જ્યારે જ્યારે હું તમારા કલેજા પરથી કોઈ કોઈ વાર ઊપડી જતો જોઉં છું ને, જેલરસા'બ, ત્યારે મને તમારા પર ચીડ ચડે છે. મને થાય છે કે તમે તમારાં પંચાવન વર્ષો પાણીમાં નાખ્યાં!

દલબહાદુર પંજાબી

તમે શા સારુ પેલા જન્મટીપવાળા કેદી દલબહાદુરને એની મા સાથેની મુલાકાત મારી આડશે ન રખાવતાં ખાસ રવિવારે તમારી ઑફિસમાં કરાવી? એ મા-દીકરાને તમે પડખોપડખ શીદ બેસવા દીધાં! શું દલબહાદુર તમને સુંદર વણાટશાળા ચલાવી આપે છે અને જાજમ-જલેસાની અજબ કારીગરી ઊભી કરી શક્યો છે તેથી? એની ડોશી ત્રણ-ત્રણ માસે છેક પંજાબથી ન આવી શકે અને આખું વરસ થોડી બચત કરીને છેક બાર મહિને બેટાને મળવા જેટલું રેલભાડું જોગવી શકે છે તેથી? દીકરો વીસ વર્ષોથી પુરાઈને ધીરે ધીરે વૃદ્ધ બની રહેલ છે એ કારણે? અને બુઢ્ઢી મા બીજી મુલાકાત સુધી જીવશે કે નહિ એવી ધાસ્તીને લીધે શું તમે આવી દયા બતાવો છો? તમારી કરુણાવૃત્તિ પણ કેટલી નફ્ફટ છે. જેલરસા'બ! શું કરું? હું તમારા પર દાંત કચકચાવું છું, પણ તમને એ મારાં દાંતિયાં સંભળાતાં નથી.

રવિવારનું પ્રભાત પડવાની રાહ જોતી એ પંજાબણ બુઢ્ઢી જેલદરવાજા બહાર વડલા નીચે બે દિવસથી રહેતી હતી. પણ આટલું રેલભાડું ખરચીને આવ્યા પછી આ બાર મહિનાની અવધે પણ બુઢ્ઢી બેટાની સાથે બહુ કશી વાતોય કરી શકી નહિ. પડખોપડખ બેઠેલાં છતાંય મા-દીકરો પરસ્પરની મમતાનો કશો આવિર્ભાવ ન બતાવી શક્યાં. દલબહાદુર! તારા ચહેરા ઉપર મેં અમસ્તો તો કદી ઉલ્લાસ ન દીઠો. પણ આજ તારી બુઢ્ઢી માના મેળાપેય તારા મોં પર હેતનું મોજું કેમ ન ઉછાળ્યું? તારે તો નથી સંતાન કે નથી પત્ની. જે કહીએ તે સર્વસ્વ તારે એક મા છે. એને દર્શનેય તારા દિલદરિયાવમાં ભરતી કેમ ન આવી?

આખો એ દરિયો જ જાણે કે સુકાઈ ગયો છે. અનંત, અંધકારમય અને અતલ કોઈ ખાડો જાણે પડયો છે. તારા અંતરની વ્યથા સર્વથી અજાણી છે. તમામ કેદીઓ અને વૉર્ડરો તને 'ગુરુ' કહી માન આપે છે. તારી તો આખું કારાગૃહ અદબ પાળે છે. તું અહીં આવે છે ત્યારે હું ડાકણી પણ મારાં ઉઘાડાં અંગો સંકોડવા મથું છું. ફૂટતી જુવાની લઈને તું અહીં આવ્યો હતો, અને આજ તને બુઢાપાનાં પળિયાં ફૂટવા લાગ્યાં. દલબહાદુર! તારા જીવનની નીરસતા કોણ સમજશે? તું વણાટશાળાની સાળો ઉપર ગાલીચા અને ચાદરોની અંદર એ કયા ગામની, કયા નદીતીરની ફૂલવાડીઓ પાડી રહ્યો છે? પંજાબના કયા ગામને

પાદર ટૌકતો મોરલો તેં આ ગાલીચાઓમાં ગૂંથ્યો છે?

સાળને ફટકે ફટકે શું તું કોઈ શીખ તરુણીનું આરાધન કરી રહ્યો છે? મા સાથે એને કંઈક સંદેશો તો કહેવરાવ! તેં તારું પ્રેમ-રાજ્ય જાણે કે આ વણાટની જૂજવી ભાત્યોમાં આલેખ્યું છે. આ સરકારી જેલખાતું રોજેરોજ થપ્પીઓની થપ્પીઓ બાંધીને તારા વણાટની વસ્તુઓ વેચવા મોકલે છે, પણ નથી તો તેને ખબર, કે નથી એ ગાલીચા-શેતરંજીઓ પોતાના ઘરોમાં પાથરનારાઓને ખબર કે એના પગ તળે તો એક પંજાબીનાં વીસ વર્ષોનાં અશ્રુભર્યાં સ્વપ્નો છૂંદાઈ રહેલ છે.

દલબહાદુર પંજાબી! તું તારા વણાટની અંદર ગૂંથી રહેલ છે તે ફૂલોનો નમૂનો તારી કલ્પના ક્યાંથી ચોરી લાવી? તારો મુકદ્દમો સાંભળવા એ અનામી સુંદરી આવતી હતી ત્યારે શું કોઈ એવું ગુલાબ લઈને આવતી? તને અર્પણ કરવા એ જ્યારે આગળ ધસી આવી ત્યારે પોલીસે શું એને ધક્કો મારેલો? ને તે પછી રોજ રોજ અદાલતમાં શું એ તારી સન્મુખ આ ફૂલ ધરી રાખીને છાની બેસી રહેતી? તેની સ્મૃતિમાંથી શું તું આ પાંખડીઓ ને આ ડાંખળીઓ આંહીં ઉતારી રહ્યો છે?

એક હતું એક તારા જ જેવું બંદીવાન, આઘેઆઘેના દેશમાં, ત્યાં મારા જેવી કોઈ બારી જ નહોતી. મેળાપ કે મુલાકાતો જ નહોતાં. બરફ અને પવનના ઠંડાગાર અગ્નિમાં સળગતાં, જીવતાં માનવીને થિજાવી નાખતાં એ સાઈબીરિયા દેશનાં કારાગૃહો હતાં. આઠ-દસ મહિનાની પગરસ્તાની મજલ કરાવીને કેદીઓને મૂળ વતનમાંથી ત્યાં લઈ જવામાં આવતાં. એક વાર ત્યાં આવનારને બનતાં સુધી આ ને આ જિંદગીમાં વતન પાછા ફરવાનું રહેતું જ નહિ. એ સાઈબીરિયન જેલોની સજા પામેલાંઓની સંગાથે ટોળાબંધ સગાંવહાલાં પણ ચાલી નીકળતાં ક્યાં સુધી આવતાં? છેક સરહદના સ્થંભ સુધી. એવી આશાએ આવતાં કે ઘણી વાર રાજા ઝારનો હુકમ એ સીમા-સ્થંભ પર આવી પહોંચતો, તેમાં કેટલાંકની સજા માફ થતી, કેટલાંકની કમી થતી. માફી પામેલાંઓને ત્યાં ને ત્યાં છોડી મૂકવામાં આવતા. એ રાજક્ષમાની આજ્ઞામાં પોતાનું સ્વજન કેદી કોઈ પુણ્યબળે ચડી જાય એવી આશાએ ને આશાએ આ સ્વજનો સો ગાઉનો સંગાથ કરતાં; એ સીમાસ્થંભ આગળ કેદીઓને પા કલાકનો વિસામો આપવામાં આવતો.

આહાહાહા! કેવો ભાગ્યશાળી એ સાઈબીરિયાની સરહદ પરનો સફેદ ઊંચો વિદાય ખાંભો! મારા કરતાં તો કેટલો બડો ભાગ્યશાળી! પોતપોતનાં સગાં-વહાલાંને ભેટી ભેટી મળી લેવાની અને ખુશી પડે તે રીતે હૈયાં ઠાલવી નાખવાની છૂટ સર્વે કેદીઓને પૂરા

પા કલાક સુધી અપાતી હતી! તે વખતે તો, ઓ વીરા શ્વેત સીમાસ્થંભ! તારાં ચરણોમાં સેંકડો આંખોનાં આંસુ ઠલવાતાં હતાં. તારી ટાઢીબોળ ઇંટો ઉપર, વતન તરફની તારી બાજુએ બંદીવાનોની ચૂમીઓ ચોડાતી હતી. હજારો લોકોના હૈયાફાટ કકળાટો, નઃશ્વાસો, કંઠરૂંધનો, આશાનાં છૂંદનો, કલેજાના ભુક્કા, બાળકોની વણસમજી કિકિયારીઓ, જન્મભૂમિને ઘૂંટણિયે પડીને અપાતી મૂંગી મૂંગી છેલ્લી વંદનાઓઃ અને પછી પંદર જ મિનિટ ખતમ થવાની સાથે જ કોસેક ઘોડેસવારોના કોરડાના ફડાકા સાથે ફરમાવવામાં આવતી વિદાયઃ કેદીઓ સાઈબીરિયાની જીવતી કબરમાં, અને સ્વજનો પાછાં વતન તરફઃ વાહ રે ભાઈ શ્વેત ખાંભા! કેટલાં વર્ષો સુધી તને આ બધું ભોજન મળતું જ ગયું! મારી રોજની પંદર મિનિટો કરતાં તારી એ લાંબા ગાળાની પંદર મિનિટોનું મૂલ્ય સહસ્રગણું વિશેષ હતું.

પણ હું તો આડી વાતે ઊતરી ગઈ. હું તો દલબહાદુરને કહેતી હતી કે તારા જેવું જ એક બંદીવાન આ ખાંભા ઉપર પોતાની છેલ્લી ચૂમી મૂકીને બારી વગરના સાઈબીરિયન કારાગૃહમાં પુરાવા ચાલ્યું ગયું હતું. એને પણ એના મુકદ્દમા વખતે એની બહેન એક ફૂલની ભેટ આપી ગઈ હતી. એ એક જ ફૂલની યાદને આધારે આ બંદીવાને કેદનાં વીસ વર્ષો વીતાવ્યાં હતાં. એ ફૂલને જેમ તેં ઉતાર્યું તારી વણકરીના કસબમાં, તેમ એણે વણ્યું હતું કવિતાની કારીગરીમાં. તારા જેવડી જ જુવાનીમાં એને કાળું પાણી મળ્યું હતું. ત્યાં બેસીને એણે ગાયું હતું –

શ્લૂસબર્ગમાં કિલ્લાની મારી અંધારી ખોલીમાં

લોખંડી કાનૂનો અને રોજિંદી કામગીરી વચ્ચે,

હું હેતે હેતે યાદ કરું છું એ રૂપાળાં ગુલાબો,

જે તું લાવી હતી, ઓ બહેન!

અદાલતમાં મારા મુકદ્દમાને કાળે

કેવાં સુંદર અને તાજાં એ ગુલાબો હતાં!

કેવા પવિત્ર હૃદયની એ સોગાદ હતી!

એ કાળ-દિવસે જાણે કે,

તારાં ફૂલો મારા કાનમાં કહેતાં હતાં,

પ્રકાશ અને મુક્તિના પેગામો.

તો પછી આ સુંદર ફૂલોનું સ્મરણ કરતાં કહે મને,

શા માટે હું વારે વારે ગમગીન બની જાઉં છું?

તારી પ્યારી આંખોમાં ડોકાઈ રહેલ એ પ્યાર,

શું મને ખુશહાલ અને સુખમય નહોતો કરતો?

પણ હવે તો તારાં આલિંગનો

મારે અંગે અડકતાં નથી.

કાળી નિરાશા મારા પ્રાણને રૂંધી રહી છે,

જેલરની આંખોથી હું અળગી પડું છું ત્યારે-ત્યારે

હું ધ્રૂસકે ધ્રૂસકે રડું છું, ને મારાં આંસુઓ

પેલાં તાજાં ગુલાબો પરનાં ઝાકળ-બિન્દુઓ જેવાં

ધીરે... ધીરે... ધીરે... ઝરવા લાગે છે.

તે છતાં સારું જ થયું કે તું એ લાવી હતી.

કેમ કે મારાં સ્વપ્નોને એણે ઝુલાવ્યાં છે.

અને મારાં સ્મરણોને એણે જગાડયાં છે.

ભાઈ દલબહાદુર, તું પુરુષ છે; તે ગીત ગાનારી તો હતી સ્ત્રી. તું એક વર્ષે તારી માતનો મેળાપ પામનાર જન્મકેદી જેમ અઠવાડિયે અઠવાડિયે મુલાકાતો મેળવનારાઓથી વધુ સુખી છે, તેમ એ પચીસ વર્ષો સુધી પ્રિયજનોનું મોં પણ ન જોઈ શકનાર તરુણી તારા કરતાં ય સો ગણી સુખી હતી. આ દુનિયાના સ્નેહ-તાંતણા આ અઠવાડિક મુલાકાતો મેળવનારાઓને ગળે ફાંસીની રસી જેવા બની ગયા છે. કારાવાસની અપર દુનિયામાં પડેલો એનો દેહપિંડ સંસારી પ્રીતિની એ દોરડીના આંચકા ખાતો ખાતો દિવસમાં દસ વાર ઝૂરે છે; તું સંસારને દૂર છોડીને અહીંની દુનિયા સાથે એકદિલ થઈ શક્યો છે ખરો, તે છતાં

બાર માસે એક દિવસ – એક પ્રહર – એક કલાક એવો આવે છે કે જ્યારે તારી માતાનું દર્શન તને એ જીવતા જગતની યાદ તાજી કરાવી તારા કલેજામાં મીઠી કટારો ભોંકે છે.

પણ કેટલી બડભાગી હતી એ સાઈબીરિયાના કારાગૃહની એકલ સુંદરી! બંદીવાસના નવા જગત સાથે એનો સાચો જીવનમેળ જામી પડયો. પોતાની કોટડીની પછવાડે, પડખે તેમ જ ઉપરને મેડે જે પાડોશી કેદીઓ રહેતાં, જેનાં મોં જોવાનું નહોતું મળતું, તેની સહુની જોડે ટકોરાની ભાષામાં એ સુંદરી વાતો કરતાં શીખી ગઈ. વચ્ચે ઊભેલી પાકી, પહોળી દોડાદોડ કરવા લાગી. ટકોરે ટકોરે સામસામાં હૃદયદર્શન ચાલુ થયાં. આમ દીવાલના પાષાણોનેય પોતાનાં પાળેલાં કબૂતરો જેવી બનાવી લેનાર એ યુવતીએ કારાગૃહના સત્તાવાળાઓને આખરે હંફાવ્યા ને થોડાં વર્ષો પછી આંગણામાં ફૂલરોપ વાવવાનો હક્ક મેળવ્યો.

ટકોરાની સંકેત-ભાષા વાપરીને જેમ એણે પોતાનું પ્રણયસુખ માણી લીધું, તેમ આ ફૂલરોપને ઉગાડવામાં એણે પોતાના જનની બનવાના કોડ પૂરા કરી લીધા. જીવતા હો હવે પાછા બહાર જવાનું જ નથી એ માન્યતાએ એના જીવને ટટળતો બચાવી લઈ નવા કેદી અવતારની જોડે એકરસ થઈ જવા દીધો. પચીસ વર્ષની કેદ ભોગવ્યા પછી એને જ્યારે એકાએક છોડવામાં આવી ત્યારે તો એ ડોશી બની ગઈ હતી, પણ એ ભાંગી નહોતી પડી. નવી મુક્તિનો એને ખાસ કશો આનંદ નહોતો રહ્યો. બહાર આવીને એ ઘણું જીવી કેમ કે જીવનના પાયામાં એણે સાઈબીરિયાનાં કષ્ટોનું સીસું પૂરી લીધું હતું.

એમ તેં પણ, ભાઈ દલબહાદુર! જીવતી માતાના બારમાસી મૂંગા મેળાપના એક જ તાંતણાને બાદ કરતાં કારાવાસના નવજન્મને તારા જીવનમાં વણી લીધો છે. મા જે દિવસ મરશે તે દિવસ તારી જિંદગીમાથી છેલ્લો ધરતીકમ્પ નીકળી જશે. આ કેદખાનું તારું ખરું વતન બનશે ને અમે તારાં સાચાં ભાડું બની જશું. કમબખ્તી તો છે આ મુલાકાતો માટે ઘેલા, વલવલતા ફરતા સાતવારિયાઓની! જીવતા છતાં એ બધાં એ બધા વાસનાદેહી પ્રેતો સમાન જ છે.

પણ હવે જતાં જતાં તો તું જરી રડી પડ, ભાઈ દલબહાદુર! બડો પાજી નીકળ્યો આ પંજાબીઃ બડો કઠોર! પાકો નઘરોળ! માનો મેળાપ આટલે મહિને થયો, ને હવે, બીજા બાર મહિનાનો ગાળો એ ડોશી કાઢે તેમ લાગતુંયે નથી, તે છતાં આ કેદવાસી દીકરાએ એક આંસુ સાર્યું નહિ. એના વેરાન સરીખા ચહેરા ઉપર કરુણતાની કોઈ નાની તળાવડી પણ ઝબકી નહિ. બસ, થાકીને પછી ઊભો થઈ ગયો. માતાનું કલેજું જરીકે ઓગળે એવી કશી જ વિદાયવિધિ કર્યા વિના ખંભે રૂમાલ નાખીને એ તો દરવાજાની બારી પછવાડે

અદશ્ય બન્યો. અને ડોશી પણ કંઈ કમ નિષ્ઠુર નીકળી! દીકરો જીવનભર માટે અહીં જીવતો દટાયો છે તે છતાં એના મોં ઉપર કે પીઠ ઉપર ડોસીએ હાથ સરખોયે ફેરવ્યો નહિ.

ડોશીનું મોઢું જ કેવું ઉજ્જડ, સળગી ગયેલ જંગલ સમાન હતું! એ મોં ઉપર જાણે કોઈએ હળ હાંક્યાં હોય ને એવા ઊંડા ચાસ પડી ગયા હતા. એમાં આંસુ પડે તોપણ ન દેખાય તેવી ઊંડી જાણે કે ખાઈઓ હતી. એના વાળ ટૂંકા, જાણે કે ખરી ગયેલા હતા. કોઈ અદીઠ વિપત્તિએ કેમ જાણે એનો એક વેળાનો કમ્મર સુધી ઢળકતો ચોટલો વીંખી પીંખી ઉખેડી નાખ્યો હોય!

રે ડોશી! જો તારી કશી લાગણી દેખાડવાની નહોતી તો પછી તું આટલું ખરચ કરીને નાહક અહીં આવી શા સારું? આંસુના એક ટીપા વડે પણ ન ભીંજાયેલો હોય એવો મા-દીકરાનો મેળાપ જેલમાં કોઈએ કદી જોયો કે સાંભળ્યો છે!

હા, પેલો દુત્તો પાટીદાર ડોસો જ્યારે પોતાના દીકરાને મળી લઈ પાછો પોતાની બુરાકમાં જતો હતો ત્યારે એણે ચાલાકી કરીને પોતાની આંખો ઝટ ઝટ લૂછી નાખેલી ખરી, અને અમારા આ દોઢ ડાહ્યા રાજકેદીએ એને જ્યારે આંખો ભીની થયાનું કારણ પૂછ્યું ત્યારે એ હાજરજવાબી ડોસાએ પોતાની પાટીદાર તરીકેની ખુમારી સાચવવાનો ડોળ કરતાં કરતાં ચોખ્ખે ગળે જવાબ દીધેલો કે ‘ના સા’બ! એ તો મારી ઓંછ્યોમાં અજવાસ પડયો તેથી! હું કાંઈ રડતો નથી. રડું શા સારું?’

પણ આ પંજાબી મા-દીકરો તો કાળમીંઢ પથ્થર-શા નીકળ્યા. એને પરસ્પર હેતપ્રીત જ નહિ હોય. એટલે એને તો આંસુ છુપાવવાનો ડોળ કરવાની પણ જરૂર પડી નહિ. દીકરો અંદર ગયો, ડોસી ડગુમગુ કરતી બહાર નીકળી તે વખતે પણ, અમારા રૂડા શેરબહાદુર આ રાજકેદીઓની પેઠે મા-દીકરાએ પાંચ-સાત વાર વળી વળીને એકબીજા પ્રત્યે નજર સુદ્ધાં માંડી નહિ.

અમારા રાજકેદીઓ તો કેટલા બધા સ્નેહભરપૂર! કેટલા આદર્શ, મમતાળું! મુલાકાતે આવનાર માતાની કે પત્નીની સામે કંઈ વેળા સુધી એકીટસે નિહાળી રહે. પહેલાં પ્રથમ તો જલદી જલદી મુલાકાતમાંથી ઊભાં જ ન થાય. જેલર પાંચ વાર મોં બગાડે, ને બે-ત્રણ વાર નફટ બની વિનંતી કરે, ત્યારે માંડ માંડ વિખૂટાં પડે. પછી પાછાં બારીઓ સોંસરવા ટગર ટગર જોયા કરે. પછી છેક પેલી દૂરની સડક સુધી પોતાનું સ્વજન પહોંચે તોયે દરવાજાના સળિયા ઝાલીને ઊભેલા આ સાવજોનું તારામૈત્રક પતે નહિ. દરવાનો બિચારા ક્યાંય સુધી જોયું-ન જોયું કરે. એની પહેરેગીરીની શિસ્તમાં પડી રહેલ ભંગ માટે

એને પલે પલે ભય થાય તો પણ મૂંગા ઊભા રહે. તે છતાંય જ્યારે પેલી મીટોમીટનાં મિલન છૂટાં પડે જ નહિ ત્યારે આ ખાનદાન દરવાનો પોતનાં હસવાં માંડ માંડ ખાળી રાખીને એ રઢિયાળા રાજકેદીઓનાં સળિયે જડાઈ ગયેલ શરીરોને ધીરે ધીરે ઉખેડી નાખે, ને ફોસલાવી પટાવી પાછાં અંદર ધકેલે!

એ ઢુંગેઢુંગે આંસુની મારી મહેફિલમાં તમે પંજાબી મા-દીકરાએ એક પણ આંસુ ન પીરસ્યું, પીટયાઓ! દલબહાદુરની વણકરી વખાણવામાં અને પેલાં ‘ફૂલો’ વિષેની પરદેશી વાર્તા-કવિતા સંભળાવવામાં મારો મનોરથ તો છૂપો છૂપો એ જ હતો કે કોઈ વાતે આ પંજાબી કેદીનું આંસુ મને મળી જાય!

હાય, હાય, મારા કલેજામાં આ અતૃપ્તિનો કિન્નો જાગે છે. દલબહાદુર, તારી અને જનેતાની વચ્ચે પ્રેમ હો કે ન હો મને જેલ-ઑફિસની બારીને કશીયે પડી નથી. તારે જુવાનીની કોઈ પ્રિયતમા હો કે ન હો તે વાતથી પણ મને શી નિસબત છે? મારે ને તારે શી એવી સગાઈ કે તારા પ્યાર અને તારા વિયોગ સાથે હું હમદર્દી અનુભવું? પણ મારે તો કેવળ મારી પોતાની મોજ ખાતર અને મારા સંઘરામાં ઉમેરવા ખાતર તારું એક આંસુ જોઈતું હતું. મારે રાત્રિએ એકલાં બેસીને તારાઓના આછા અજવાળામાં તપાસવું હતું કે દલબહાદુર પંજાબીના આંસુમાં શા શા આકારો પડેલા છે. એ મને ન મળ્યું એટલે હવે હું મારા વૈરની તૃપ્તિ સારુ થઈને તને ઠેર ઠેર વગોવતી રહીશ કે દલબહાદુર પંજાબીને લાગણી જેવી કશી ચીજ ક્યાં છે? એ તો રાક્ષસ છે રાક્ષસ!

બાકી, તારી ડોશીના ફૂટેલા હૈયામાં તો કશી કોમળતા હોય જ ક્યાંથી? પ્યાર મહોબત, ઉમળકા, એ બધાં તો છે સુંદર સુકુમાર શરીરવાળાંની સંપત્તિ, ઊર્મિઓના ઉછાળા તો આવે છે કે કેવળ કવિતાના જાણકારોને જ. કલેજાં તો ઠલવાય છે કેવળ એ જ નસીબદારોનાં કે જેને સંસારમાં સુખ છે, જેની કાયા ગૌર છે, જેનાં કપડાં સફેદ છે, લાલિત્યમય જબાન ને દર્દની વાણી જેમની પાસે છે.

જેમ કે પેલી ઈરાની બહેનોઃ ઓહોહો! જેલ-ઑફિસના ભરચક મનુષ્યોની વચ્ચે કેવી ખુલ્લી વહાલપથી એ પોતાના કેદી ભાઈને બાથ ભરી ભરી ભેટી રહી છે! ને ગળામાં ભુજાઓ લપેટી લપેટી કેવાં ધ્રુસકે ધ્રુસકે એ બહેન-ભાઈ, મા-દીકરો, કે ધણ-માટીડો (જે હોય તે) આક્રંદ કરી રહેલ છે.

શોભે છે – બેશક, બેશક એ ગૌર ગૌર ગાલો પરથી દડી રહેલાં મોટાં મોટાં આંસુઓ શોભે છે. ગોરાં ગોરાં ગળાંને વીંટળાતાં એ માંસલ, ગુલાબી અને બંગડીદાર કાંડા

ખરેખર આ વિલાપના દૃશ્યને દીપાવે છે. હીરચીરનાં વસ્ત્રાભરણો, મોજાંઓ, બૂટસપાટો, સમારેલ કેશગુચ્છો અને આક્રંદની સંસ્કારભરી વાણી – એ બધાં, ઓહોહો, શી અનેરી સૌંદર્યછાંટ છાટી રહેલ છે એ છાતીફાટ મિલન-વેદના ઉપર!

કોણ જાણે કેવોય ચોરી-લબાડીનો ગુનો કરીને એક વર્ષની સજા પામેલો એ ઈરાની કેદી મને પેલા હૈયાફૂટા દલબહાદુર પંજાબી કરતાં વધારે પ્રિય થઈ પડયો છે. ભેટી પડો, ખૂબ ખૂબ ભેટીને બાથ ભરો. જેલરસા’બ! એ સુંવાળાં, ‘સોજ્જા’ સાચી પ્રીતિ કેળવી જાણેલાં મા-બહેન અને ધણિયાણીને એમના આ ખાનદાન સગા સાથે લાંબામાં લાંબી મુલાકાત કરાવો, કેમ કે એમાંથી રસ ઝરે છે. શેરડી સિંચોડે ભીંસાય ને મીઠાં શરબત ખળખળે તેવો આ સ્નેહરસ છે. બીજાં કાણાં, કૂબડાં, ઘરડાં, બુઢ્ઢાં, કાળાં ને કદરૂપાં, અબોલ અને થોથરાતી જીભોવાળાં મુલાકાતિયાંને મફતના દિલાવર બની જઈ તમે લાંબું મળવા ન દેજો.

મારો ભૈ ક્યાં!

'સા'બ! ઓ સા'બ! સા'બ, મારો ભૈ ક્યાં?

એક દિવસ સાંજરે મારા કાન ઉપર બહારથી આ ધ્વનિ અથડાયાઃ 'મારો ભૈ! મારો ભૈ ક્યાં?'

મેં જોયું મારી સન્મુખ એ ઊભી હતી. નીંભાડામાં પોતાનું બચ્ચું દટાઈ ગયું હોય અને માંજારી પુકાર કરતી ટળવળતી હોય એવી રીતે એ મારી સન્મુખ ઊભીને કહેતી હતીઃ 'સા'બ, મારો ભૈ! જેલર સા'બ, મારૌ ભૈ ક્યાં?'

ગાય જાણે વાછરુ વિના ભાંભરતી હતીઃ 'સા'બ મારો ભૈ ક્યાં?'

'તેરા ભાઈકા નામ વાલજી રઘુજી હૈ ન?' અમારા મુકાદમ દીનમહમ્મદે ઠંડેગાર અવાજે એને મારી આ બાજુએથી પૂછ્યું.

'હા સા'બ!' પેલી ભાંભરડા દેતી ગાય બોલી ઊઠે છેઃ 'વાલજી રઘુજઃ સેંઘરાનો છે મારો ભૈ, જુવાન છે. મૂછો હજુ ફૂટતી આવે છેઃ નમણો છે.'

'કૈસા, તેરે જૈસા?' અમારા વિનોદી બંકડા કારકુને તાંબુલની પિચકારી ફેંકતાં ફેંકતાં મીઠી મજાક કરી.

'હા, સા'બ! બરાબર મારા સરખું જ રૂડું મોં છે મારા ભઈનું. એની મુલાકાતે હું આવી છું.'

આખી ઑફિસ ખિખિયાટા વડે ગૂંજી ઊઠી. વૉર્ડરોએ અને કારકુનોએ સામસામી તાળીઓ દીધી. બોલ સંભળાયાઃ 'કૈસી! વાહ વાહ! ક્યા તબિયત!'

– ને ભૈની બોન પલક પલકની વાટ જોતી તલપાપડ ઊભી. હમણાં જાણે કોઈ ઈલમના જોરથી પોતાના ભૈ મારા સળિયા વચ્ચેથી ડોકું કાઢીને બોલશેઃ 'બોન!'

થોડી વારે દીનમહમ્મદે પોતાની આંખો પરથી ચશ્માં ઉતારીને હાથમાં કાગળનો ખરડો હતો તે તપાસતાં તપાસતાં ડોકું કાઢ્યું, પૂછ્યું 'તેરા ભાઈકા દૂસરા કુછ નામ હે?'

'ના સા'બા! ઈનું હુલામણું નામ કુણ પાડે? મારી મા તો ઈને ઘોડીએ મેલીને

મૂઈ છે.'

'તેરા ભાઈ યે જેલમેં હૈ હી નહિ. જાઓ, મુલાકાતકા ટેમ ખલ્લાસ હો ગયા અબ.'

'તારો ભાઈ આ જેલમાં છે જ નહિ.' એ નાનકડો જવાબ આ વીસ વર્ષની વયની બોનનો પ્રાણ ફફડાવી મૂકવા માટે પૂરતો હતો. મારો ભૈ આંહીં નથી? બીજે ક્યાં હોઈ? આ જેલમાં જ એને પૂરેલો છે. એને કોઈએ ગારદ કરી દીધો હશે? એ માંદો પડીને મરી ગયો હશે? આ પૃથ્વી પર ઊભેલા પાતાળી કિલ્લાની અંદર બે હજાર માણસો હૂકળી રહેલ છે એમાં મારા ભૈનું શું થયું હશે?

બળતા નીંભાડાને પ્રદક્ષિણા કરતી, એકાદ માટલામાં પ્રસવેલાં પોતાનાં બાળ માટે કકળતી માંજારી જેવી ભૈની બેની મારી પાસેથી દરવાજે અને દરવાજેથી મારી પાસે દોટાદોટ કરવા લાગી. અંદર પેસવાની એને માટે બારી નથી. ભૈની ભાળ માગવા કોની કને જવું તેની એને ગમ નથી. સેંધરાની કોઈક વાડીમાં બકાલું વાવતા ભૈની આ ખેડૂત બહેન ભાઈને મળવા ઘરેણાં-લૂગડાં પહેરીને આવી છે. પોતાનો ભાઈ પોતાના ખેતરનાં ઊભા મોલ બાળી દઈને રાજકેદી તરીકે પકડાયો હતો અને પોતે જ એને કપાળે કંકુચોખાનો ચાંદલો ચોડીને વળાવ્યો હતો. એવા વીર ભાઈને મળવા આવેલ બહેનનું મોં શી ગુલાબી ઝાંય પાડી રહ્યું હતું! ને કેવી કોડભરી બહેન વસ્ત્રાભૂષણો સજીને આવી હતી!

એ જ ગલગોટા જેવું મોં, એ મોટી આંખો, એ વસ્ત્રો ને આભરણો – તમામની સુંદરતાને સાત ગણી શોભાવતાં ટબ્બા ટબ્બા જેવડાં આંસુ, પાકલ બોરડીને પવન-ઝપાટો લાગતાં બોર ખડી પડે તેમ ઝરવા લાગ્યાં. બસ, એ વખતે મને સંતોષ થયો. સાચું કહું તો એ રડવાનો તમાશો કરનાર ઈરાની પરિવારનું ટોળું મને આવી મજા નહોતું આપી શક્યું. મહીકાંઠાના એક જુવાન ખેડુ ભાઈની વીસ વર્ષની ખાંતીલી બહેન આવી નમણે અને ઘાટીલે મોંએથી જે આંસુનાં ટીપાં ટપકવો તેની તોલે બીજાં ક્યાં માણેક-મોતી આવી શકે?

– રડ, બાઈ! રડ. હું તો માગું છું કે તું હંમેશાં આંહીં ઊભી ઊભી 'ભૈ, મારો ભૈ' બોલતી રાત્રિદિવસનાં કલેજાં ચીરતી રડયા કર. આ દીવાલોના ભુક્કા કરી મને કોઈ મોકળી કરનારો ન આવી પહોંચે ત્યાં સુધી તું ભલી થઈને તારા ભાઈની શોધમાં અહીં ભટક્યા કર. તારા ગાલ પરથી સરતાં ટીપાં જોઉં છું, ત્યારે પેલા કમળ-પાંદડી ઉપર બાઝેલા ઝાકળ-બિન્દુની કવિતા જોડનારા કવિઓ પ્રત્યે મને હાંસી ઊપજે છે.

'જેલરસા'બ! મારો ભૈ ક્યાં? સા'બ! મારો ભૈ વાલજી રઘુજી ક્યાં?'

ભલે પાડતી ચીસો. ભલા થઈને તમે હમણાં આ તરફ નજર કરશો નહિ હો, જેલરસા'બ! થોડો વખત મારા રંગમાં ભંગ પાડશો નહિ. મારા રત્નભંડાર મને આ 'ભૈની બોન'ને આંસુડે અને આક્રંદે ભરી લેવા દેજો.

પણ હવે તો મારીયે ધીરજ ખૂટી ગઈ. હવે આ રડતી બોનને પટાવીને છાની રાખો, નહિ તો આંસુના વધુ પડતા ભક્ષે મારું ઉદર ફાટી પડશે. જેલરસા'બ! તમે પંદર ચોપડામાં સહીઓ કરતાં કરતાં મોં કટાણું કરીને એક વાર આ લપ્પી બાઈ તરફ નજર કરો. આંખો ખોટી ખોટી પણ લાલ રાખો. પ્રથમ તો એ હેબતાઈ જાય એવી ત્રાડ નાખો કે 'જાઓ, જેલરસા'બ મર ગયા!' પછી એની સામે એક જ મીટ માંડો એટલે તમને તમારી મોટી દીકરી સાંભરી આવશે. પછી એ ખોટેખોટા ગુસ્સા તળે છુપાવેલું તમારું દયામણું સ્મિત સહેજ દેખાવા દઈને જેલમાં તપાસ કરાવો કે વાલજી રઘુજી નામનો રાજકેદી બાપડો ખેડુ હોવાને કારણે બીજા ક્રિમિનલ કેદીઓની જોડે તો નથી પુરાઈ ગયો ને?

સૂર્યાસ્ત થવા આવ્યો છે. કેદીઓ બુરાકોમાં પુરાઈ ગયા છે. 'ગિનતી' થઈ ગઈ છે. છેક તે ટાણે મોડી મોડી એ 'બોનના ભૈ' વાલજી રઘુજીની ભાળ મળી છે.

'જાઓ, તુમારા ભાઈ હૈ. કલ આના!'

પણ ભૈની બોનને આજ રાતે ઊંઘ નથી આવવાની હો, જેલરસા'બ! ચોવીસ કલાક વિતાવવાનું કહેતાં એની વેદનાનો વિચાર કરજો. એ બાપડી પોતાના ભાઈને મરી ગયેલો માને છે. જેલરસા'બ, તમે ને હું બંને બુઢાપામાં ડોલીએ છીએ. આપણે બેઉ આપણો ઘાતકી સ્વભાવ ભૂલતાં જઈએ છીએ. આપણા બેઉને એ વાતની શરમ થવી ઘટે. આ પીળી પઘડી અને દંડો પહેરીને નવા નવા મુકાદમો બની રહેલા ખૂની અને ડાકુ કેદીઓ, આપણી બેઉની પોચી પડી રહેલી નિષ્ઠુરતા ઉપર હસે છે. પણ આપણા મનોબળ પરનો કાબૂ આપણને આવી કોઈ કોઈ 'ભૈની બોન' હવે વારંવાર ખોવરાવી દે છે. આપણે તો અતો ભ્રષ્ટ ને તતો ભ્રષ્ટ બન્યાં. ખેર! હવે અત્યારે તો આ આસ્તાયમાન દિવસની ભૂખરી સંધ્યામાં આપણાં શરમિંદા મોં છુપાવીને એ ભૈને બોલાવો. ભલે ખાસ કારણ તરીકે બુરાક ખોલવી પડે.

ફટકાની લજ્જત

સાંભળો છો, રાજકેદી ભાઈ? ફડાકા સાંભળો છો? પણ એ તો પોલા ફડાકા બોલે છે હાં કે! માનવ ખોળિયાની કેડય નીચેનાં ભરચક લોહીમાંસવાળાં ઢીંઢાં ઉપર ચરડ ચરડ ખોભળાં ઉતરડી લેનાર એ સાચા, સંગીતમય, કર્ણપ્રિય સોટાના સબોડાટ નથી. એ તો હજુ અમારો મરાઠો મુકાદમ 'પ્રેક્ટિસ' કરે છે. એને હજુ તાજેતર જ પીળી પઘડી અને પટ્ટો-ધોકલા મળેલાં છે. એને હજુ ઊંચે ચડવાનો ઉમંગ છે. એટલે એ તો શીખી રહેલ નવી વિદ્યા. એ તો 'પ્રેક્ટિસ' કરે છે લૂગડાના ગાભાના બનાવેલા મોટા ઢીંગલા ઉપર સોટા મારવાની.

જરા અંદર જઈને જુઓ ને! જોવાની ટેવ તો પાડો, મારા ભાઈ! ટેવાશો તો આંખે તમ્મર આવતા અટકશે, હૈયાના થડકારા ઓછા થશે, હિસ્ટોરિયા-બિસ્ટોરિયા જેવું કંઈ નબળું તત્ત્વ હશે તો શરીરમાંથી નાબૂદ થશે. જોઈ આવો ને જરા!

મેદાનમાં ખડી કરેલી એ ત્રણ પગવાળી લાકડાની ઘોડી મારા કરતાં, અરે, પેલા સાઈબીરિયાની સરહદ પરના ખાંભા કરતાંય, વધુ ભાગ્યવંતી છે. જુઓ, અત્યારે તો એની સાથે બાંધેલ છે એક માણસઘાટનું અને માણસ જેટલા જ કદનું હૃષ્ટપુષ્ટ અને કદાવર નિર્જીવ ઢીંગલુંઃ લૂગડાની ખોળમાં ભર્યા છે ગાભા. એ તોતિંગ ધૂંધળીમલના બે હાથનાં કાંડાં ઊંચે બાંધ્યાં છે. ને બે પગ પહોળા રાખીને ઘોડીના બે પાયા સાથે જકડેલ છે. એનો બરડો બાહ્યલી બાજુએ રખાવેલ છે. એનો દેખાવ નગ્ન છે. ભરચક, ટટાર અને હમણાં જાણે ચીસ પાડી ઊઠશે એવું એ ઢીંગલું.

ને હવે નજર કરોઃ પચાસ કદમ પરથી પોતાના પંજામાં નેતરની લાંબી સોટીને પૂરા તોરથી હવામાં વીંઝતો, કોઈ અણદીઠ કમાન ઉપર જાણે કે ઊછળતો, છલંગે છલંગે છાતીમાં કાંડામાં, પોંચામાં, આંગળીઓમાં અને છેવટે એ નેતરની સોટીમાં આવેગની વીજળી એકઠી કરતો એ જુવાનજોધ મરાઠો મુકાદમ ઊપડતો આવે છેઃ અને પછી કેવું અચૂક નિશાન લઈને, કેવા ગર્વથી, જોશથી, ઉમંગથી, દાઝથી, ઈનામરૂપે સજાની કપાત થવાની આશાથી એ પેલા ઢીંગલાના કેડય હેઠેના ભરપૂર દેહભાગ ઉપર સોટી ઝીંકે છે!

વળી પાછો એ છલંગ મારતો પચાસ કદમ પાછળ જાય છે ને ત્યાંથી બેવડા

આવેગ સાથે ઊછળતો, નેતર વીંઝતો, હવામાં થરથરાટ બોલાવતો, ચમકતે નેત્રે ચાલ્યો આવે છે, ઢીંગલાને એ જ નિશાન પર ફટકારે છે, ફટકે ફટકે ઢીંગલાનું કાપડ ઉતરડાઈને અંદરથી ગાભા નીકળી પડે છે.

પણ આ તો હજુ પ્રેક્ટિસનો હૈયાઉછાળ છે. કાપડના ગાભા બનેલા ઢીંગલા ઉપર એ બાપડો ગમે તેટલું સજીવારોપણ કરે, છતાં પેલી જીવતા માનવી ઉપર સોટીઓ ખેંચવાની મજા ક્યાંય થાવી છે? પ્રેક્ટિસમાં પાવરધો થયા પછી કેટલો અધીર બનીને એ જીવતા માનવને માટે રાહ જુએ છે, તે તમે ન સમજી શકો, ભાઈ, અમારા જેવાં એના એકલોહિયાં સહધર્મી જેલભાંડુંઓની જ સમજમાં ઊતરે તેવી એ ગુપ્ત બાબત છે. દેવીની પાસે પાડા-બોકડાને જબ્બે કરવામાં જે આનંદ ભક્તને છે તેની શી ગણતરી હોઈ શકે આ ફટકા મારવા તલપી રહેલ અમારા મુકાદમની હૈયાહોંશ આગળ! એના કલેજાની હરિયાળી ઉપર કંઈક હરણાં કૂદંકૂદા કરી રહેલ છે. રોજ સંધ્યાટાણે એ પેલા ફટકાની સજાવાળા કેદી ખુશરુને, લાલિયાને અને દુલ્લારામને બહારપાટીનું રેંટકામ વગેરે કરીને આવતા ભાળે છે, અને એ ત્રણેયને ઉઘાડા કરી, લંગોટીઓ પણ છોડાવી વૉર્ડર જ્યારે એની જડતી લેતો હોય છે, ત્યારે એ ત્રણેયના કાળા, છલકતા, પાટિયા સરખા સપાટ ઢીંઢાં ઉપર કેવી માયાભરી મીટ માંડીને અમારો આ ફટકા-નવેશ મુકાદમ ભાઈ તાકી રહે છે! બિલાડીએ કોઈ ઉંદર તરફ, કૂતરાએ કોઈ મરઘી તરફ, કોહલાંએ કોઈ ખિસકોલી તરફ કે સાપે કોઈ દેડકા તરફ આવી રસભરી નજર નહિ ચોડી હોય.

કેમ કે એ બધાં તો ભૂખનાં વડકાં કરે છે. હોજરી ખાલી થાય ત્યારે જ તેઓની આ તલપાપડ વૃત્તિ બહેકે છે. જઠરનો ખાડો પુરાયા પછી તેઓને પોતાના ભક્ષમાં કશી જ લજ્જત નથી હોતી, વળી, એ બાપડાંની લોલુપતા તો પોતાની જાત બહારનાં જીવો પૂરતી.

આંહીં તો માનવીની મહત્ત્વાકાંક્ષાના અપાર લસલસાટ છે. એની લાલચની-નિસરણીને પગથિયાંનો પાર નથી. એમાં પણ જાતભાઈ ઉપર આ હૈયાનો ઉલ્લાસ ઠાલવવાની મજા તો એક ઈન્સાનને જ કુદરતે બક્ષેલ છે.

લાગણીનો દંભ કરીશ મા હો, ભાઈ રાજકેદી! તને શું કદી કદી તારી બૈરી ઉપર રોષ કરતાં કરતાં ઝનૂનનાં મોજાં પર મોજાં ચડયાં નથી? તારાં બાળકોને ઠોઠથાપલી કરતાં તારા હાથની હથેળી શું વધુ ને વધુ હિલોળે ચડી નથી? નિશાળના માસ્તરો જ્યારે વિદ્યાર્થીઓનાં સુંવાળા શરીરો પર મારપીટે ચડે છે ત્યારે શું એના હાથપગમાં ઓછી ચળ ઉપડે છે, ભાઈ? એ આનંદ, એ ગલીપચી, એ ઉમળકો તો વાણીમાં ન ઊતરે તેવાં છે,

ભાઈ! તો પછી અમારો મરાઠો મુકાદમ પેલા ત્રણેયના છલકતા દેહ ઉપર ટાંપી રહે તેમાં શી નવાઈ?

કાલે સવારે આ લાકડાની ત્રણપગી ઘોડી ઉપરથી લૂગડાંનું ઢીંગલું ખસેડી નાખશે, તેની જગ્યાએ ખુશરુ, લાલિયો ને દુલ્લારામ, ત્રણેયને નગ્ન કરીને એક પછી એક ઝકડી લેશે. સહેજ ઢળતા બાંધશે. ઉપર બે હાથનાં ને નીચે બે પગનાં કાંડાં એના પગ પૂરેપૂરા પહોળાવીને બાંધી લેશે એટલે પછી અમારા મરાઠા મુકાદમને નિશાન લેવામાં એ બંધાયેલ શરીરનો લગરીક થરેરાટ સુધ્ધાં નડતરરૂપ નહિ બને.

કલ્પના તો કરો, ભાઈ! મરાઠા મુકાદમની ઓ સોટીમાં કેટલું કૌવત અને કેટલી હોંશ પુરાશે એ ટાણે? ગાભાના ઢીંગલા ઉપર પણ જેણે ઠેકી ઠેકીને સોટીઓ ઝીંકી છે, તેની નેતરમાં આ જીવતા, લોહીછલકતા, લાગણીદાર ભક્ષને દેખી શી શી વીરતા નહિ નાચી ઊઠે!

એક ફટકો – બીજો ફટકો – ત્રીજો, ચોથો અને પાંચમોઃ રાક્ષસ જેવો લાલિયો ‘ઓય’કારો પણ કરે નહિ એ હું જાણું છું તેની પતરાજી કંઈ કમ નથી. એ જડ જેવો એમ ને એમ અભંગ સમાધિ ચડાવીને ફટકા ઝીલશે.

ભલે ને ઝીલે! એની જીભ નહિ બોલે, પણ એના ઢીંઢાં કંઈ થોડાં અબોલ રહી શકવાના હતાં! ચરડડડ, ખોભળાં ઉતરડાશે. અંદરથી લોહીની શેડો બહાર આવશે એટલે તો લાલિયો છે તે કરતાં પણ કેવો ભયાનક, કેવો કદરૂપો દેખાશે! કાળા કલેવર ઉપર લાલ ટશિયાની અને ભરોળોની ભાત પડશે. જોવાની મજા આવશે.

પછી પાંચ નહિ તો દસ ફટકે. ને દસ નહિ તો પંદર ફટકે લાલિયો બેહોશ બની જવાનો. હું તો ઈચ્છું છું કે એ જલદી જલદી શુદ્ધિ ન ગુમાવી નાખે તો સારું, કેમ કે બેહોશ બની ગયા પછી એને અને ફટકાને શું નિસબત! જે પીડા ભોગવવાની શુદ્ધિ જ ગુનેગારમાંથી વહી જાય, તે પીડા ઉપજાવવાનું શું ફળ! પછી પેલા બાપડા મરાઠા મુકાદમના હાથમાં ફટકો લાગવાનો ઉમંગ પણ શાનો રહેશે? એની મહેનત પોતાની તાત્કાલિક મજા પૂરતી તો નકામી જશે ના? કુદરતે મનુષ્યના પિંજરમાં આ બેભાન બની જવાની ગુપ્ત શક્તિ આપીને અમ જેવાંઓને ભારે મુશ્કેલીમાં મૂક્યા છે, ભાઈ! પછી તો પેલા ગાભાના ઢીંગલામાં ને બેભાન બનેલ લાલિયામાં શો તફાવત! પછી તો પથ્થરની છીપર પર ઘા કરવા અને લાલિયાનાં ઢીંઢાં ઉપર માર મારવો બન્ને સરખું જ ઠર્યું ને? ફરક તો ફક્ત ચામડીના ચરડાટ બોલવાનો, માંસના લોચા બહાર નીકળી પડવાનો, બહુ

બહુ તો અરધો રતલ લોહી ઝરવા પૂરતો જ ને? મને ખરેખર આ મરાઠા મુકાદમની મોજ મારી જવા વિષે બહુ લાગી આવે છે.

પછી તો લાલિયાને બેભાન હાલતમાં ઉપાડીને ઈસ્પિતાલે લઈ જવામાં આવશે, એનાં ઢીંઢાં ઉપર દવાઓ લગાવાશે, ને આઠ દિવસમાં તો એ હરતો ફરતો પણ થઈ જશે.

પણ એની તો બેભાનીય નામોશીમાં ખપશે. જેલનાં પ્રજાજનો કંઈ ઓછા વટદાર અને સ્વમાની નથી.

દુલ્લારામ પોતાની સજાના ત્રીસે ત્રીસ ફટકા સભાન રહીને ઝીલશે એટલું જ નહિ પણ પ્રત્યેક ફટકે એ ‘રામ! રામ! રામ!’ એવા ઉચ્ચાર કરશે. પછી બાપડા લાલિયાનો તો વકર જ નીકળી જશે ને? પણ ભાઈ લાલિયા ફિકર નહિ. ‘ઓય બાપ!’ અને ‘ઓય મા!’ની નામર્દ ચીસો પાડનારા ઘણાય આંહીં પડયા છે. આ ઘોડી અને નેતરવાળા મરાઠા મુકાદમના દીદાર માત્ર થતાં જ ભેંકડો મકી જેલ-સુપરિન્ટેન્ડેન્ટ સાહેબનાં ચરણોમાં ખોબો ખોબો આંસુ ઠલવનારા, માફી માગનારા, મોંમાં જોડો લેનારા પણ ઘણા પડયા છે. એ તમામનાં કરતાં તારી પાયરી ચડિયાતી રહેશે. તું રંજ કરીશ ના, વીર લાલિયા! અને તમે ત્રણેય જણા ફરી કદી ગંધારી ભાજી ન ખાવાની હઠ પકડીને સહુને ઉશ્કેરી બેસતા નહિ.

પણ હું તો ભારી ઉતાવળી બની ગઈ. ફટકાની સજાનું પ્રભાત ફૂટવાને હજુ વીસ કલાકની વાર છે, ત્યાં તો મને એ વાતનો કોઈ ગજબ ચરસ લાગી ગયો. મારી કલ્પનાની દુનિયામાં તો મેં ધરાઈ ધરાઈને આ લોહીની તેમ જ માંસના લોચાની મહેફિલ માણી લીધી.

શું કરું? હું તો કાંઈ ફટકા મારવાની ત્રિપગી ઘોડી કે નેતરની સોટી નથી થઈ શકવાની હું તો રહી જેલ-ઑફિસની બારી. મારે મૂઈને પરાયાંનાં આવા સૌભાગ્ય ભાળી ભાળી છાનાં છાનાં જલવાનું જ રહ્યું. પછી હું કલ્પનામાં એ મજા ન ઉડાવું તો કરુ શું?

પણ આવે અવસરે હું જેમ જેમ વિચાર કરું છું તેમ તેમ મને આ જેલરો અને સુપરિન્ટેન્ડેન્ટો ભારી દુત્તા, પક્કા, પાજી ને ખંધા લાગે છે. શા માટે તેઓ પોતે કદી પણ સોટી પકડીને ફટકાની સજા સ્વહસ્તે નથી કરતાં? પેલા મરાઠા મુકાદમને થોડીક માફીની લાલચ આપીને તમે આ કામગીરી કરાવો છો, સાહેબ. પણ ચાલોને હું તમને ‘આઈ. જી. પી.’ બનાવવાનું વચન આપું – એક વાર તો આ લાલિયાને આપ જાતે ઊઠીને ત્રીસ ફટકા લગાવો!

નહિ થઈ શકે તમારાથી. તમે તમારા ચહેરા પર ચાહે તેટલી કરડાકી ધારણ

કરો, કાગળ પર ફટકાની સજા છો લખો, પણ તમારા જિગરમાં એ તાકાત નથી. તમને આ સજાનો ઊંડો ત્રાસ છે. એ લોહીમાં તમે પોતાના હાથ બોળવા તૈયાર નથી. એટલે જ તમે ખડિયામાં ફક્ત કલમ બોળીને બાકીનું યશસ્વી કામ આ મરાઠા મુકાદમ જેવા વીર માટે જ રાખો છો.

હું તો પૂછું છું કે પેલા મેજિસ્ટ્રેટ સાહેબ ક્યાં છે? શહેરની કોર્ટમાં બેઠા બેઠા ઠંડે કલેજે ફટકાની સજા ચીતરનાર એ ન્યાયમૂર્તિને આંહીં બોલાવો ને એના હાથમાં નેતર આપો! એને પચાસ કદમ પરથી છલંગો મારીને નેતર વીંઝતા વીંઝતા આવવાનું કહો અને એક જ ફટકો મારવા દો, પછી જુઓ – એ પોતે જ મૂર્છા ખાઈને ભોંય પર પટકાઈ પડે છે કે નહિ? નરવીર મરાઠા મુકાદમ! આ બધા કરતાં તું કેટલો બધો બહાદુર છે, હું તારાં વારણાં લેવા તલખું છું, પણ આ સળિયારૂપી મારા લોખંડી હાથને દીવાલે જકડી રાખ્યા છે. પણ ધન્ય છે તારી ‘પ્રેક્ટિસ’ને.

દાક્તર દાદા

સલામ, દાક્તરસાહેબ! હું જેલ-ઑફિસની બારી તમને સલામ કરું છું. તમારાં તો વારણાં લેવાને મને કોડ થાય છે. કોઈ મારા હાથ છૂટા કરે તો હું ખાતરીથી કહું છું કે તમારાં વારણાં લીધ્યે મારા આ સાંધાસૂંધા વગરની લોખંડી આંગળીઓમાં પણ ટચાકા ફૂટે.

તમે કંઈ ઓછાં કષ્ટો ઉઠાવો છો, દાદા! બીજાઓ સમજતા હશે કે તમારું ગળું ગલોફામાં પાનપટ્ટી હોવાથી ફુલાય છે. પણ સાચું કારણ તો એક હું જ જાણું છું. તમને તો ત્રાડો પાડી પાડીને કંઠે સોજો આવ્યો છે, અને એ ત્રાડ પણ કંઈ જેવી તેવી?

'લે જાઓ સાલોકો ચક્કીમેં! ઉસ્કા બુખાર ઊતર જાયગા!'

'જાઓ ડાલો સાલોકો રેંટપાટી મેં! પેટ મેં અચ્છા હો જાયગા.'

'પિચકારી-પિચકારી લેનેકી ના બોલતા હૈ, સાલા હરામી? ઉઠા જાઓ ઉસ્કો કોસ ખિંચનેમેં – સબ દરદ મિટ જાયગા.'

બંદીખાનાના કલેજા સરખી એ વચ્ચોવચ આવેલી ઈસ્પિતાલમાંથી જ્યારે આવા સિંહનાદ ઊઠે છે, ત્યારે દૈત્ય જેવા હજાર-પંદરસો બંદીવાનોના પણ હોશ તમે ખાટા કરી નાખો છો. અને ગર્જનાઓ ન કરો તો તમે કરોય શું બીજું? દવાખાનામાં પૂરી દવાઓ નથી, કેદીઓમાં કૂડકપટ અને દોંગાઈનો પાર નથી. સૂબેદારને મજૂરી પૂરી કરાવવામાં તૂટ પડી જાય છે. તમે થોડાં દૂધચાવલ વધુ છૂટથી આપો છો તો પેલા છેક પૂનામાં બેઠેલ હાકેમના હૈયામાં પણ વરાળો ઊઠે છે. પછી તો તમારી તમામ વિદ્યા એ સાવજશૂરી ત્રાડોમાં જ રૂપાંતર પામે ને, દાદા!

માત્ર ત્રાડો જ નહઃ કોઈ કોઈવાર તો તમારા ઠોંસા ને લાત પણ અમૂલખ ઇંજેક્શનનું કામ કરી આપે છે. 'દાદા! દાદા!' કરતો તમારો પગ ઝાલીને બેઠેલો એ દમલેલ કેદી જ્યારે ઓચિંતો તમારા પગનો જરીક જોરદાર સ્પર્શ પામીને ચતોપાટ જઈ પડે છે, ત્યારે મારું જો ચાલતું હોય તો હું બુઢ્ઢી બુઢ્ઢી પણ આવીને તમારાં એ ચરણો ચાંપવા બેસી જાઉં એવું મન થઈ આવે છે.

સરસ છે એ રસમઃ વિદ્યાલયમાંથી પાસ થઈને સરકારી નોકરી લેનારા એકેએક યુવાન દાક્તરને પ્રથમનાં બે વર્ષો આ જેલનું દવાખાનું ચલાવવું પડે એ પદ્ધતિ મને ભારી પસંદ છે. બે વર્ષની અંદર તો ભાષા પાસાદાર બને અને અમુક ઘાટીલાં રૂવાબી વાક્યો જીભને ટેરવે રમતાં થઈ જાય; દાક્તરની મુખમુદ્રા સૌમ્ય, શાંત અને મરક મરક હસતી હોવાનો જે ખોટો વહેમ ચાલે છે તેને બદલે 'અર્ધ ફોજદાર-અર્ધ જેલર' જેવી વિકરાળ અને લુચ્ચી સિકલ બની જાયઃ દરદીને પંપાળવા-પટાવવાના જે ઢોંગધૂતારા પેસી ગયા છે તેને બદલે ધાકધમકી અને લાલ આંખો વડે જ અરધું દરદ દબાવી દેવાની શક્તિ પ્રાપ્ત થાયઃ દવાઓને બદલે નર્યા નિર્મળ જળ વડે જ બિમારી હટાવવાની બાહોશી આવેઃ અને જીવનમૃત્યુ વિષેની એવી ભવ્ય ફિલસૂફી ભણી લેવાય કે હવે દર્દી જીવ્યો તોય શું ને મર્યો તોય શું? એન્ટીફ્લોજેસ્ટીન વાપર્યું હોય તોય શું ને એક કોટડીમાં એને ફગાવી નાખ્યો તોય શું? દરદીને મળતું દૂધ તે ખાય તોય શું ને બાપડા પેલા થાકીપાકી લોથ થઈ જતા મુકાદમો આવીને મોડી રાતે એ દૂધનો દૂધપાક કરી જમી જાય તોય શું? મરી રહેલ બીમાર કેદીને મળવા એનાં દૂરવાસી સગાંવહાલાં વખતસર આવી પહોંચ્યાં તોય શું ને એના ખોળિયાને ફૂંકી દીધા બાદ એક કાગળથી ખબર પહોંચાડવ્યા તોય શું? દવા, સારવાર, સુધામય શબ્દો, રોગીના તપ્ત લલાટ પર 'દાક્તર દાદા'નો એક જ કરુણાળુ કરસ્પર્શ, અને આખરે અધૂરાં સાધનોની સારવારથી જિંદગીનો ત્રાગડો ન સાંધી શકાતાં એ 'દાદા! દાદા!' કહેતી સુકાતી જીભ ઉપર ઠંડા પાણીની નાની-શી ટોયલીઃ આવા આવા લાગણીવેડાની કશી જ લપછપ ન રહેવા દેનારાં જેલ-ઈસ્પિતાલનાં જોડ-વર્ષો તમને મુબારક હજો, ઓ પ્યારા દાક્તરસાહેબ!

બરાબર ખબરદાર રહેજો, હો દાદા! આ નવો જમાનો એવું વિચાર-વિષ પાવા લાગ્યો છે કે દાક્તરની ખુરસી સન્મુખ તો નથી કોઈ ચોર કે નથી કોઈ શાહુકાર – એ તો છે ફક્ત 'દરદી': એના આચાર કે વિચાર સામે જોવાનું નથી દાક્તરોએઃ એનો રોગ ભલે હો અકસ્માત, ગફલત યા તો ઈરાદાપૂર્વકની બદફેલ જિંદગીનું પરિણામ, છતાં દાક્તરની આંખોમાં તો એ રહે છે એક અસહાય શરણાગત રોગીઃ એવી શરણાગતિની ઘડીએ દરદીની અસહાયતાનો લાગ દેખીને, 'તું તો એ લાગનો જ હતો, તારાં તો કામો જ એવાં હતાં' – આવા ટોણા મારે તે દાક્તર નહઃ મોતની છાયાને સામે ઊભેલ દેખીને ગભરાઈ ઊઠતો રોગી દાક્તરની સામે ગમે તેવા બકવાદ માંડે ને ગાળો ભાંડે એટલે 'તને આ બધું તારું મોત બોલાવી રહ્યું છે' એવા બોલ કાઢનાર તે દાક્તર નહીઃ મરતાને પણ 'મર' કહે તે દાક્તર નહઃ સાચો દાક્તર તો આખરી ઘડી સુધી દરદી અને મૃત્યુની વચ્ચે ઈલાજો કરતો ઊભો રહે ને ઈલાજનું સાધન ન હોય તો યમની બિહામણી આંખોના

ડોળાને આવરતો, રોગીને ઈશ્વરનું ધામ યાદ આપતો, અને છેલ્લી લડાઈમાં જીવાત્માને સુભટ બનવા પડકારતો ખોળામાં માથું લઈને બેઠો રહે...

ખી-ખી-ખી-ખી... દાક્તર દાદા! આવી આવી વિચારઘેલછા ઊભી કરનારા આ યુગકાળને પડકારો. પેલા કવિરાજના સુપ્રસિદ્ધ શબ્દો વડે કે 'થંભો બારણાની બહાર! આ જોદ્ધો જુદો છે.' જુઓ તો ખરા, જગલો કેદી ચોખ્ખે ચોખ્ખો ચક્કી પીસવાની દગડાઈ કરીને એક દિવસનો આરામ માગવા આવ્યો છે, તેને તમે શી રીતે છુટ્ટીનું સર્ટિફિકેટ આપી શકો? એનાં ફેફસાં નબળાં હતાં, તો પછી એ આંહીં આવ્યો શા સારું! ને માજિસ્ટ્રેટે સજા ફરમાવતી વખતે તેવો કાંઈ તામ્રલેખ કરી આપ્યો નથી કે સજાની મુદત પૂરી થયે એને જીવતો એની ઓરતના હાથમાં સોંપવો. હવે એ ઝાડાપેશાબથી લદબદ પથારીમાં 'મારો ટપુડો! મારો ટપુડો!' ઝંખતો સનેપાતમાં દીકરાને સંભારે છે તે વેળા શું તમે એના લલાટ ઉપર હથેળી મૂકવા અને એનું ગંધાતું માથું ખોળામાં લેવા જાઓ?

આપણે તો ઘણું ય સમજીએ છીએ કે જગલાનો રોગ કંઈ પ્રથમથી જ અસાધ્ય નહોતો, એને આરામ અપાયો હોત તો ત્રીજે દિવસે જ એ ઘોડા જેવો બનીને પાછો ચક્કીને લાગી પડત. અથવા એ પટકાઈ પડયા પછી પણ પેલી દવાની શીશી ખાલી ન પડી હોત તો એનો ઉગાર થઈ શકત. પણ માણસ શું બહાર નથી મરી જતા? તો પછી આંહીંયે શું ન મરે? બહાર તો એને આટલીયે દવા ન મળત.

બેશક, તફાવત એટલો કે બહાર એ જગલો એની ઓરતને હાથે સારવાર પામતો એના ટપુડા દીકરા અને દીવડી દીકરીની સામે મીટ માંડતો, એના ભાઈ-પિતરાઈને ભરભલામણ દેતો સદ્‌ગતિથી શરીર છોડત. પણ એટલે શું, દાદા! તમારે ઊઠીને આંહીં એની, મા, બાયડી અને એના ટપુડા કે દીવડીના પાઠ ભજવવા? એંહ દાદા, એવા ઢોંગ આપણને પરવડે નહિ. જેટલા સુંવાળા થઈએ એટલું આ લોકોને ગુના કરવાનું પ્રોત્સાહન મળશે. એ ધારાળાફારાળા અને બીલડાંબીલડાં એવાં પાજી છે કે આવા સુંદર મકાનમાં અને આવી ખુશબોદાર ફૂલવાડી વચ્ચે મરવાની લાલચે પણ તેઓ ગુના કરવા મંડી પડશે. વાસ્તે એને તો ઉત્તેજન આપવું જ નહિ. કામ લઈ શકાય તેવો કસ લાગે ત્યાં સુધી દવાદારૂ કરવાં. બાકી એને આંહીં પૂરતી વેળા નખમાંય રોગ નહોતો માટે છોડવાં પણ નીરોગી કરીને, એવી કોઈ બંધણી નથી. દફતરમાં એના નામની સામે 'ઇસ્પિતાલે ગુજરી ગયો' એટલો શેરો થઈ જાય એટલે તો નિહાલ થઈ ગયાં.

કેવા બડભાગી છો તમે, દાક્તર દાદા! જિંદગીમાં પ્રવેશ કરતાં પહેલાં જ તમને

એવાં સરસ બે વર્ષો મળી ગયાં કે જેણે જગતની કાળામાં કાળી બાજુ તમારી સામે રજૂ કરી. તમને જગતમાં ક્યાંય જંપવા ન આપે એવી હેવાનિયતનો ખ્યાલ ઠસાવી દીધો. પગલે પગલે તમને આ દુનિયા ઢોંગી, દગડી ને લબાડ જ દેખાયા કરશે. તમને કોઈનો ઈતબાર નહિ બેસે. બધાં તમને છેતરવા જ આવે છે એવી જાગ્રત મનોદશા નિરંતર રહેશે. દાક્તર બાપડો ઈશ્વરનો દૂત બનવાની કોશિશ કરી ધુતાય છે. તને બદલે તમે તમારી તબીબીવિદ્યાની સાથે પોલીસવિદ્યાનું તત્ત્વ જોડી શકશો. તમે ખાટી ગયા છો હો, નૌજવાન દાક્તરસાહેબ!

મને તમારા વિનિપાતની બીક ક્યારે હતી, કહું? જ્યારે તમે પેલા બે જુવાન રાજકેદીઓની જીવલેણ બીમારીમાં એક માસના અથાક યત્નો માંડયા હતા ત્યારે; તમે શરૂમાં સુંવાળું અંતર રાખીને આ દેશભક્તનું રોમેરોમ તમારા હાથની અમૂલખ થાપણ ગણ્યું હતું ત્યારે,

હું ચીસેચીસ પાડતી હતી કે 'લપટ્યા, એ અમારા બાંધવ, તમે નક્કી હવે લપટી પડયા.'

પણ ત્યાં તો કેદીઓનો રાફડો ફાટ્યો. ઈસ્પિતાલ તો સર્વના હિલનમિલનની છૂપી આશ્રયભૂમિ બની ગઈ. રાજકેદીઓમાં પણ દાદાગીરી કરવા ટેવાયેલાઓ ધરાર-ધણી બની બેઠા. ફૂલોની અધઊઘડી કળીઓ જેવા સુકુમાર કુમારો અને જીવનભરના આજાર આધેડો, અશક્ત બુઢ્ઢાઓ, ગુલાબની પાંદડીઓથી પગ-પાનીઓવાળા લક્ષ્મીનંદનો અને સાઠીકડાં સાથે હોડ કરતાં કલેવરો થકી શોભતા વિદ્વાનોઃ આવું જંગી દળકટક જ્યારે જેલમાં આવી પહોંચ્યું ત્યારે પછી રસોડામાં તુવેર-મગની દાળ ગભરાઈને જળસ્વરૂપ બની ગઈ. જુવાર-બાજરીના રોટલા કરવતે વેરવા જેવા થઈ રહ્યા. અપચો, ઝાડા, મરડા, ઈત્યાદિની બૂમ બોલી. દૂધભાતના તબીબી ખોરાક માટે ત્રાગાં થવા લાગ્યાં. એ દળકટકમાં જેઓ વડા ગણાતા તેઓનું પ્રયાણ ઈસ્પિતાલના પલંગો તરફ વિનારોગે પણ વધતું જ ગયું. જીવતર ધરીને જેમણે કદી જુવાર-બાજરીનો સ્વાદ જાણ્યો નથી તેવા દૂધમલિયાઓ તમારી સામે હક્કનો અવાજ કાઢતા ઊભા રહ્યા.

ક્યાં પેલા જગલાફગલાની રાંકડી કાકલૂદી, અને ક્યાં આ હક્કદારીના સ્વમાની શબ્દો! તમારી સામે ખાલી બાટલીઓ હસે છે! તમારા માથા પર છેક પૂંને બેઠેલા હાકેમનો ઓળો હથોડો ઉગામી ઊભેલ છે; અને પેલા જગલાફગલાના લાંબા સહવાસે તમારી જીભને અમુક જાતના વળાંક વળાવ્યા છે. એટલે પછી તો તમારી અકળામણ કંઈક આવા

શબ્દોમાં ઉચ્ચાર પામે જ ને! –

'તો પછી આંહીં આવ્યા શું કામ?'

'આંહીં કાંઈ સૅનેટોરિયમ થોડું જ છે?'

'કસરત કરો ને, રોટલા પચી જશે.'

'શું મિસ્તર, તમે દૂધભાત ખાવા સાટુ થઈને આ ઢોંગ કરો છો?'

'આમને ચક્કીમાં ઉપાડી જાઓ ચક્કીમાં, એટલે બધી ફરિયાદ ટળી જશે.'

શાબાશ દાદા! આ તમારી વાત મને ગમી. તમે પાછા આપણા સીધા માર્ગે ચડી ગયા. આપણી નજરમાં તો તમામ કેદીઓ સરખાઃ ચાહે જગલો ખૂન કેદી હોય કે ચાહે મધુસૂદન રાજકેદી હોય. વળી એક વાર જંગમાં ઝુકાવી બેસનાર જુવાનને તો એની ફિશિયારી બદલ આવા ટોણા મારવાનો આપણને હક્ક છે. અને જેઓના હાથ નીચે આપણા જેવા તો ચાર-ચાર કંપાઉન્ડરો ચાકરી કરતા હોય તેવા જાજરમાન દાક્તરસાહેબો જેલની બહાર ભલે આપણી પૂજાના અધિકારી રહ્યા, આંહીં તો તેઓ પણ કેદી જ લેખાય. તો પછી તેઓ શા અધિકારે આંહીંથી અમુક જ દવા માગી લઈ શકે? તેઓએ પણ આપણી જ સારવાર નીચે મુકાવું રહ્યું.

મને તો દિવસરાત એક જ ફિકર થયા કરે છે, દાદા, કે આ નવા યુગના હાથમાં જેલોની સત્તા સોંપાશે એટલે તેઓ જેલ-ઇસ્પિતાલોના વહીવટમાં ભયાનક પરિવર્તન કરી નાખશે. એ નવા કારભારીઓ આવીને પ્રથમ તો પેલા રવિવારિયા હિન્દુ-મુસ્લિમ ધર્મોપદેશકોને રુખસદ આપશે, આત્માના ઉદ્ધારને બદલે આ લોહી, પરુ ને મળમૂત્રે ભરેલા દેહની સાચવણ ઉપર ભાષણો દેનારને નોતરશે, ઇસ્પિતાલોમાં રોગીની સારવાર શીખવવાના વર્ગો કાઢશે. જાદુઈ ફાનસો અને સિનેમાની ફિલમો બતાવી શરીરસુખાકારીના ઈલમો ભણાવશે. એક એક કેદીને ભલી જીભે બોલાવી ચલાવી દાક્તરો એના સાચા 'દાદા' બનીને રહેશે, ગંભીર માંદગી ભોગવતા કેદીની પથારીએ એનાં સ્વજનોને તેડાવી ચાકરી કરવા દેશે. ઓસડિયાંની અછત હશે તો જેલની જ જમીન ઉપર વૈદકની વનસ્પતિઓ વવરાવશે, આખો દિવસ મજૂરી ખેંચનારા હજાર-દોઢ હજાર જણ વચ્ચે જ આ તમે બે જુવાનો તૂટી મરતા મૂંઝાઈ જઈ મિજાજ ગુમાવી બેસો છો, તેને બદલે તે વખતે એક જેલર ઓછો કરીને ત્રીજો તબીબ વધારશે, અને એ દોઢ હજાર કેદીઓમાંથી જ પચીસ જણને ચૂંટી 'નર્સિંગ'માં પ્રવીણ બનાવશે.

આવી તો કંઈક ઊથલપાથલો કરી નાખવાની રાહ જોતો બેઠો છે આ નવલોહિયો નવો જમાનો. મનો તો ધાસ્તી છે, ઓ દાદા, કે તે દિવસે તો તમે પણ બદલાઈ જશો. તમારા કલેજામાં પણ કૂણાશ પેસી જશે. હું શું જૂઠી બીક રાખું છું? વચ્ચે શું તમે પોતે જ નહોતા પોચા પડી ગયા? ક્યારે કહું? પેલા એક સાહેબ થોડા મહિના આવી ગયા ત્યારે.

પહાડોના શિખર પરથી ઊતરેલો એ તો એક દેવદૂત હતો. કોમે અને વંશે એ ઈસ્લામીઓનો 'હજરત' હતો. શુદ્ધ અરબી ખાનદાનનું લાલ ગુલાબી લોહી એની શિરાઓમાં વહેતું હતું. એની મુખમુદ્રા પર ઝગારા મારનાર કેવળ દેહની તંદુરસ્તી જ નહોતી; એ તો હતી અંતરાત્માની નિરોગિતા. એના બાલક જેવા મોંમાંથી તાજાં ફૂલ જેવું હાસ્ય ઝરતું ને એવી જ વાણી ફોરતી. અરધા માથા સુધી ખેંચાયેલું એનું લલાટ ધૈર્ય અને વિચારશીલતાનાં કિરણો પાથરતું હતું.

એને આવ્યાં ચાર જ દિવસ ઊગીને આથમ્યા ત્યાં જ શું આ કારાગૃહની કાળાશ ભોંઠી પડી નહોતી? બુરાકોના દરવાજા દર પ્રભાતે પૂરેપૂરા ઉઘાડા મુકાતા ત્યારે શું કેદીઓનાં હૈયાં નહોતાં થનગની ઊઠતાં? 'બાપ આવ્યો! આપણો સગો બાપ આવ્યો!' એવા શબ્દો શું અનેકનાં અંતરમાં નહોતા ગુંજતા? એણે તો શાસન સ્થાપી દીધું શંકાને બદલે વિશ્વાસનું, દમદાટીને સ્થાને સભ્ય સમજાવટનું, અનુકમ્પાનું, વાત્સલ્યનું.

છતાં એના શાસનકાળમાં જેલની શિસ્ત તો જરીકે તૂટી નહોતી પડી. એની ભલાઈથી ખૂનીડાકુઓ કોઈ વિફર્યા પણ નહિ. કામકાજ ક્યાંય કમતી ન ઊતર્યું, બંદીવાનોના દિવસો જાણે કે દોટમદોટ ચાલ્યા જવા લાગ્યા. જેલને ખૂણે ખૂણે એના આત્માનાં અજવાળાં અજવાળાં છંટાઈ ગયાં.

એ-ના એ માણસોઃ એટલી જ ઓછી દવાઓઃ એ-નું એ જ દાળશાકનું પ્રમાણઃ નવું કરવાની કશી જ સત્તા લઈને એ પહાડોમાંથી નહોતો ઊતર્યો. પરંતુ દોઢ હજાર બંદીવાનોને ભૂખ હતી કોઈ માયાળુ મુખના દર્શનની, માયાળુ બોલની, માયાળુ વર્તાવનીઃ એ ભૂખ નેકપાક ડાહ્યા મુસ્લિમે ભાંગી.

કદાચ કોઈ કોઈ લાલિયો, અલીખાં કે પેથો કેદી એને છેતરી ગયા હશે. જાણીબૂજીને એણે પોતાની જાતને છેતરાવા દીધી હશે. પોતાની જાતને કોઈક વાર છેતરાવા દેવામાં પણ મહાનુભાવતા રહેલી છે.

નહિ તો એની આંખ શું તમારા કરતાં ઓછી ચકોર હતી, દાદા? એની ત્રાડ શું ઓછી બુલંદ હતી? એના કદાવર શરીરમાં રૂઆબ શું જેવો તેવો ભર્યો હતો? એનો એક

ગડદો કે એની એક પાટુ ખમી શકે તેવો કોઈ વજ્રકાય કેદી હતો શું આ કારાગારમાં?

ચાર મહિનાનું સ્વપ્ન દેખાડીને એ તો ચાલ્યો ગયો પાછો પહાડો ઉપર. બલા ટળી! પણ હું તો કંપી રહી છું એ જ બીકે, મારા જાની દોસ્ત દાક્તર દાદા, કે આવો આવો અક્કેક આદમી નવી સત્તાઓ લઈ ને નવા કાર્યક્રમો સાથે જે દિવસે પ્રત્યેક જેલ ઉપર ઊતરશે, તે દહાડે તમારા જેવા જુવાનો ઝટ ઝટ પલટી શકશે, પણ મારા જેવી પોણોસો-સો વર્ષોની ડોકરીનું તે દહાડે શું થશે? મારાં આંસુનાં જવાહિર બધાં લૂંટાઈ જશે ને?

'ઔર કુછ?'

'ટાટ કપડેકી સજા તુમકો!'

'ઔર કુછ?'

'ચુપ રહો! હાથબેડી ડાલો. લે જાવ ઈસ્કો.'

'ઔર કુછ?'

'ઐસા? પાંઉબેડી.'

'ઔર કુછ?'

'દો દિન કાંજી.'

'ઔર કુછ?'

'આડીબેડી.'

'ઔર કુછ?'

'લે જાવ યે બદમાશકો, કલ પચીસ ફટકા લગાઓ.'

દરવાજાની અંદર આજ સોમવારની સવારે આ ફટાકડાની પેટીની શી તડાફડી બોલી રહી છે, હેં ભાઈ હનુમંતસિંગ દરવાન!

હાં, હાં, આ તો કેદી નં. ૪૦૪૦નો સાહેબની સન્મુખ આજે ખટલો થયો છે. નં. ૪૦૪૦ શું આટલી બધી ખુમારીથી 'ઔર કુછ?' 'ઔર કુછ?' કહેતો સજાઓ માગતો ગયો? ને છતાં સાહેબની તપતી જતી ત્રાડોની સામે એ કેદીએ શું આટલી બધી ખામોશ ધરી રાખી? 'ઔર કુછ'ના એના સ્વરોએ આખર સુધી પોતાનું સપ્તક બદલ્યું જ નહિ! સાહેબની આંખનાં ચશ્માંની આરપાર પણ જ્યારે ભડકા ઊઠ્યા હતા ત્યારેય નં. ૪૦૪૦ની ભારેલી ભઠ્ઠી અદીઠી અને એવી ને એવી સાબૂરીથી જલતી રહી!

એક એક ટંકના બે બે રોટલાથી પણ ભૂખ્યો રહી જતો કેદી નં. ૪૦૪૦ કેદમાં

આવ્યો ત્યારથી જ ચક્કી પીસતાં પીસતાં એ ગમાર લૂખો આટો ફાકી જતો હતો. એક દિવસ એની આ ભયંકર ચોરી પકડાઈ ગઈ. એની નાની-શી કસૂરને માટે મુકાદમે એનું કાંડું ઝાલી, એની કાકલૂદીની અવગણના કરી, એને કાયદાકાનૂનની સમજ પણ પાડ્યા વગર જ્યારે વડા હાકેમની ખુરસી સન્મુખ 'ખટલો' કરી ઊભો રાખ્યો, ત્યાં સુધી એને લાજ હતી, ડર હતો, કમ્પ હતો. પણ પછી તો એણે સજાનું માપ એક વાર માપી લીધું. બીજી વાર અને ત્રીજી વારને ખટલે જ્યારે એને પૂછ્યાગાછ્યા વિના ડાકુ મુકાદમની ફરિયાદ પરથી ઉપરાઉપરી સજાઓ અપાઈ, અને મંગળવારને મંગળ મૂરતે એને ફટકા લગાવવામાં આવ્યા, ત્યાર પછી, બસ કેદી નં. ૪૦૪૦ ફાવી ગયો. નિહાલ થઈ ગયો.

એને ત્રિપગી ઘોડી ઉપર તદ્દન નગ્ન કરીને, લંગોટ પણ ઉતારી લઈ, એના ઢીંઢાં ઉપર જે લીલી દવા ચોપડવામાં આવી તે દાક્તર દાદાની જ બનાવેલી દવાઃ પછી લીન્ટનું ભીનું પોતું એ ફટકા પડવાની મુલાયમ જગ્યા પર લગાવ્યું તે પણ દાક્તર દાદાએ જ લગાવ્યું. પછી પેલા પહેલવાન પઠાણ મુકાદમ પાસેની બે નેતરની સોટી ભીંજવવામાં આવી તે પણ એ દાદાએ જ બનાવેલી લીલી દવામાં. પછી એ વીંઝી વીંઝીને ચગાવેલી સોટી જ્યારે એક, બે ને ત્રણ ફટકે તો પેલી લીન્ટનું પોતું ઉતરડી, ચામડી ચીરી, લોહીમાંસના ભર્યા સરોવર સમાન એ નં. ૪૦૪૦નાં ઢીંઢાંમાં હર ફડાકે જળક્રીડા (અરે નહિ, રક્તક્રીડા) કરવા લાગી ત્યારે પણ દાદા જ એની પાસે ઊભા રહી, એ ચીરાને તપાસી હુકમ આપતા હતા કે 'ચલાવો! ફકર નહિ, ખમી શકશે.'

પાંચ ફટકા વટાવી ગયા પછી તો નં. ૪૦૪૦ સમાધિસ્થ થઈ ગયો હતો, પરંતુ પછી જે વેળા એને જાગૃતિ આવી તે વેળા એણે જોઈ લીધું કે પોતે ક્યાં હતો, અને પોતાની આ દશા કરનાર મુખ્ય માણસ કોણ હતો.

પોતે હતો ઈસ્પિતાલમાં. ત્યાં દાક્તર દાદા કેવા પ્યારથી એનાં ચિરાયેલ ઢીંઢાં પર મલમપટા કરતા હતા! ઘોડી પરથી છોડયા પછી ત્યાં ને ત્યાં પાટાપિંડી કરી એને એ નિદ્રસ્થ અવસ્થામાં જ ઝોળીએ નાખી લેવરાવી આવનાર પણ દાક્તર દાદા જ હતા. વળી, દાદાએ જ કહ્યું કે 'દોસ્ત, આજથી આઠ દિવસ સુધી તને દૂધ ઉપર જ રાખવાનો છે.'

આમ છતાં એ નં. ૪૦૪૦ શા સારુ સાજો થયા પછી દાક્તર દાદા ઉપર જ દાંત કચકચાવીને મુક્કો ઉગામતો હતો? શું દાદાએ ચોપડેલી પેલી લીલી દવાનો હેતુ ફટકાની વેદના વધારવાનો હતો? પોતું લગાવ્યું તેથી જ શું એને પહેલે ફટકે કાળી લાય ઊઠેલી? અને કેદી પૂરા પંદર ફટકા ઝીલવા સશક્ત છે એ ખાતરીપત્રક દાક્તર દાદાએ

દીધેલું એમાં દાદાનો બાપડાનો શો અપરાધ?

'હાથમાં આવે તો ટોટો જ પીસી નાખું દાક્તરનો; છોડું નહિ. ભલે ફાંસીએ લટકાવે!'

આવા અસ્પષ્ટ બોલ નં. ૪૦૪૦ ના બે હોઠ વચ્ચે ફફડાટ કરી રહ્યા છે. બેવકૂફ કેદી સમજી શકતો નથી કે આમ તે શા માટે કરવામાં આવ્યું. એ મનમાં મનમાં પૂછે છે કે અલ્યા ભૈ! મને દવા કરતાં કરતાં ફટકા મારો છોઃ ફટકા મારતાં મારતાં દવા કરો છોઃ એક તરફ જલ્લાદને ઊભો રાખો છો ને બીજી તરફ ઊભા રાખો છો દાક્તરને. પહેલાં પ્રથમ જાણે કોઈ સાત જન્મોનાં વેર વાળવાં હોય તેટલા ઝનૂનથી માર મરો છો, ને પછી પાટાપિંડી કરાવો છો, પહેલાં ઘોડી પર મારો વધસ્તંભ ભજવો છો, ને પછી ઝોળી પર પોઢવાનું માન મને આપો છોઃ પહેલાં પૂરો રોટલો પણ દેતા નથી, ને પછી પાછા આઠ દિવસ સુધી દૂધનો આહાર આપો છો. તે કરતાં મને તમારી ઘંટી પીસતાં પીસતાં આટો ખાવી ન પડે તે સારુ એકાદ રોટી વધારે આપી હોત!

આ તે તમારી કેવી અદ્‌ભુત સમતોલનીતિ! કેટલી અદલ ઇન્સાફિયત! ધન્ય છે એ ફટકાની સજાના કો પરમ શોધક પુરુષને! પણ દાક્તર... દાક્તરનો હું ટોટો જ પીસી જઈશ. હું મૂર્છા ખાઈને ઘોડી ઉપર મારા દેહનો ઢગલો કરી પડયો હતો, ત્યારે પણ એની ઇન્સાનિયત ન પોકારી ઊઠી કે હવે આ મુડદા પર પ્રહર ન કરજો.

ભાઈ કેદી નં. ૪૦૪૦! તું આ દાક્તર દાદા ઉપર ગેરવાજબીપણે આટલો ઉશ્કેરાઈ જાય છે. બેભાન થયા પછી તારા પરના ફટકા એણે પૂરા કરાવ્યા તે તો ઊલટાનું સારું થયું. પાંચ જ ફટકે તને એ ત્રિપગી ઘોડી ઉપર મીઠી નીંદ આવી ગઈ. અને પછી કેટલી લજ્જત પડી તને બાકીના ફટકા ખાવાની! તારે અને ફટકાને પછી શી નિસબત હતી, યાર!

હિસાબ તો ગણ, ભૂંડા, ખરી રીતે તને તો માત્ર પાંચની જ વેદના વરતાઈ ને? એટલે કે તારું કામ તો પાંચથી જ પતી ગયું ને? બાકીના દસ તો તારા બેભાન ખોળિયા પર પડીને પૂરા થઈ ગયા. એક તો તું ખાટી ગયો, બીજું જેલવાળાની સજા સચવાઈ ગઈ. ને ત્રીજું દાક્તર દાદાને વારંવાર દયાર્દ્ર બની જઈ જેલર ઇત્યાદિની નજરે અળખામણા બનવાનું મટયું.

વળી, તારે આ બધી પૂછપરછ કરવાની જરૂર પણ શી છે, મારા ભાઈ! એક તો તને મફત આટો ફાકવા મળ્યો. પછી તને આઠ દિવસની છૂટ મળી, દૂધ મળ્યું, ફટકાની સજાનો અણમૂલ અનુભવ મળ્યો. શરીરનો કયો ભાગ વધુમાં વધુ યાતના ખમીને પાછો

વહેલામાં વહેલો રૂઝ ઉપર આવી જાય છે તેનું તબીબી જ્ઞાન મળ્યું! તું ખાટી ગયો.

દાક્તર દાદાનો ટોટો પીસવાની તો તારે જરૂર જ નથી. તું નક્કી માનજે, એનો આજનો દિવસ કડવો ઝેર થઈ ગયો. એને આજે ઘેર જઈ ખાવું ભાવવાનું નથી. મરચું-કોથમીર નાખીને પતિની પ્યારી અડદની દાળ પકાવી વાટ જોતાં બેઠેલાં દાક્તરાણી આજે દાક્તર દાદાનાં નયનોનું અમી દેખવાનાં નથી. એની નાની દીકરી અરુણા-વરુણા-લતિકા કે મંજરી – જે હો તે નામની – આજ બાપના હોઠની ચૂમી પામશે નહિ. દરેક કામમાં ને સ્થાનમાં તારા ઢીંઢાના માંસના લોચા જ એની નજર સામે તરવરી ઊઠશે, ભાઈ નં. ૪૦૪૦! એની ખીંટી ઉપર લટકતો કાળો ઓવરકોટ આજે રાત્રીએ એને તારા, ઘોડી પર ઢળી પડેલી મૂર્છિત કલેવરનું જ સ્મરણ કરાવશે.

એક નવી યોજના

બેભાન ખોળિયા ઉપર ફટકાનાં પ્રહારઃ આપણા કારાગારની કેવી અનિર્વચનીય અને અજોડ એ શિક્ષા છે! તમારો મત ગમે તે હો, ભાઈ નં. ૪૦૪૦, પણ ફાંસીની સજામાં એ નવીનતા તો નથી જ. આની તો ખૂબી જ ન્યારી છે. આનું તો દૃશ્ય જ રોમન સંસ્કૃતિના જાહોજલાલી કાળના પેલા ગુલામોના તમાશાને ય ઝાંખપમાં નાખે તેવું છે.

અમારો રાજકેદી કહે છે સંસ્કારવંત રોમન પ્રજાની એ ઉત્સવઘેલી મેદની વચ્ચે ઓ ભાઈ નં. ૪૦૪૦, તારા કરતાં તો ત્રણ ગણા વધુ હૃષ્ટપુષ્ટ, સુડોલ અને જોરાવર બબ્બે ગુલામોને ખૂનખાર દ્વંદ્વ ખેલવા સર્કસમાં ઉતારતા. ખાસ તો આ ઉત્સવને સારું જ ખવરાપીવરાવી મદમસ્ત બનાવેલા એ બેઉ ગુલામ બાંધવો કેવા સરસ ઝનૂનથી લડતા! પોતાની વચ્ચે કશુંય અંગત વૈર ન હોવા છતાં કેવળ આ ઉત્સવને રસભર્યો બનાવવા સારુ એ બેઉ પોતાની વચ્ચે બનાવટી ઝનૂન ઊભું કરતા, ભાલે અને તરવારે એકબીજાનાં શરીરો ભેદતા. એ સામસામાં શસ્ત્રોની હુલ્યો પડે તેમાંથી લોહીના ફુવારા ઊછળતા, એ રાત ફુવારા નિહાળીને હજારો રોમવાસીઓ કેવાં હર્ષાન્વિત થઈ થઈ તાળીઓ પાડતા!

ખાસ કરીને કોમલાંગી રોમન સન્નારીઓ કેટલું બધું ઉત્સવ-સુખ આ શોણિત-ફુવારાઓ નીરખી નીરખીને પામતી હતી!

પછી છેવટે જ્યારે એમાના એકને લોહીલોહાણ કરીને નીચે પછાડી, એની છાતી પરપોતાનો પગ રોપીને બીજો વિજયવંત ગુલામ દમામભેર ઊભો રહેતો, હવે છેલ્લે શી વિધિ કરવાની છે તેની આજ્ઞા માગતો એ સુંદરીવૃંદ સામે નિહાળી રહેતો, અને સમસ્ત ઉત્સવની મહારાણી તરીકે ચૂંટાઈને સિંહાસન પર બિરાજેલ રોમન સુંદરી પોતાના હાથનો અંગૂઠો પૃથ્વી તરફ હુલાવી જ્યારે આખરી 'જબ્બે'ની આજ્ઞા દેતી, અહાહાહા! તે વખતે એ શુભ ઈશારત નિહાળવા તલપાપડ થઈ રહેલી હજારો રોમન સુંદરીઓ કેવી ખુશાખુશાલ બની જતી, દરેક સુંદરીના અંગૂઠા એ જ ઈશારત કરતા, તાલી-નાદ ઊઠતા, અને દૂરથી એ ઈશારત નીરખતાંની વારે જ પેલો વિજેતા હબસી પોતાના પગ તળે ચગદાયેલા જખમ-નીતરતા બાંધવને કલેજે કેવી કલામય છટાથી ખડગ પરોવી દેતો! એના વદન ઉપર એ વખતે શી સંસ્કારભરી વીરશ્રી ઝળહળી ઊઠતી! હજારો સંસ્કારવંત રોમવાસીઓના 'શાબાશ!

શાબાશ!' ગજવતા સ્તુતિઘોષ એ વીરના હોઠ પર કેવું રમ્ય હાસ્ય અજવાળી દેતા!

આટલાં બધાં સભ્ય સુંદર સંસ્કારશોભન સ્ત્રી-પુરુષોને સારુ પોતાના ક્ષુલ્લક જીવનની કુરબાની કરી તમાશો સર્જાવતો, પોતાના મોતને પુનિત માનતો, એક હરફ પણ બોલ્યા વિના ફક્ત ચકળવકળ આંખો તરફડાવી હજારો ગાઉ દૂરની પોતાના ગામપાદરની નદીને કોઈક કિનારે પોતાના વતનના ઝૂંપડાને આંગણે રમતાં પોતાનાં સીદકાં ભૂલકાંની તથા એ ભૂલકાંની હબસણ માની મીઠી યાદને પોતાની છાતીના લોહીમાં નવરાવતો એ પરાજિત હબસી જ્યારે પરલોકગમન કરતો, ત્યારે રોમન રાષ્ટ્રોત્સવની કેવી કમાલ સંસ્કારિતા વર્તી જતી, ઓ ભાઈ નં. ૪૦૪૦!

ત્યારે મને એમ થાય છે, કે આ ફટકાની સજાને શા માટે આટલી બધી જેલોની અંદર છાને ખૂણે પતાવી દેવામાં આવે છે? શા માટે એને ઉત્સવના રૂપમાં નથી મૂકી દેતા? મને તો ખાતરી છે કે હજારો પ્રેક્ષકો ઊંચી ફી આપી આપીને પણ આ ફટકા-ઉત્સવ જોવા ટોળે વળશે, રોમન તમાશાની બે હબસીઓની સામસામી કાપાકાપી કરતાં તો ભાઈશ્રી નં. ૪૦૪૦ જેવાનું આ ઢીંઢાં-ભંજન કેટલું વધુ રસભર્યું થઈ પડશે! ખાસ જે વધુ ખેંચાણ આમાં રહેલું છે તે તો એ છે કે ફટકા ખાનારના તો હાથપગ જકડાયેલા હોય છે, વળી એ નખશિખ નગ્ન હોય છે, સોટી મારનાર વિજેતા ખૂબ કળા વાપરીને સોટી ચગાવતો આવે છે, એક પ્રકારનું શૌર્ય-નૃત્ય કરતો આવે છે, અને એની સોટીને ધાર યા અણી ન હોવા છતાંય સોટી ચામડું ચીરીને છેક અંદર ઊતરી જાય છે એ શું ઓછું અદ્ભુત છે! સર્વથી વધારે અલૌકિક, સુંદર અને યુગનવીન તો એ છે કે નં. ૪૦૪૦ને ઘોડી પર બેભાનીની મધુરી નીંદ આવી ગયા પછી પણ ફટકા પડયા કરે છે! આવું એક પણ રસતત્ત્વ હોય તો બતાવો મને પેલા રોમન તમાશાની અંદર!

હું તો ખાતરી આપું છું કે લોકો આ ફટકા-ઉત્સવને માણવા ખૂબ ખેંચાઈ આવશે. સન્નારીઓ પણ અનેક આવશે. અને આપણે તો લોકોનાં હૃદયોને આઘાત ન પહોંચે તે સારુ પ્રથમથી જ એવી જાહેરાત કરશું કે આ મારની વેદના, ચીસાચીસ, લોહીનાં છાંટણાં, માંસના ચૂંથા, મૃત્યુ સમાન મૂર્છિત દશા, ઇત્યાદિ તમામ તમાશાને અંતે કેદી પાછો દૂધ, દવા અને સુંવાળી સારવાર પામે છે; આઠ દિવસે તો હતો તેવો ને તેવો 'તગડો' બની કામે ચડી ગયો છે, આમાં સરવાળે તો કોઈને મરવું પડતું નથી; ફટકા ખાનાર તેમ જ મારનાર પાછા તમામ ખુન્નસ વીસરી જાય છે. એ રીતે આ તમાશો તો પેલા રોમન તમાશા કરતાં ખૂબ ખૂબ વિવિધતાભર્યો, પ્રેમમય ને દયામય છે.

તેમ છતાંય તાત્કાલિક ઘાતકીપણાના એ દૃશ્યથી જો કદાપિ પ્રેક્ષકોનાં અંતર આકુળ બની જાય એવું લાગતું હોય, તો આ ફટકા-તમાશો ઊકલી ગયા પછી તરત જ ત્યાં સંગીતના જલસા, સિનેમા, નૃત્યની મહેફિલ વગેરે ગોઠવી શકાય. પીણાં અને નાસ્તો પણ પીરસી શકાય. શા માટે નહિ? અમેરિકા દેશમાં ગોરાઓ સીદી-સીદણોને બજાર વચ્ચે જીવતાં બાળી નાખવાનો જલસો પૂરો કરીને પછી તરત જ કેવા ખાણીપીણી કરવા હોટેલોમાં ચાલ્યા જાય છે!

મારી તો જિકર આટલી જ છે, તો ભાઈ નં. ૪૦૪૦, કે સંસ્કૃતિના ઇતિહાસમાં અજોડ અને જુક્તિમય આ ફટકા-ક્રીડાનું દુનિયાનાં રાજશાસનની એક અમુલખ શોધ અને સિદ્ધિ તરીકે જલસાનું સ્થાન આપી સદા જીવતી રાખવી તથા તેમાંથી સહેજે સહેજે મળનારી લાખો રૂપિયાની આવક વડે થોડું વધું લશ્કર ઊભું કરવું, કે જેથી અનેક બેકાર જુવાનોને રોટલી આપી શકાશે, તારા જેવા ફટકા ખાનારને પણ રૂપિયો-આઠ આનાનું મહેનતાણું આપી શકાશે, દાક્તર દાદાને પણ અહીં બે વર્ષ સુધી પ્રાઈવેટ પ્રેક્ટિસ નથી તો તેનેય બક્ષિસ આપી શકાશે.

આમ બધી બાજુથી વિચાર કરતાં આ ફટકાની મહેફિલ મને બહુ વહાલી ને ઉપયોગી લાગે છે. તેથી જ હું ફરી ફરી તેનાં ગુણગાન ગાયા કરું છું, અને મારા એંશી વર્ષના અનુભવમાંથી આવા તંગીના કાળમાં નાણાં રળવાની તરકીબ દેખાડું છું.

માટે, હે ભાઈ નં. ૪૦૪૦! તું આમાં બાપડા દાક્તર દાદા ઉપર દાંત પીસતો ના. તું એ બાપડા મરેલાને શું મારવાનો હતો! તારા જેવાએ તો અક્કેક દિવસની ઢોંગલીલા વડે એની જુવાનીની ખુમારી હરી લીધી છ. તારી અને તારા ગોઠિયાઓની કરામતોમાં એ ગૂંચવાઈ ગયેલ છે. શરીરનાં અનેક સુંવાળાં અંગો ઉપર કયું ઘાસ અથવા કયા વેલાનાં પાંદડાં ઘસવાથી ભંભોલા ઊપડે તે તમે સહુ શીખી ગયા છો. એવા ઈલમો અજમાવીને તમે દાદા સામે તમારા લોહીલોહાણ સોજા દેખાડતા ઊભા રહો છો. તમારાં શરીરોની એ ઈલમો વડે કરેલી અવદશા દીઠી ન જાય તેવી હોય છે. એથી છેતરાઈ છેતરાઈને દાદાએ બાપડાએ તમને ઘમી ઘણી વાર રેંટ, ચક્કી કે સ્ટેશનપાટીનાં કામોમાંથી છૂટી અપાવી, ઘણા રોજ ઈસ્પિતાલના ખાટલા તમને ખુંદાવ્યા.

પણ હવે તો દાદાની બુદ્ધિને તમે બરાબર અટવાવી દીધી છે. સાચી અને બનાવટી બીમારી વચ્ચેનો ભેદ એ પારખી શકતા નથી. તમે જઈને દયામણું મોં કરી ખડા રહો છો કે તરત જ દાદા તમારા ઉપર તરકટનો જ અંદેશો આણીને ત્રાડ પાડી ઊઠે

છે : સૂકાં સાથે લીલાં પણ સળગે છે દાદાના એ કોપ-દાવાનળમાં.

'લે જાઓ સાલાકો ચક્કીમેં, ઉઠા જાઓ રેંટપાટીમેં!' એવી દાદાની સિંહગર્જના ઊઠે છે.

દાદા, હું તમારાં વારણાં લઉં છું. અનેકનાં આંસુઓથી ઘોળેલી મારી કંકાવટીમાંથી હું તમારે ભાલે ચાંદલો કરું છું. આશીર્વાદ આપું છું કે નં. ૪૦૪૦ જેવા અનેકને ફટકા-ઘોડી પર બંધાવવાનો તમે લહાવો પામો!

જોર કિતના?

નં. ૪૦૪૦ જ્યારે અહીં ઑફિસમાં આવે છે ત્યારે હું ખુશખુશાલ બની રહું છું. એ તો મહારાજા બન્યો છે, મહારાજા. એને ડર ગયો છે. કેદીઓને થરથરાવી ઢીલા પાડી નાખનારી તમામ સજાઓનો સ્વાદ એણે કરી દીધો છે. સજારૂપી તમામ તરવારોની ધારને એણે બૂઠી બનાવી નાખી છે.

એક પછી એક સજાને હસતે મોંએ વધાવીને 'ઔર કુછ?' કહી નવનવા સરપાવ માગતા જતા એ કેદીએ જેલની સત્તાને છોટી કરી બતાવી. તમામ સજા એક પછી એક અથવા તો સામટી, જેમ ફરમાયેશ થઈ તેમ તેણે ભોગવી બતાવી. નં. ૪૦૪૦ મરણિયો બન્યો એટલે તો ઊલટું એનામાં પડેલું ગુપ્ત દૈવત પોલાદ જેવું અભેદ્ય બન્યું.

આજે એ સહી લેવાની શક્તિએ એને જગતના ચક્રવર્તીની ખુમારી આપી છે. એ કોઈ મુકાદમને, વૉર્ડરને, જેલરને કે સુપરિન્ટેન્ડેન્ટને ગણકારતો નથી. કારાગારના કરવતના દાંતા એણે એક પછી એક ભાંગી નાખ્યા છે.

હવે તો પગમાં બેડી પહેર્યા વિના એને ગમતું નથી. એક જ પગે બાંધવામાં આવેલી દસ શેર સાંકળના રણઝણાટ કરતો એ જ્યારે દરવાજે આવે છે અને દરવાનો એની સામે જોઈ રહે છે, ત્યારે એ અફસોસ કરતો કહે છે કે –

'નહિ નહિ, આ એક જ પગની બેડીથી મને મજા નથી પડતી, ચાલવામાં દમામ ક્યાં દેખાય છે? અરે યારો, મુઝકો દોનું પાંવમેં આડાબેડી દિલવા દો! આહ, આડીબેડી પહેરીને પહોળા પગલે ચાલવામાં કેસી તબિયત ખુશ હોતી હે! છાતી કાઢીને પહેલવાનની માફક ચાલી તો શાકય! આદમીના બદન જેવો મરોડ લાગે!'

ને સાચેસાચ એ નવો ગુનો કરીને આડીબેડી મેળવ્યે જ રહે છે. પણ એ શું કમ શોખીન છે! સારામાં સારા વિલાયતી નળિયાનાં ઠીકરાં વીણીને એનો છૂંદો કરી પછી નં. ૪૦૪૦ પોતાના આરામના સમયમાં બેડીને ઘસ્યા જ કરે છે. પણ ઠીકરાંથી કાઢેલો ચળકાટ એને સંતોષી શકતો નથી. માથું ધુણાવીને એ બબડે છે: 'નહિ નહિ, આ નહિ ચાલે. રૂપાની ચમક ન આવે ત્યાં સુધી જિગર ન માને.'

દીપડા જેવી પોતાની આંખે એ ચારેય તરફ નજર કરે છે. પછી એને ઈલમ

યાદ આવે છે. લુહારકામના કારખાનામાં જઈને એ કાનસની ચોરી કરે છે.

કાનસની ચોરી! ભયંકર ગુનો! જેલના સળિયા કાપીને નાસી જવાની કોશિશ! જેલના અનેક કેદીઓ એક કાનસની મદદથી પલાયન કરી ગયા છે. નં. ૪૦૪૦! તું પકડાઈશ તો તને ભારી આકરી નશ્યત કરશે, હો!

'છો કરે! પણ હું ન. ૪૦૪૦! હું કાટેલી, કાળી કદરૂપી બેડી તો નહિ પહેરું. કરવી તો બાદશાહી કરવી, યાર! નહિ તો જિંદગી શા કામની! જીવવું તો મરદની રીતે જીવવું!'

એમ એ કાનસથી ઘસીને બેડીમાંથી ઝળાંઝળાં તેજ ચળકાવે છે. પછી જ્યારે એ બહાર નીકળે છે ત્યારે રાજરાજેદ્રનેય ઈર્ષ્યા કરાવે તેવું ગૌરવ એ છાંટતો જાય છે. આવ આવ, ભાઈ નં. ૪૦૪૦! આજ તારી મુલાકાત આવે તો હું કેટલી ભાગ્યશાળી બનું! તને તો હું નીરખી નીરખીને જોવા ચાહું છું.

ભાઈ નં. ૪૦૪૦! જેલર સા'બ દરવાજે જ ઊભા છે, છતાં એની સફેદ ગાદીવાળી ખુરશી ઉપર બેસીને તું કેવી હાકેમી ભોગવી શકે છે! સહુના શ્વાસ ઊંચા ચડી જાય છે, બધાને ફફડાટ લાગે છે કે જેલર સા'બ હમણાં જ આ તરફ નજર કરશે અને નં. ૪૦૪૦ને શું-નું શું કરી નાખશે!

'શું કરી નાખશે?' નં. ૪૦૪૦નો નીડર આત્મા પૂછે છે સહુને કે 'કરી કરીને શું કરી નાખશે? એના ખિસ્સામાં દસ-બાર સજાઓ પડી છે તે આપશે ને? તેની તો અજમાયેશ થઈ ગઈ છે, યારો! ન ગભરાઓ.'

પોતાની પછવાડે શું બની રહ્યું છે તે રજેરજ જાણતો છતાંય જેલર બાપડો જાણે કે બહેરો બની ગયો છે. કોઈ પણ વાતે નં. ૪૦૪૦ ત્યાંથી ખસે એવી વાટ જોતો જેલર દરવાજાની બહાર ચાલી નીકળે છે.

કમબખ્તી થઈ, ભાઈ નં. ૪૦૪૦! તારી ખુમારીનો ચેપ પ્રસરતો પ્રસરતો બીજા તારા જેવાઓને લાગ્યો તે તો ઠીક, પણ એ તો જતો ચોંટયો છે આ નવા મુંડાયેલા બાલકેદીઓને પણ. વીફરવા માંડયા છે પેલા નમૂછિયા છોકરાઓ નં. ૪૦૪૦ની માફક એ લોટ ફાકી જતા નથી, કાનસ ચોરતા નથી, બીજા ગુના કરતા નથી; પણ અપમાનકારક હુકમો ન ઉઠાવવાની ખુમારી બતાવે છે. ઉભડક પગે 'ફાઈલ'માં બેસવા મુકાદમ મારે છે, ત્યારે આ છોકરાઓનું કોણ જાણે કઈ ઊંડી હૃદયગુફામાં સૂતેલું સ્વમાન જાગી જાય છે.

'નથી મૂકતા, પગના પોંચા પર હાથ મૂકીને અમે આ ખૂનીડાકુઓના સર્કસમાં ભળવા નથી માગતા.'

'નીચી મૂંડ નથી રાખવાના અમે.'

'ઇન્સ્પેક્શનને ટાણે હોઠ લાંબા તાણી રાખીને દાંત બનાવવાની ડ્રીલ અમે નથી કરતા.'

'નથી કરતા, નથી કરતા, નથી કરતા એ બધી અમારી માનવતાને નીચે પછાડનારી ક્રિયાઓ. જા, તારાથી થાય તે કરી લે.'

'ચલો, ચલો ખટલા કરના હે તુમારા!'

'ખટલો' એટલે તોહમતનામું અને નશ્યત. દર રવિવારની રાત એટલે આ નમૂછિયા લડવૈયાઓને માટે કતલની રાત. કેમ કે સોમવારે પ્રભાતે તેઓનું સુપરિન્ટેન્ડેન્ટને હાથે ઇન્સ્પેક્શન. એ ઇન્સ્પેક્શનને ટાણે બસ 'ખટલા'નો કોઈ હિસાબ નહિ.

સા'બ! યે હુકમ નહિ માનતા.

સા'બ યે કામ નહિ કરતા.

સા'બ! યે સામને બોલતા.

કોઈ અનુભવી અને કાબેલ સોર્ટરના હાથમાંથી ફેંકાતા કાગળોની ઝડપે અમારા હાકેમસાહેબના હોઠમાંથી એક પછી એક સજાઓ વછૂટે છે. અને આ નમૂછિયાઓ 'નથી કરતા, બસ, નથી કરતા!' એવો તોર રાખી કેવી કેવી સજાઓ સ્વીકારી લે છે! સજા તો સ્વીકારે છે, પણ સજાની ઠેકડી કરીને આપણો સહુનો મોભો હણે છે, ઓ મુકાદમ ભાઈઓ!

ટાટ કપડાં આપીએ છીએ, તો 'ચાઈના-સિલ્ક' કહીને પહેરે છે.

કેદીનાં ચગદાં ચોડવા આપીએ છીએ, તો ચકચકિત માંજીને મોં જોવાના અરીસા બનાવે છે!

'એકલખોલી'માં પૂરીએ છીએ તો ચોપડીઓ વાંચવાનો વૈભવ માણે છે. જે ભજનપ્રાર્થના આપણે બુરાકોમાં ગાવા નથી દેતા તે તો તે લફંગાઓ બેવડી દાઝે ત્યાં પડયા પડયા ગાય છે. અને અફસોસ, આકાશનાં ચાંદરડાં સાથે મૂંગી વાતો કરે છે. બારણાના કાળા કિટોડા જેવા સળિયા સાથે મહોબત કરે છે અને...આપણા ઝીણાબોલા જેલરને તેઓ

‘ફઈબા’ નામ આપીને જુલમોની તમામ કડવાશનો વિનોદ બનાવી કાઢે છે.

હવે બસ, એક ફટકાની સજા તેઓના ઉપર પડવી બાકી રહે છે.

પણ ઓ મારી ત્રિપગી ઘોડીબહેન! તારો મોભો જો તૂટશે, તો ડર જેવું શું બાકી રહેશે આ આપણી દુનિયામાં!

નં. ૪૦૪૦નો રંગ ચડતો જાય છે, આ નમૂછિયાઓને. ‘એકેએક સજાનો સ્વાદ અમારે લઈ જોવો છે’ એવું એ બધા અંદરોઅંદર બોલ્યા કરે છે. પાંચ જ ફટકે ભાન ચાલ્યું જતું હોવાની વાત જાણ્યા પછી તો તેઓ ખૂબ જોશમાં આવી ગયા છે. હસતા હસતા તેઓ ગાય છે કે –

દેખ લેંગે જોર કિતના

બાજુએ કાતિલમેં હૈ!

તમે બધા ત્રાડો પાડીને પીઠ ફેરવો છો ત્યાં જ એ બધા હસી પડે છે.

કીનો લેવાની ભયાનક શક્તિ તે ટીખળ છે. સત્તા સામે હસતાં શીખ્યો તેનો વિજય છે. હાય રે! આ ખભે રૂમાલો નાખીને ઊભેલા, સુકોમળ મુખાકૃતિવાળા નમૂછિયા છોકરાઓએ આજ ઉપહાસ આદર્યો! એ ઉપહાસ તારો નથી થયો, ઓ વીરા મુકાદમ! આ ઠેકડી તો થઈ રહેલ છે જગતની સર્વ શ્રેષ્ઠ માનવ-સત્તાની.

આપણો મોભો તૂટી ગયો, ઓ રાજરાજેદ્ર! આપણો વક્કર નીકળી ગયો. આપણી બાંધી મૂઠીનો ભરમ ઊઘડી ગયો.

નમૂછિયા છોકરાઓ! કાનમાં મને એકલીને તો જરા કહેતા જાઓ! – આ ઠેકડીના હાસ્યતળે તમે કયો અગ્નિ સંઘરી રહેલ છો?

આછી આછી ધુમાડાની શેડય નીકળે છે. હું ભાળું છું, ધુમાડાની શેડય જ છે. ફક્ત ગૂંચળાં નથી, ગોટેગોટ નથી, ફક્ત એક દોરા જેવી રેખા!

‘ડોકરી! રાંડ! તારો એ મતિભ્રમ છે.’

કોણ બોલ્યું એ?

હરામના હમેલ

ત્રિવેણી ડોશી આવીને દરવાજાની અંદર ઓટલા ઉપર બેઠી છે. વરસાદમાં ભીંજાયેલા પંખીની માફક કાળો સાડલો સંકોડીને શિયાળાને પ્રભાત બેઠી છે. ત્રિવેણી ડોશી આડું અવળું જોતી નથી, હલતી કે ચલતી નથી. આ હું જે રીતે બેઠી છું તેવી જ નિર્જીવ રીતે બેઠી છે.

હનુમંતસિંગ દરવાન! તમારા હાથે આજ બે લાખ ને ત્રીસ હજારમી વાર તાળામાં ચાવી ફેરવો, દરવાજાની બારી ઉઘાડો, બહાર મોટરની જેલ-ગાડી ત્રિવેણી ડોશીને શહેરની કોર્ટમાં તેડી જવા સારુ આવી ઊભી છે.

ત્રિવેણી ડોશીને સવારની ખોરાકીના બે રોટલા અહીંથી ભેગા બંધાવ્યા છે, પણ ડોશીનો મિજાજ કાંઈ કમ છે, ભાઈ! રોજેરોજ એ તો પિંજરાગાડીમાં ચડતી વેળાએ પોતાના બન્ને રોટલા બહાર ઊભેલાં કૂતરાંને નીરે દીયે છે. આખો દિવસ એનો મુકદ્દમો ચાલશે; નહિ ચાલે તોપણ એને તો સાંજ સુધી કોર્ટમાં તપવું પડવાનું. આમ ત્રણ-ચાર મહિનાથી ચાલે છે, હજુ કેટલાય દિવસ ચાલશે. ત્રિવેણી ડોશીનાં કોઈ સગાંવહાલાં ત્યાં આવતાં હશે તો કદાચ પહેરેગીરની રજા લઈને એને દાળિયા-મમરા દેતાં હશે; ને નહિ હોય કોઈ, તો ડોશી સાંજરે પાછી આંહીં આવીને રોટલામાંથી કટકી કટકી મમળાવીને પાણીના ઘૂંટડા સાથે પેટમાં ઉતારશે. ત્રિવેણી ડોશી બામણી ખરી ને, તેથી આંહીંના રોટલા શહેરમાં લઈ જઈને શેં ખાય!

ત્રિવેણી ડોશીને એના ગરીબડા દીદાર પરથી દોરવાઈને તમે કોઈ નિરપરાધી કે દયાપાત્ર ન માની લેતા હો કે! એના ઉપર તો મુકદ્દમો ચાલે છે એક ખૂનનો. ને ખૂન પણ કંઈ જેવું તેવું?

પઠાણ જેવા પઠાણનું ખૂન. પઠાણ બાપડો ગામડાંના દોંગા ખેડૂતોની દયા ખાઈને વ્યાજે નાણાં ધીરતો'તો અને પાક તૈયાર થાય ત્યારે ખોટુકલી ખોટુકલી છૂરી દેખાડીને ખેડૂતો કનેથી વ્યાજ સુદ્ધાં નાણાં માગતો; બાપડો લાલ લાલ ડોળા ફાડીને કાકલૂદી કરતો; ત્રેવડ ન હોય તેવા ખેડૂતો કનેથી વહુદીકરીનાં શિયળ માગી લઈને પણ ચલાવી લેતો; અને આ પાજી દગલબાજ ખેડૂતોના ફાંસલામાંથી ઊગરવા સારુ એ બાપડો ગામોગામના અમલદારોને ગાય જેવી પોતાની ગરીબ જિંદગીની રક્ષા માટે હંમેશાં સાધેલા રાખતો. સહુની સાથે એને તો હૈયા સામી હેતપ્રીત હતી.

પણ કોણ જાણે શુંયે ઝનૂન ચડી ગયું આ ત્રિવેણી બામણીને તથા એના ગામના પંદર ઘાતકી ખેડૂતોને, કે સોળે જણાંએ મળીને બાપડા, રાંકડા, બચ્ચરવાળ, હેતાળ અને પરાર્થે જીવનસમર્પણ કરી રહેલ એ શાહુકાર પઠાણનું ઠંડે કલેજે કાસળ કાઢી નાખ્યું.

ગંગા નદી નક્કી અવળી વહે છે. નહિ તો એક બ્રાહ્મણી બુઢ્ઢી ઊઠીને પઠાણહત્યા જેવું પાપ કેમ કરી બેસે? એથી યે વધુ અચંબો તો મને કાલે થયો. વીસ જ વર્ષની એક બીજી બ્રાહ્મણી આવી. ઘાટીલો ગોરો દેહઃ મોં ઊપર દીનતાભરી માધુરીઃ હાથમાં બે મહિનાનું બાળ. બે બંદૂકધારી પોલીસોએ આવીને છ મહિનાની સજાવાળી આ ઓરતને જ્યારે દરવાજે સુપરત કરી ત્યારે અમારો જેલર એના મોં સામે તાકી રહ્યો. અણસાર પારખી, બોલી ઊઠ્યો –

'અહોહો, ત્રીજી વાર તું આવી પહોંચી. બાળકને રઝળતું ફેંકી દેવાના ગુના બદલ આ તારી ત્રીજી યાત્રા! તને કંઈ દયા છે કે નહિ? પેટના બાળકને તેં ત્રણ-ત્રણ વાર સડક ઉપર ચગદાતું મૂક્યું!'

'નહિ સા'બ! નહિ સા'બ!' અમારો બ્રાહ્મણ કારકુન મારી આરપાર પાનની એક વધુ પિચકારી ઉડાવતો બોલી ઊઠ્યોઃ 'ઓ લડકા ઉસ્કા ધનીકા નહિ હૈ. યે તો હે વિધવા. ઉસ્કુ ઓર લડકાકુ ક્યા? હોયગા કોઈ મુસલમાનકા, કોઈ ગુંડાકા, કોઈ ઉસકા જેઠકા, સસરાકા! હા – હા – હા! ઓ વિધવા કુછ કમ નહિ હોયગી, સમજે સા'બ!'

'અરે સા'બ!' એને લાવનાર પોલીસોએ સમજ પાડીઃ 'જડજ સા'બ જિકર કર કર બેજાર હો ગયા, કે ઓરત, તું ઉસકા નામ દે. જીસસે યે બચ્ચા તુઝે પેદા હુવા. મૈં વો સાલેકો તેરી યા બચ્ચાકી પોશાકી-ખોરાકી ભરનેકા હુકમ કરુંગા. લેકિન સા'બ, યે ઓરત કિસી મર્દકા નામ જ નહિ દેતી. તીન દફે જેલમેં આઈ, મગર નામ નહિ દેતી! એસી જિદ્દી હે યે ઓરત!'

'હેં!' અમારો જેલર બરાડી ઊઠ્યોઃ 'તું નામ કેમ નથી દેતી એ સાલા હરામીનું, હેં બવકૂફ? એમાં તારું શું જાય છે? નામ દઈ દે, નામ દઈ દે!'

પરંતુ વીસ વર્ષની વિધવા બ્રાહ્મણી ડોકું ધુણાવીને નઃશબ્દ ઊભી રહે છે. પોતાને ફસાવી ખસી જનાર પુરુષને પોતે પોતાની જોડે ડુબાવવા તૈયાર નથી.

આ કુલટા વિધવાની ખાનદાનીને ઓશિકે પુરુષ તો માથું મૂકીને નિરાંતે સૂતો હશે. એ કોણ હશે? કોઈ આબરૂદાર સજ્જન. ન્યાતનો કોઈ અગ્રેસર હશે. ત્યજેલી અને

રાંડેલી દ્વિજપુત્રીઓની જિવાઈઓ મુકરર કરાવી દેનારો જ્ઞાતિ પટેલ હશે. જેના નામનો ઉચ્ચાર આવી કોઈ કુલટાની જબાનથી ન થઈ શકે એવો કોઈ મહા કુલવાન, ઈજ્જતવાન, ધર્માવતારી ત્રિપુંડધારી હશે! અથવા સંતાનનું પોષણ ન કરી શકે તેવો ત્યાગી ધર્માચાર્ય હશે? જે હોય તેઃ આ વિધવાની હૃદય-દાબડીમાં એનું નામ સલામત છે.

તમે આ કુલટાના માથા પર ફિટકાર વરસાવો છો ને? વરસાવો. એ જ લાગની છે રાંડ! ઉઘાડી પડી ગઈ એની અનાવડતને કારણે. અને પછી ખાનદાન બનવા ગઈ પેલાનું નામ છુપાવીને. ને પોતાના પેટનું ફરજંદ ફેંકનારી હૈયાવિહોણી છે એ તો. એવું હતું તો શા સારું એણે ગર્ભને ધારણ કરી રાખ્યો પૂરા મહિના સુધી? શા માટે વખતસર ઠેકાણે ન પાડી નાખ્યું પોતાનું પાપ? અને આવા ગુલાબી બાળકને સંસારમાં ઉતાર્યા પછી સડક પર કાં ફગાવ્યું? ફગાવ્યું તો ધોરી રસ્તા પર જ શા માટે? કોઈ કૂવો-તળાવ નહોતાં? કાંટાની વાડય નહોતી? કોતરખેતર નહોતાં? પહાડખીણ નહોતાં?

આ મૂરખી તો બાળકને પોતાના એકના એક કોરા સાડલાના કટકામાં લપેટી, મોંમાં અંગૂઠો મૂકી, છેલ્લી બચ્ચી ભરીને ધીરેથી સુવાડી આવી ધોરી રસ્તાને કાંઠે, વળી પાછી ત્યાં ને ત્યાં ઝાડની ઓથે પોતે જોતી ઊભી રહી. ને પાછી સાદ કાઢીને રડતી હતી. બચ્ચું છાતીએથી છૂટતું નહોતું. છતાં કોઈક દયાવંતને વળગાડવું હતું. પોતાને સંઘરવાની ત્રેવડ નહોતી, છતાં પાછું વાત્સલ્ય એટલું છલકાઈ જતું હતું કે ત્યાં ઊભાં ઊભાં જ એનું સુરક્ષણ જોવું હતું. ને એને વિજોગે રોવું હતું. શી એની લાગણીઓની લડાલડી મચી હતી!

વિધવા છતી થઈ ગઈ પોતાની જ કાબેલિયતને અભાવ. ન્યાયાધીશે એને નશ્યત કરી છ મહિનાની. ઇન્સાફ અને કાયદો આ ઝલાઈ ગયેલ અપરાધીની ઉપર ચડી બેઠા. છ મહિનાની મુદત માટે તો મા અને બાળ બેઉને રોટલા પૂરશે આ ધર્મરાજ. પણ તે પછી? તે પછી આ માનું શું? આ બાળકનું પેટ કોણ પૂરશે?

ઇન્સાફ તો કહે છે અમારું કામ તો નશ્યત કરવાનું છેઃ બાળક સાચવવાનું નહિ.

છ મહિને મા બહાર નીકળશે ત્યારે બાળકના દૂધનું શું થશે?

ઇન્સાફ – કે જેણે બાળકને રઝળતું મૂકનાર માતાને સજા કરી તે ઇન્સાફ – પાછો સજ્જ રહેશે ફરી વાર એ જનેતાની બાલ-હત્યાની નવી કોશિશને નશ્યત કરવા માટે. ખુદ બાળકને માટે શું?

ત્રીજે દિવસે જેલરની ઑફિસમાં બૂમ લઈને ઓરતની બરાકમાં બુઢ્ઢો મેટ્રન આવી

પહોંચી : ‘સા’બ, પેલી જુવાન બામણી એના લડકાને ધવરાતવી નથી. ચોગાનમાં રઝળતું મૂકે છે. બોલાવતી નથી. તેડતી નથી. બાળક ચીસો પાડે છે તે તરફ પીઠ વાળીને બેઠી છે.’

- અને જેલર ઊપડે છે માથામાં ટોપો નાખી, હાથમાં લાકડી હિલોળી, રોષ કરતો ઓરતોની બરાકમાં.

‘કેમ નથી ધવરાવતી?’

‘શા માટે ધવરાવું?’ છ મહિના પછી જીવતું રાખીને ક્યાં લઈ જાઉં? અહીં જ ભલે એનો અંત આવતો.’

‘તારી સાથે તું જ્યાં જાય ત્યાં લઈ જજે.’

‘મને તો મારાં રૂપરંગ છે ત્યાં સુધી કોઈક ને કોઈક સંઘરશે. આ સાથે હશે તો મને કોઈ નહિ ઊભી રહેવા આપે. એને પોતાના પાપ તરીકે કોઈ નહિ સ્વીકારે.’

‘તું મજૂરી કરજે.’

‘બામણી વિધવાને આ પાપના પોટા સાથે કોઈ મજૂરી કરવાયે નહિ છબવા આપે. વેશ્યાને ઘેર પણ જો જગ્યા માગીશ તો બાળકને બહાર ફગાવીને આવવાનું કહેશે. જેલર સા’બ! અમે તો ઊંચા વરણનાં ઠર્યાં.’

જેલર થીજી ગયો. એણે ટેલિફોન કર્યો શહેરના અનાથગૃહમાં, માએ પોતાના કલેજાનો એ જીવતો ટુકડો જુદો પાડીને અનાથગૃહે મોકલ્યો.

નવો ઉપયોગ

કોક કોક દિવસ અહીં જેલરના ટેબલ ઉપર ચોપડીઓનો ઢગલો જાય છે. એમાં બીજા અનેક દેશોની વાતો લખેલી હોય છે. લખ્યું હોય છે કે ફલાણા દેશમાં તો બાળક એટલે પાપ નહિ, પછી છો એ ગણિકાનું હોય. બાળક દીઠું એટલે તરત જ રાજના રખેવાળો ઉપાડી લે, રક્ષા આપે, આયાઓને સુપરત કરે, ઉછેરી ઉછેરીને જુવાન બનાવે, ભણાવેગણાવે કસબકારીગરી શિખાવે, ઇજ્જતદાર શહેરી બનાવે.

ખબરદાર! રાજ કહેશે, એનાં માબાપનું નામ કોઈ પૂછશો મા. એનાં માવતર છો ને દુનિયામાંથી ઉપરનાંય ઉતાર હો; બચ્ચું તો નિષ્પાપ છે, બિનગુનેગાર છે. ખરેખર તો એ રાજનું સંતાન છે. એનાં માવતરનું નામ સંભારી આપવં એ પણ એના અપમાન બરોબર છે. એ માંસનો લોચો હતો ત્યાં સુધી હતો માતાપિતાનો. માંસરક્તનાં તો તમામ રોગદુર્બળતા એને માતાપિતાના વારસારૂપે મળી ગયાં. એટલા અપરાધની સજા એણે મેળવી લીધી. પણ એમાં આત્મા પ્રવેશ્યો તે તો અનંતનો પ્રવાસી છે, યુગયુગાન્તરનો એકલવિહારી છે. એ તો છે દિવ્યનો વારસદાર. પ્રજાનો એ પુનિત હાથપગ બનશે. ખબરદાર, એને કોઈએ ભ્રષ્ટાનું સંતાન કહી અળગો ધકેલ્યો છે તો! રાજ એનાં માતતાત છે, ને પ્રજા એની જાતિ છે.

આવું આવું લખ્યં'તું એ ચોપડીમાં. બીજી ચોપડીમાં બોલતી હતી કે બીજાય કેટલાય દેશો છે. ત્યાં તો અહીંની જ માફક 'હરામના હમેલ'ની ગંધ લેતા શ્વાન-શા પોલીસો વિધવાનો પીછો લ્યે છે અને જીવતાં જણેલાં બાળકોને કબજે લઈ, સમાજથી છેટાં રાખી ઉછેરી મોટાં કરે છેઃ ને ભરજોબનમાં લોહી ભરાતાં એ સમાજબાતલોને ખંભે રાઈફલો ઝલાવે છે – હુકમ દેવાની સાથે જ હરકોઈને ફૂંકી દેવા સારંઃ ગામડાં બાળવા સારંઃ શત્રુઓના સીમાડા લૂંટવા સારંઃ ને મોકો મળે તો દુશ્મનોની વહુદીકરીઓના કલેવરો પણ ચૂંથવા સારું.

પલટનોની પલટનો ભરેલી હોય છે આવી 'હરામના હમેલ'ની દૂધમલ ઓલાદથી, આભડછેટિયા સંસારે એને તારવી કાઢીને નોખાં કતલખાનાં સર્જ્યાં છે ને એનાં શરીરોની જીવતી દીવાલો ચણાવી છે પોતાના સફેદ પાપાચરણોની રક્ષાને સારું.

હું આંહીં પથ્થરોની ભીંસમાં જકડાયેલી છું, ને હસી હસીને મારી પાંસળીઓ ભેદી રહી છું. ને તેમાં કોઈ કોઈ વાર આ સામેની સડક થરથરી ઊઠે છે, દૂરદૂરથી ચાલ્યાં આવતાં રામઢોલ અને રામશરણાઈઓ આ હવાના તંતુઓને કમ્પાયમાન કરી મૂકે છેઃ અને થોડી વારે હું જોઈ રહું છું એ રણવાદ્યના તાલે તાલે કદમ ભરતા જુવાનોનાં લંગર પછી લંગર.

શા ગોરા ગોરા એ બધા ગાલઃ શા પ્રભાતની સુરખીથી રંગેલા એના હોઠઃ આંખોની કીકીઓમાં આકાશનું અંજનઃ છાતીમાં અક્કેકું સરોવર ભરેલંઃ અરેરે, આવા અક્કેક બેટાને મારી કૂખે ધારણ કરવા કહો તો હું સાત-સાત અવતાર સેવું. મારા અંતરમાં કશુંક ઊભરાય છે. કશીક ધારાઓ છૂટવા મથે છે. જાણે હું એ તમામનાં મોંને ધોળાં ધોળાં ધાવણની ધારે ભરી દઉં!

પણ હાય હાય! મારે છાતી જ ન મળે! મારે થાનેલાની જગ્યાએ લોહીમાંસ વગરના સોંસરવા ખાડા જ છે, મારે તો રહી છે નર્યાં લોખંડી સળિયાની જ કાળી કાળી પાંસળીઓ.

'આમ જોઈ લે, ડોકરી!' રામઢોલ અને રણશિંગાં મને કરડે અવાજે કહી રહ્યાં છેઃ 'જોઈ લે, અમે અમારા સમાજના એઠવાડમાંથી કીડાઓને વીણી લઈને કેવા વાઘદીપડા સરજાવ્યા છે! જ્યાં છૂટાં મૂકીએ ત્યાં વિનાશની જ્વાલાઓ બનીને ફરી વળે. પૃથ્વીના પોણા ભાગમાં, ડોશી, આવી અમારી ક્રિયા ચાલી રહી છે. નધણિયાતા છોકરાઓને અમે નાખીયે નથી દેતાં, અમારા સમાજની ફૂલવાડીમાં એને જવા દઈ આભડછેટ પણ ઊભી નથી કરતા; અમે તો એનાં લશ્કરો ઊભાં કરીએ છીએ. અમે તારા દેશના આર્યો જેવા કમઅક્કલ નથી, તેમ પેલા રશિયનો જેવા ઊતરેલા પણ નથી. અમારું તો છે દુનિયાદારીનું સર્વશ્રેષ્ઠ હડાપણઃ તારા દેશના વાણિયાઓની વ્યવહારબુદ્ધિના અમે પૂજારીઓ છીએ.'

રામઢોલ અને રણશિંગડાએ આ બધું જ કહ્યું તે હું સાંભળી રહી. આ પથ્થરો જો મને થોડીક વાર છૂટી મૂકે ને, તો હું દોડી જઈને એ રામઢોલનાં પેટ ફોડી નાખું ને એ શરણાઈઓનાં ગળાં મરડી નાખું. પણ મારે તો આંહીં બેસીને જોવું જ માંડેલું છે.

આવા ગોરા ગોરા હજારો હાથમાં બંદૂકડી પકડાવી, એને માણસોના ચારા ચરવા મોકલનારને કોણ દેખાડશે એ પ્રત્યેકની જનેતાની હૈયાવરાળો! કોઈ કુમારિકાએ કે વિધવાએ એ અક્કેકનો ભાર ઝીલતાં ને જન્મ દેતાં, અને પછી પોતાના અત્યાચારી કો કુટુંબી કે કુળવાન પુરુષની આબરૂ સારું રઝળતું મેલતાં, શી શી વેદના ઉઠાવી હશે?

અત્યારે એ જનેતાઓ જોતી હશે કે જે નાના હાથમાં પોતે બંસી, પ્રભુપોથી કે નિર્દોષ હથોડો-પાવડો ઝલાવવાનાં સ્વપ્નાં સેવ્યાં હશે, તે હાથમાં બંદૂકો ફૂંફાડે છે. કોઈ ગર્ભિણીને ગર્ભને ઉઝેરતાં ઉઝેરતાં ઈશુની માતા મેરીની યાદ રહેલી હશે; કોઈને પોતાના દેશનો પ્રેમગાયક કો કવિ કે શાંતિના શબ્દો પાડનાર કો ગ્રંથકાર એ નવેય માસ સાંભર્યા કર્યો હશે; કોઈએ ધ્યાન ધર્યું હશે પોતાની હતભાગિની સ્ત્રીજાતિના કોઈક ઉદ્ધારકનું, ખાણમાં મજૂર બચ્ચાંના કોઈક તારણહારનું, મંગળના તારાને અડકવા ઊડનાર કોઈ વિમાનીનું, ઉત્તર ધ્રુવને કિનારે પહોંચનાર કોઈ સાગર-વીરનું. એમાંની કોઈ ગર્ભધારિણી નાટકની નટી હસે. નૃત્યસુંદરી હશે, સાધ્વી હશે, કિન્નરીકંઠી ગાયિકા હશે, વિદ્યાલયે ભણતી વિદુષી હશે, દેવળના ધર્મપાલની પુત્રી હશે, વહાણવટીની વિજોગણ હશે, દવાખાનાની નર્સ હશે, કોણ જાણે કેવાય સુંદર સંસ્કારોએ સોહાગણી એ મા કોઈ ઈજ્જતવાનને ફાંસલે ફસાઈ ગઈ હશે!

એ તમામનાં ફરજંદોની આ એક સરખી દશા! તમામના હાથમાં બંદૂકડી! એ પ્રત્યેક સુંદર દેહ તોપોના મોંમાં ફેંકવા ઘાસનો પૂળો બન્યો. એને હુકમ અપાતાંની વારે જ એ ગોળીઓ છોડશે – કોઈ બેકારોનાં ટોળા પર, કે જેમાં કદાચ એની જનેતા પણ ઊભી હશેઃ કોઈ કારખાનાના હડતાલિયા પર, કે જેની અંદર એ જ જનેતાના ગર્ભે સેવાયેલ પોતાનો સગો ભાઈ પણ શામિલ હશેઃ કોઈ પરદેશી સૈન્ય ઉપર, કે જેમાં પોતાના સરખા જ માતાના ત્યજેલાઓ પેટને ખાતર પટ્ટા બાંધીને ઊભા હશે.

પણ હું તો વિનાકારણ આટલી ઊકળી ગઈ. પારકા દેશમાં પાપનાં છોકરાંનું આમ થાય છે ને તેમ થાય છે તેની શી તથ્યા પડી છે મારે? હું તો કહું છું કે ઘણી ખમ્મા મારા દેશની ધર્મનીતિને! નારી જાતને તો જગતકર્તાએ નીચ સર્જી છે ત્યારે જ એની કાયામાં આવાં પાપ ઊગી નીકળી છે ને! પ્રભુએ જ પુરુષને ઊંચેરો સ્થાપેલો છે એટલે એના પાપનાં પરિણામ ધારણ કરવાનું જોખમ નથી ને! માટે આ ભ્રષ્ટાઓ અને કુલટાઓ છો એમનાં પાપનાં ફળો ભોગવતી. એમના દુરાચારનાં પેદા થયેલા બાળકો જેમતેમ ટૂંકાં પતી જાય તો જ સમાજનો ઉગાર છે. આંહીં જો એ બાળકોને રાજપાલિત પ્રજાજનો બનાવવાની નીતિ પેઠી તો અમારા પવિત્ર કુળાચારના બાર વાગી જશે. પછી તો વંઠેલનાં જણ્યાં ખાનદાનનાં ફરજંદો જોડે એક નિશાળે ભણશે. ઊંચાં બુદ્ધિતેજ બતાવશે, વરશે, પરણશે ને મોટી પાયરીઓ પર ચડી બેસશે તો અમારી ન્યાતજાતનું, વર્ણાવર્ણીનું, વંશપરંપરાની અમીરાતનું ને આર્યરક્તની વિશુદ્ધિનું શું થશે? કોઈ કોઈનાં માબાપનું નામ ન પૂછી શકે તો તો પછી કુળવાન-કુળહીનનો ભેદ શી રીતે સમજાશે?

મને તો આ ‘હરામના હમેલ’નાં છોકરાં માટે એક ઉપાય સૂઝે છે. રાજની

સત્તાવાળાઓએ તો કોઈ બાઈને 'હરામના હમેલ' રહે એનો ચોક્કસ જાપતો રાખવો. બની શકે તો એને સારુ છૂપી પોલીસનું જૂથ વધારવું. પૂરે મહિને પ્રસવ કરાવવો. પછી પ્રસવનાર માતાને સજા કરવી કે જેથી ધર્માચાર્યો વગેરે રાજી રહેશે. પેલા છોકરાંને મા ધવરાવે ત્યાં સુધી ધાવણ પર ઉછેરવાં એટલે કંઈ વધારાનું ખર્ચ નહિ કરવું પડે, અને માનું ધાવણ મૂકી દીધા બાદ એના આટલા આટલા ઉપયોગ થઈ શકેઃ

એકઃ કોઈ પણ દાક્તરને નવી રસીનો પ્રયોગ કરવો હોય તો એ બાળકો ઉપર કરાવવો.

બીજુઃ જીવતાં માણસની વાઢકાપ કરવાનું, કોઈ નવીન શોધને સારું જરૂરનું જણાય ત્યારે આ છોકરાંમાંથી વેચાતું દેવું.

ત્રીજંઃ કોઈ ધર્મગુરુને ચેલો જોઈતો હોય તો એમાંથી વેચાતો આપવો.

ચોથંઃ ઇંગ્લંડની અથવા અમેરિકાની ચોપડીઓ લખનારી કે ભાષણ કરનારી કોઈ પણ બાઈને હિંદુસ્તાન દેશની નાલાયકી પુરવાર કરવાનાં ભાષણો આપવાનાં હોય તો એના નમૂના બતાવવા સારુ પીંજરામાં પૂરીને અક્કેક જીવતું છોકરું આપવું. તેની સાથે એ છોકરાનું ખર્ચ ન આપી શકાય તેવું હોય તો એ છોકરાને મારી નાખી એના શરીરમાં મસાલો ભરીને કાચની પેટીમાં ગોઠવી આપવું.

આથી કરીને હિંદના અનેક લોકો તમને ધન્યવાદ આપશે, જાતિ અને ધર્મ નિર્મળ રહેશે, ભ્રષ્ટાચાર પેસવા નહિ પામે અને નવ માસ ભાર વેઠનારી માતાઓને પણ સંતોષ મળશે કે સંતાન ઠેકાણે પડી ગયું ગર્ભ મૂકનાર પિતાઓને પણ બીક મટી જશે કે રખે પકડાઈ જઈશું! કારણ, પછી તો પિતા કોણ છે તેની તપાસ જ કરવાની જરૂર નહિ રહે.

વળી કેટલાક અનાથાશ્રમો ફૂટી નીકળ્યા છે તેની પણ જરૂર નહિ રહે, ને એવી ધર્મવિરોધી હિલચાલો પણ બંધ કરી શકાશે.

જેલરસાહેબ! તમે હોકલીના ધુમાડાનાં ગૂંચળાં ચડાવતા ચડાવતા મારી આ યોજના સાંભળી રહેલ છો કે? કુલટાપુત્રોની લશ્કરી પલટનો બનાવવાની બીજા દેશોની પ્રથા કરતાં તમને શું આ યોજના ચડિયાતી નથી લાગતી? તમે આ યોજના પેલા બે ઉપદેશક સાહેબને કહી સંભળાવશો? અમેરિકાનાં છાપાં તો આવી યોજના છાપીને લખનારને ઊલટા સામા પૈસા પણ આપશે. ઉપદેશક સાહેબો બાપડા હમણાં ભીડમાં હશે. એમને એટલી રાહત જડશે. ને હું એક ડૉલર પણ મારા ભાગનો નહિ માગું.

હું તો ફક્ત એટલું માગું છું કે આ વિધવા બામણીને દર રવિવારે આંહીં ઑફિસમાં બોલાવો, અને આપણા ફાંકડા ઉપદેશક સાહેબો અને સુંદર ફરફરતી સાડીઓમાં લપેટાયેલાં રૂપાળાં ઉપદેશિકા બાઈસાહેબોના ફૂલ ફૂલ જેવા મંડળની સામે એને હાથ જોડાવી ઊભી રાખી, નીચું મોં ઢળાવી, 'વૈધવ્યનું મહાતમ' તેમ જ 'વ્યભિચારનાં માઠાં પરિણામ' ઉપર સદ્‌બોધ અપાવો. બની શકે તો નરકપુરીમાં વ્યભિચારીઓને મળતી સજાઓ વિશેનાં ચિત્રોના નકશા પણ ઉપદેશક સાહેબો લેતા આવે ને આ પાપણી યુવતીને દિલે ત્રાસ છૂટે તેવો અસરકારક ઉપદેશ સંભળાવે. પશ્ચાત્તાપના અગ્નિમાં એનાં પાપ બળી ભસ્મ બની જાય તે સારું અનાથગૃહમાંથી એના બાળકને પણ તે ટાણે તેડાવી મંગાવીને મારી પેલી બાજુ હાજર રખાવજો. ઉપદેશમાં અમૃત પીતી પીતી એ ભ્રષ્ટા પોતાના પેટના એ 'પાપ' સામે તાકશે. અને 'એક વાર! એકવાર મને મારા બાળના ગાલો ચૂમવાની રજા આપો!' એવા પોકાર કરતી એ બ્રાહ્મણી જ્યારે મારી જાળીનાં ઝીણાં કાણામાં પોતાની આંગળીઓ ભરાવશે ત્યારે મને કેવો હર્ષ-રોમાંચ થશે, હેં જેલર દાદા!

ઉપદેશક સાહેબ તે વેળા કરડું હાસ્ય કરીને હાકલી ઊઠશે કે 'હજુ – હજુ તારું પાપ તને આકર્ષી રહ્યું છે, બાઈ! એને ધિક્કાર દેતાં તું ક્યારે શીખીશ? આ લે, આ એક ભગવદ્‌ગીતા અને એક રામાયણની ચોપડી. એનું વાચન કર. તારો ઉદ્ધાર થશે.'

બાળકને ચૂમી ભરવાને બદલે ગીતાનું વાચન કરવાનો માર્ગ સુઝાડાયો છે, પરંતુ આ કુલટાની અવળચંડાઈ કંઈ ઓછી છે? 'મારું બાળ! એક ઘડી મારા હાથમાં આપો! હું બે મહિનાની વધુ કેદ વેઠીશ. મારા હાથમાં આપો! અહીં સળિયા પાસે લઈ આવો. એનું મોં મને દેખાડો!' આવી ચીસો પાડતી આ વિધવા બામણીને ઉપદેશક મહાત્માઓ જ્યારે 'હોપલેસ' કહીને પાછી બરાકમાં મોકલી દેશે, ત્યારે મારી ખાલી પાંસળીઓમાં આનંદના કેવાં ગલગલિયાં થશે! પવનના સુસવાટા મારા કલેજા સોંસરા સૂસવતા સૂસવતા સુંદર વાદ્ય વગાડશે.

ઉપદેશિકા

ઉપદેશિકા બાઈ કેમ આજે નાકનાં ફોરણાં ચડાવીને બેઠાં છે? ઓરતોની બુરાકમાં આજ શું ઉદ્ધાર કશી અંતરાય પડી? દર રવિવારે તો ત્યાંથી પૂરા દમામમાં બહાર આવતાં હતાં. ને આજ કેમ સંસાર પરથી મન ખાટું થઈ ગયું છે?

કિરમજી રંગની, પતંગિયાની પાંખ-શી ફરફરતી એમની સાડી; કાંડે ઘડિયાળ; કપાળે કંકુનો ચાંદલો; પાણીના રેલા જેવી અબોલ અને વેગીલી એમની લૅન્ડો ગાડી; તાજું સ્નાન કરીને, ચા-નાસ્તો જમીને એ જ્યારે રવિવારને પ્રાતઃકાળે જેલની સ્ત્રી-કેદીઓનાં પાપ ધોવા પધારે છે ત્યારે એની સન્મુખ મધુડી ને ઝમુકડી નામની બે સામસામી બાઝીને ઝંટિયાં તોડી નાખનારી વેડવી વાઘરણો હાથ જોડી બેસી જાય છે; ખોટા રૂપિયા પાડનારી જુલેખા અદબ વાળે છે; સગા ધણીનું ખૂન કરીને જન્મટીપ લઈ આવેલી આયેશા, જેણે દેશની એકેએક મોટી તુરંગની જાત્રા કરેલી છે તે પોતાનાં ધોળાં ઝંટિયાં સમારીને આસન વાળે છે. ગાંડી થઈ ગયેલી સીદણ ફાતમા નથી આવતી નથી, સલામ ભરતી, એટલે મેટ્રન એને ધોકો લગાવીને બેસારે છે. તેઓને આ ઉપદેશિકા બહેન નીતિ અને ઈશ્વરભક્તિનાં અમૃતવચનો સંભળાવીને અરધા કલાકની પાવની ગંગા વહેવરાવ્યા પછી પોતાનાં પુણ્યશીલનો પ્રભાવ છાંટતાં નીસરી જાય છે. દરવાજો એમની પછવાડે દેખાય છે કે તરત જ મધુડી ઝમકુડીની મલ્લકુસ્તી, ભમરાનું ભોજન કરેલા કૂકડાની છટાથી મંડાઈ જાય છે. જુલેખા બાઈસાહેબનાં ચાંદુડિયાં પાડવા લાગે છે, આયેશા ખડખડાટ હસી પડે છે ચૂડેલ જેવી, અને ફાતમા સીદણની વેદનાભરી ચીસો છેક કોટની બહાર સાંભળીને પહેરેગીરો સ્તબ્ધ બની જાય છે.

પણ એ તો કંઈ નહિ. ઉપદેશિકા બાઈસાહેબનું કામ તો છે ઉપદેશ દેવાનું, તકદીરમાં હોય તે ઝીલે ને તરી જાય; બાકીનાં પાપમાં સબડે, તેનું આપણે શું કરીએ?

પરંતુ આજે ઉપદેશિકા બાઈસાહેબનું ઊતરેલ મોં દેખીને ટીખળખોર જેલર કારણ પૂછે છે.

'શું કરીએ?' બાઈસાહેબ બોલી ઊઠ્યાઃ 'પેલા સારાં સારાં કુટુંબોનાં વહુ-દીકરીઓ હમણાં તો અહીં ફાટી નીકળ્યાં છે ના? તે કહે કે, ક્રિમિનલ કેદીઓ કને ઉપદેશ દેવા

જાઓ છો તો અહીં અમને કાં લાભ નથી આપતાં? અમારો ય ઉદ્ધાર કરવા કાં ન આવો? હું તો ગઈ, પણ એ રડયાં શું ઉપદેશ ગ્રહણ કરે તેવાં છે? મારા જેવી મોભાદાર સ્ત્રીની એણે તો ઠઠ્ઠા કરી! સરકાર સામે ગુના કરી, ધણી છોકરાંને રઝળતાં મેલી, હાથમાં ઝંડાઝંડી અને મુઠ્ઠીમાં મીઠાં લઈ, દારૂડિયા ને છાટકાઓને ખભે હાથ મૂકી સાંજ વેળાએ 'ભાઈ, પીઠું છોડ! ભાઈ, દારૂ છોડ!' કરતાં, માર ખાતાં, પીધેલાઓના મુખની ભૂંડી ગાળો સાંભળતાં અહીં આવ્યાં છે એ વંઠેલા, ને ઉપર જતાં મારી ઠેકડી કરે છે!'

'નહિ, નહિ!' પાજી હાસ્યની કરચલીઓ પાડતો જેલર બોલી ઊઠે છે: 'હું તમારી સાથે આવીશ. બરાબર ઉપદેશ આપો. મગદૂર કોની છે કે તમારી મશ્કરી કરે!'

'ઓ લોકોની કને તો અમે કદી જ જવાનાં નહિ. એ વંઠેલીઓને ઉપદેશ કેવા વળી?'

એટલું કહી, મોટરના પોચા ગાલીચા ઉપર સુંવાળા શરીરને ઝુકાવી ઉપદેશિકા ચાલી નીકળ્યાં. તે દિવસ જ્યારે જેલર ઓરતોની બુરાકમાં મુલાકાતે ગયો ત્યારે એણે ઉપદેશિકા બાઈસાહેબની હૈયાવરાળનું સાચું કારણ દીઠું.

ધણીને મારનાર જન્મટીપવાળી આયેશા ડોશી ન્યૂમોનિયામાં પડી હતી; એ પાપિણીના બિછાના પાસે જતાં મધુડી ઝમકુડી વાઘરણો પણ પણ ડર ખાતી'તી. એના બળખાએ અને પેશાબ-ઝાડાએ આખી બુરાકને ગંધવી મૂકી'તી, ત્યારે પેલી સારા કુળની વંઠેલી ઝંડાઝૂંડીવાળીઓ પૈકી બે બહેનો એ માંદીનાં મળમૂત્ર ધોતી, દાક્તરે દીધેલ ગરમ કોથળીના શેક કરતી ને બળખા ઝીલતી બેઠી રહેતી હતી.

'અલા! અલા! મેરે અલા!' આયેશા પોતાની સારવાર કરનારી વંઠેલ છોકરીઓને મસ્તકે હાથ મેલીને બોલતી હતી. આજ પહેલી જ વાર એની જીભે અલાનું નામ રમે છે. 'અલામિયાં! યે તેરે ફરસ્તે હે. તેંને મેરે લિયે ફરસ્તે ભેજવાયે, અલા! મેરે જેસી નાપાક કે લિયે?'

આયેશા બુઢ્ઢી અનંત મીઠાશથી એ વંઠેલીઓના ગાલ પર હાથ પસારતી તે દિવસ મૃત્યુ પામી.

સવારે આવેલ ઉપદેશિકા બાઈસાહેબ આ મંદવાડની દુર્ગંધ અને આ વંઠેલીઓના હાથથી થતી સારવાર ન સહી શકાયાથી દુભાઈને ચાલ્યાં ગયાં હતાં, રોગીની પથારીની નજીક એ નહોતાં જઈ શક્યાં, ઊભાં રહ્યાં ત્યાં સુધી નાક આડે એમણે રેશમી રૂમાલ

રાખ્યો હતો.

ફાંસી

તું આ બધા ઉદ્દગારો સાચા માનતો નથી, ખરું ને, ભાઈ હરખા? મારું કહેલું કટાક્ષયુક્ત સમજીને તું ચાલ્યો જાય છે. મને બુઢ્ઢીને તો જુવાનોની ઠેકડી કરવાની ટેવ પડી ગઈ છે. મારો પરિહાસ બહુ કાતિલ થઈ પડે છે, ખરું? પેલા બુઢ્ઢા ઉપદેશક સાહેબો પણ મારા પર ચિડાઈ ગયા.

પણ હું ઠેકડી ન કરું તો શું કરું? મારું અંતર ભેદાઈ જ જાય ને! દરરોજનાં આટલાં ક્રંદનો સાંભળનારને ગંભીર રહેવું પરવડે નહિ. તો તો હું ગાંડી જ થઈ જાઉં. તમારે સહુને તો ઠરાવેલી મુદતની સજા છે. પચીસ વર્ષ પૂરાં કરીને પણ તમારા માંહેલા અનેક જન્મકેદીઓને છૂટીને ચાલ્યા જતા મેં જોયા છે, ને હું જોઈ જોઈ સળગી ગઈ છું. મારી સજા તો અનંત છે. જેલની દીવાલના પથ્થરોએ મને ચોમેરથી ચાંપી છે એટલે જ હું બક બક કરીને મારા દિવસો વિતાવું છું.

એકાએક હું સ્તબ્ધ બની જાઉં છું. જેલ-ઑફિસના કારકુનોની ધક્કામુક્કી અને ગાળાગાળી થંભી જાય છે. જેલરની ત્રાડો પણ રૂંધાઈ ગઈ. વાતાવરણ કેમ આટલું વજનદાર બની રહ્યું છે? મારી પાસેથી બીજા મુલાકાતિયાઓને શા માટે ખસેડી લીધા? જેલના ઇન્સ્પેક્ટર જનરલની હાજરીથી પણ જે ચુપકીદી નથી છવાતી, તેવી ચુપકીદી આજે સંધ્યાકાળે આ કોનું આગમન પાથરી રહ્યું છે?

ચુપ! ચુપ! ચુપ! ખણીંગઃ ખણીંગઃ ખણીંગઃ મૃત્યુ ચાલ્યું આવે છે, મૂર્તિમાન મૃત્યુનાં એ પગલાં, એની પછવાડે ચાર પોલીસ છે. એના હાથપગમાં બેડીઓ પડી છે. ઓળખ્યો? ફાંસીની સજા પામેલો અનવરખાન પઠાણ.

અનવરખાન પઠાણ! તારી અમ્મા તને મળવા આવી છે. છેક પેશાવરથી આવી છે. સફેદ વાળ અને સફેદ વસ્ત્રોવાળી એ ડોશીએ બુરખા ઉઘાડી નાખ્યા છે. તું શાંત કેમ ઊભો છે?

'બેટા! મેરા પ્યારા બેટા!' એમ કહેતી એ ડોશી તો હૈયાફાટ રડી ઊઠી છે, છતાં તારી છાતી કેમ ભાંગતી નથી? તારા મોં ઉપર આઠ મહિનાના નાના બાળક જેવી

કરુણતા છે. તારી આંખો અમી વરસાવે છે. પઠાણની આંખો આવી હોય? તું ફાંસીની સજા પામેલો કોઈ કેદી નહિ પણ આત્મસ્થ યોગી દીસે છે.

રડવા જ દીધીઃ એકીટશે બસ નિહાળી જ રહીને તેં અમ્માને રડવા જ દીધી. અને પછી હાથકડીઓમાં જકડાયેલા હાથ જોડીને તેં અમ્માને કહ્યું : 'સુનો! સુનો! અબ રંજ મત કરો.'

તારી વાણીમાં તો આવતી જિંદગીનો અવાજ હતો. તેં કહ્યું –

'તુમ યહાંસે શહરમેં જાઓ. વહાં જડજ કે બંગલે પર જાના. દો બંગલે હૈં, એક કાલા જડજકા, ઔર એક ગોરાકા, તુમ ગોરે કે પાસ જાના, બોલના કિ સાબ, મેરા એક બેટા તો મારા ગયા, અભી યે દૂસરા ભી બેગુનાહ મરતા હૈ –'

'હાં!' અમ્મા વચ્ચેથી બોલી ઊઠીઃ 'ઔર વૌ છોટે બચ્ચેકો સચ્ચે મારનેવાલે તો મૌજ કર – ' એટલું કહીને અમ્મા ફરી વાર ઢગલો થઈ પડી.

'ખેર!' અનવરખાનનો ઉત્તરનો તો સાંભળોઃ 'ખેર! જાને દો વો બાતકો. વો બાતસે અબ અપના ક્યા નિસ્બત હૈ –'

આખું દશ્ય દિલ ચીરનારું હતું. એ ન સહેવાયાથી જેલર બહાર ચાલ્યો ગયો. ઑફિસનાં પંદર માણસોમાં કોઈને જીભ ન રહી. છતાં અનવરખાન તો અમ્માને ફોસલાવી રહેલ છે. ગોરા જડજને બંગલેથી જાણે બેટાનો જાન હાથ લાગવાનો હતો! એટલી તો બારીકીથી અનવરખાને અમ્માને સૂચનાઓ આપી કે ડોશી બેટાના ઉગારની અરધી આશા આવી ગઈ. એણે પોતાનો બટવો કાઢીને નાગરવેલનું બીડું ખાધું, તમાકુની ચપટી હોઠમાં દાબી.

'અમ્મા! તુમ પરસુ આના. અભી શહરમેં અપને ભાઈઓંકે ઘર જાના.'

ડોશી પેશાવરથી સીધેસીધી જ જેલ પર આવી હતી.

'તુમારે પાસ અસબાબ હૈ?' બેટાએ પૂછ્યું.

'હાં બચ્ચા! એક પેટી હૈ.'

'અચ્છા, સ્ટેશન પર જાના, કુલી કો પેસા દેના.'

'બચ્ચા! દો પેસામાં તો કુલી નહિ લે જાયગા.'

'નહિ ક્યોં લે જાયગા? કાનૂન હે. બાબુકો બોલના.'

'કાનૂન હે, બાબુકો બોલના!' અનવરખાં પઠાણ! મૃત્યુને અને તારે ચાર દિવસનું અંતર છતાં તને હજુ આ દુનિયાના કાનૂન પળાવનારા બાબુ પર ઈતબાર છે? તારા ખૂની હૃદયના ઊંડાણમાં તો કાનૂન અને કાનૂનરક્ષક રાજતંત્રનો જ પક્ષપાત છે ને? ત્યારે તું તો જિંદગીભર કાનૂનના ભુક્કા બોલાવી રહેલ હતો તે શું એક રોગ જ હતો? જિંદગીમાં તને જે ન સૂઝ્યું તે શું તને આજ મૃત્યુની છાયાએ યાદ દીધું?

હું આવું આવું વિચારી રહી હતી ત્યારે ઓચિંતી એક રમૂજ દીઠી. ધોળી ટોપીવાળો એક રાજકેદી ત્યાં બેઠો હતો અને આંસુ આવી ગયાં. અનવરખાન, બસ, એને કોઈ નિર્દોષ માર્યો જતો લાગ્યો. અનવરખાન જેવો સમાધિસ્થ પુરુષ શું પોતાના પિત્રાઈ ભાઈની હત્યા કરે? ત્રણસો રૂપિયાની ખાતર? હાય, નક્કી ન્યાયકર્તા આગલા દિવસના એક બનાવથી દોરવાઈ ગયા હશે. આગલે દિવસે એક એક પઠાણ કેદીએ એને છૂટી બાટલી મારી તેથી, બસ, એણે બીજે દિવસે અનવરખાનને પઠાણ તરીકે ફાંસીની સજા ટીપી મારી! રાજકેદી બાપડો ગદ્ગદિત બની ગયો.

ભાઈ રાજકેદી, તું અનવરખાનને ઓળખી ગયો શું? આટલી આસાનીથી? તારા અંતરમાં અનવરની નિર્દોષતા પથરાઈ રહી છે. તું જો વાઈસરોય હોત તો ખૂનીને એકદમ ક્ષમા દઈ દેત, ખરું?

અરે ગંડુ! અનવરને તો શહેરની એકેએક ગલી ઓળખે છે. એ તો અંધારી રાતનો રાજાઃ એનો ધંધો અફીણગાંજાની દાણચોરીનો. એનું વીરત્વ ગળાકાટુનું.

આજ એ અનેક ખૂનોની ગાંસડીએ અનવરને નીચો નમાવ્યો છે. રાતે જઈને અનવરની તુરંગ પાસે તો તું ઊભો રહેજે!

અનવર આખી રાત કલમાં પઢે છે, નમાજે ઝુકે છે, દરોગાઓને કહે છે કે મેં ઘણી ઘણી હત્યાઓ કરી છે; આ એક ભલે નથી કરી, પણ મને યોગ્ય સજા મળી છે.

અનવર ઘેરા કંઠે ગાયા કરે છે. કૈં કૈં દિલભેદક કલામો ગાય છે, વચ્ચે વચ્ચે પાછો બોલી ઊઠે છેઃ 'અય ખુદા! હમ ભી તેરે પ્યારે બચ્ચે હૈં!'

આખી ફાંસીખોલીનું વાતાવરણ અનવરની સંગાથે જ જાણે પાપની તોબાહ ગુજારી રહ્યું છે. ઈમાન, શાંતુ અને ઈશ્વરી રહમદારીની એક મસ્જિદ જાણે કે સર્જાઈ ગઈ છે. ત્યાં વૉર્ડરો, મારપીટ કે ગાળાગાળી તો શું પણ ઊંચે અવાજે વાત પણ કરી શકતા નથી.

ત્યાં મુકાદમો જાય છે ત્યારે તેઓના પગના જોડા અબોલ બની રહે છે, ત્યાં જેલર અને સુપરિન્ટેન્ડેન્ટની મુલાકાતો પણ રૂઆબફુવાબથી રહિત બનીને થાય છે. ગુસ્સામાં અને ખુશાલીમાં જેનું ગળું હંમેશાં ગાજી ઊઠવા જ ટેવાયેલું છે તે જેલરના હોઠ પર ત્યાં માત્ર મૂંગી પ્રાર્થના જ ફફડે છે. તાળાં અને ચાવીઓ, કોટડીનાં કમાડો અને સાંકળો ત્યાં અદબથી ઉઘાડાય છે અને બિડાય છે. ખુલ્લે ગળે બોલે છે ફક્ત ત્યાં પક્ષીઓ ને ખિસકોલીઓ.

જેલના રચનારને જાણે મૃત્યુની અદબ હશે. ફાંસી ખોલીની આખી તુરંગને બાંધવામાં એણે હવાઉજાસની આવ-જા રૂંધી નથી. પહોળી પરસાળ પર શીતળ લાદી જડી છે, ને પરસાળની સામે સીધી હારમાં લીલાછમ લીંબડા-પીપળા રોપાવીને ઘટાદાર છાંયડો નિપજાવ્યો છે. એ ઝાડોના પગ પાસે ગુલાબ, ડોલર અને ચંપા જેવાં ઝાડોનો નાનો બાગ વવરાવ્યો છે.

કોઈ કોઈ વાર ત્યાં રહી જતા બેવકૂફ રાજકેદીઓ પોતાની મુલાકાત વેળા પોતાનાં બાળકોને પહેરાવવા સારું આ ડોલર-ચંપાની માળાઓ પરોવી રાખતા.

તુરંગના દરવાજાથી પચીસ જ કદમ દૂરની દીવાલ પાછળ જ્યાં પરલોકના પ્રવેશદ્વાર જેવું ફાંસીખાનું છે, તેના બારણા સુધીની એ પચીસ જ પગલાંની નાની કેડીને પણ બન્ને બાજુએ ફુલ-રોપ વડે શણગારી છે. એ ફૂલોની વચ્ચે થઈને કેદી અપર દુનિયાની યાત્રાએ ચાલ્યો જાય છે. એ ફૂલમંડિત વાટિકા જાણે કોઈ તપોવનમાં, આશ્રમમાં કે નદીઘાટ પર લઈ જાય છે. કોઈ નૌકા ત્યાં મુસાફરની વાટ જોતી જાણે ઊભી હશે.

થોડા જ દિવસ પછીને એક પ્રભાતે પોતાને પણ જ ફૂલમંડિત પચીસ પગલાં ભરી કાઢવાનાં છે, તે પગથી ઉપર નજર ઠેરવતો અનવર પોતાની કોટડીને બંધબારણે બેઠો બેઠો પોતાની રચેલી ઈશ્વરી કલામો ગાતો ત્યારે એનો ઘેરો અને ગળતો કંઠ એ કોટડીના ઊંચા ઊંચા છાપરા સુધી ઘૂમરીઓ ખાઈને કેવો ગુંજતો હતો!

હું તો રહી દરવાજા પરની, છેવાડાની બારીઃ અજગર સરખા, કૂંડાળું વળીને પડેલા એ જબ્બર કાળા કોટની એક તબકતી ઝીણી આંખ જેવી હું તો. પણ અંદર ક્યાં ક્યાં શું થઈ રહ્યું છે તે બધું જોઈ અને સાંભળી શકું છું. હવા વાટે અને જમીન વાટે મને એ આખીય જેલમાં બનતા બનાવોના વીજળી જેવા આંચકા લાગે છે. હું ચીસ પાડી નથી શકતી તેથી કરીને એ આંચકાની પીડા મને વધારે લાગે છે.

દાખલા તરીકે આજે જ અમારો સૂબેદાર દોરડાંનાં મોટાં ગૂંચળાં લેવરાવીને ફાંસીખાનામાં જઈ આવ્યો. અનવરને કેટલી ઊંચાઈએ ઊભો રાખવો પડશે, એના ગળાની

પહોળાઈને પહોંચી વળવા માટે કેટલો ગાળિયો જોઈશે, વગેરે માપ-બાપ નક્કી કરી આવ્યો. અનવરના ભારથી રસી તૂટશે તો નહિ ને, એ ચોકસી કરવા સારુ ગુણપાટમાં રેતી ભરીને બનાવેલ એક માનવપૂતળાને લટકાવવાની 'રિહર્સલ' પણ કરી આવ્યો, ફાંસીખાનું વાળી ચોળી કોઈ શિવાલયના આંગણાં જેવું ચોખ્ખું ફૂલ બનાવરાવી આવ્યો, ને બરાબર સામે જ પોતાની કોટડીમાં બેઠે બેઠે અનવરે એ નજરે દીઠું. પછી બપોરે 'અમ્મા' મુલાકાતે આવી.

પણ જેલરે આજ એ છેલ્લી મુલાકાતનો મીઠો ભક્ષ મારા મોંમાંથી પડાવી લીધો તેથી મને ઘણું માઠું લાગ્યું. 'અમ્મા'ને તો વૉર્ડરો છેક ત્યાં ફાંસી-ખોલીની તુરંગમાં લઈ ગયા. હું તો અનુભવી રહી ખરીને, એટલે કળી ગઈ કે જેલરને એ મુલાકાતનું દુઃખ નજરે જોવું નહોતું તેથી કરીને જ તેણે મારું સુખ હરી લીધું. મને ખીજ તો એટલી બધી ચડી કે આ મૂઆઓના 'આઈ.પી.જી'ને એક નનામો કાગળ લખી નાખું કે આવાં કૂકડી જેવાં પોચાં કલેજાવાળાઓને તમે જેલ ઉપર શું જોઈને નીમ્યા છે, સાહેબ! પણ લખું તે શી રીતે? ચાર-પાંચ ખડિયા-કલમ પડયાં છે તેમાંથી એકેય ઉપાડી શકે તેવાં આંગળાં મારે નથી.

ખેર! 'અમ્મા'ની પાછળ મારા પગ પણ વીજળીતાર સંધાઈ ગયા.

એક હજાર કેદીઓ વચ્ચે સર્વથી નિરાળો અને આખા કારાગૃહમાં સર્વથી સુઘડ સુંદર અમીરી મકાનમાં લીલી કુંજ વચ્ચે રાખવામાં આવેલો 'મારો અનવર' શું છૂટવાનો હશે તેથી જ અહીં એને માનપાનથી મહેમાન રાખ્યો છે? અનવરને દરવાજા સુધી ચાલવાની તકલીફ આપવાને બદલે મને એના આવાસ પર લાવવામાં આવી એ વાતમાં પણ શું અનવરના છુટકારાની જ વધાઈ હશે! આવા આવા ઘોડા ઘડતી 'અમ્મા'ને જ્યારે પરસાળમાં બેસાડવામાં આવી પણ અનવરને કોટડીમાંથી બહાર ન કાઢ્યો, અને સળિયાવાળા બારણાની પાછળ બેસીને અનવર જ્યારે અમ્માની સાથે આવેલ પોતાના બંધુજન પાસે અનેક સગાંવહાલાં પર છેલ્લી સલામના કાગળો લખાવવા લાગ્યો, ત્યારે પછી 'અમ્મા'ની આંખોમાંથી આશાનો ચમકાટ ઊડી ગયો.

'બેટા! ક્યા તારીખ મુકરર હો ગઈ? તૂ મુઝે ક્યાં નહિ કહતા?' એવું પૂછતી આંસુભરી અમ્માને અનવરે બસ એકસરખું મંદ મંદ સ્મિત કરતાં ખામોશીથી એક જ ઉત્તર આપ્યોઃ 'નહિ, અમ્મા! અભી તો બડા લાટસાબ કે પાસસે રહમિયતકી અર્જીકા ફેંસલા કહાં આયા હી હૈ? અભી તો દેર હૈ. તુમ રંજ મત કરો.'

અનવરનું મોં મલકતું હતું, પણ અમ્માએ આજુબાજુ દૃષ્ટિ ફેંકીને દીઠું કે વૉર્ડરો, મુકાદમો વગેરેના ચહેરા પર જુદી જ છાયા છવાઈ ગઈ હતી. પોતે અમ્માની આખરી

રજા લેતો હોય એવા કશા ચાળા પુત્રે કર્યા નહિ. સાંજરે જ્યારે અમ્મા બડા લાટસાબની રહેમિયતના ફેંસલાની છેલ્લી આશા લઈને ઘેર ચાલી, ત્યારે દરવાજે એને કહેવામાં આવ્યું કે કાલે સવારે નવ બજે અનવરની લાશ તને સોંપવામાં આવશે.

તે રાતે તો અનવરે ઝોલું પણ ન ખાધું, બંદગી જ કર્યા કીધી. સવારે એને પરસાળમાં બેસારીને હજામે હજામત કરી. હજામત વખતે એના હાથ પીઠ પાછળ રખાવીને હાથકડી જડવામાં આવી હતી. પણ અનવર તો જાણે શાદીની તૈયારી કરાવતો હતો. હજામત પૂરી થઈ રહ્યે જ્યારે પાછા એના હાથને પછવાડેથી અગાડી લાવીને હાથકડી પહેરાવી, ત્યારે એણે હજામને કહ્યું:

'જરા કંગવા લાવ તો, ભૈયા!'

કાંસકો અને અરીસો લઈને અનવરે પોતાની દાઢી ઓળી, ચા પીધી, કપડાં પહેર્યાં. ચમકતાં સંગીનોવાળી બંદૂકો ખભે નાખીને પોલીસની ફોજ આવી ગોઠવાઈ ગઈ; ને જ્યારે સર્વ ભાઈઓને મીઠી સલામ સાથે માફામાફી કરીને અનવરે એ ફૂલો વચ્ચેની કેડી પર પચીસ કદમો ભર્યા, ત્યારે કદમે કદમે ધરતીએ એને 'ખમા ખમા' કહ્યું હશે; ફાંસીખાનાની ખડકી પર અમલદારોને અને માજિસ્ટ્રેટને એણે 'દરગુજર' યાચ્યું ત્યારે પણ અનવર એવી ને એવી સમતામાં હતો. મેં તો ઘણુંય ટીકીટીકીને જોયું, કાન માંડી માંડીને તપાસ્યું કે એની આ વીરતામાં બડાશ અથવા શેખી તો નથી ને! બનાવટી રીતે અક્કડ રહીને એ પોતાનો નોક રાખવા તો મથતો નહોતો ને? પણ મારી એ બધી હુશિયારી ફોગટ ગઈ. ભાઈ, એ તો જ્ઞાનમાં ને અવિકારમાં ગળી પડેલા કોઈ મુરશદની ભદ્ર વીરતા હતી.

અરેરે, આમાં મોતની સજાનું માત્યમ ક્યાં રહ્યું? આ તો અમારી, સહુ સત્તાધારીઓની ઠેકડી જ થઈ ને? દરવાજેથી એને ગળા સુધી કાળી કાનટોપી ઓઢાડી દેવામાં આવી તોય અનવર તો દુલ્લો જ રહ્યો. અને પછી તો એક-બે મિનિટમાં જ પાટિયાંનાં ધબકારા થયા. અનવર લટકી પડયો.

પણ લટક્યા પછી દસ મિનિટે જ્યારે દાક્તરે એ ભોંયરામાં ઊતરી લાશની નાડ તપાસી ત્યારે નાડી એક તંદુરસ્ત જીવતા માણસના જેવી ચાલતી હતી. એટલે કે અનવરના હૃદય ઉપર એ કારમાં મોતનો આઘાત જરીકે નહોતો પડયો. એ તો મરી રહ્યો હતો, કેવળ ગળાના ફાંસલાની ભીંસથી જ; જ્યારે બીજાઓ ફાંસી પર બે રીતે મરે છે: એક તો ગળાની નસ પર ભીંસામણ થવાથી શ્વાસ રૂંધાઈને, અને બીજું એ મૃત્યુની દારૂણ ફાળની અસરથી. અનવર જો ખોટી વીરતાનો વેશ ભજવતો હશે તો છેલ્લી ઘડીએ ઉઘાડો

પડી જશે એવી મને આશા હતી. પણ આ તો અમારા માથાનો મળ્યો. આખી જિંદગીને હારનારો પાપી આમ મોતને જીતી ગયો.

હી-હી-હી-હી-હી! એ વાત કરતાં તો વળી પાછું મારાથી હસી જવાય છે. અમે તો જેલનાં જીવઃ અનવર ફનવર જેવામાં મોતની અસર અમારા ઉપર પાંચ-દસ મિનિટથી વધુ લાંબી પહોંચે નહિ. અમે તો ટેવાઈ ગયાં. અમારો તો ધંધો ઠર્યો. અનવરની વાત કહેતાં હું આવી ગંભીર અને જ્ઞાનદંભી શીદ બની ગઈ! પણ મને રમૂજ તો પડી ગઈ પેલા દયાળજી વાણિયાનો કિસ્સો યાદ આવી જવાથી.

દયાળજી

દયાળજી બાપડો જુવાન વાણિયો હતો. પણ એ ચડી ગયેલો પરાક્રમને પંથે. બીજાં નાનાં નાનાં પરાક્રમોની તો ખબર નથી પડી, પણ મોટાં પરાક્રમો એણે બે કર્યું એક તો કોઈ માશૂક સાથે પ્યારમાં પડીને એના ઉપર પોતાની કમાણી ન્યોછાવર કરવાનું; અને બીજું એ જ માશૂકને 'રંડી' કહી એની હત્યા કરવાનું. પોતાની તરફ બેવફાઈ કરનાર 'રંડી' – ને જાનથી માર્યાનો કેટલો ગર્વ દયાળજી લેતો હતો તે હું એની મુલાકાતો વખતે જોઈ શકતી. નીચલી કોર્ટમાં એનું કામ ચાલતું તે દિવસોમાં એની મા એની મળવા આવતી ચાર-આઠ દહાડે મા દયાળજીનાં અસ્તરીબંધ કપડાં દેવા અને જૂની જોડ લઈ જવા આવતી ત્યારે હું જોતી કે માના શરીર ઉપરનો સાડલો તો એ-નો એ અણબદલ્યો અને આઠ-દસ થીંગડાંવાળો જ હોય, બચાડી મારા જેવી જ ડોકરી અને ડાકણરૂપ. કેમ કે રાંડીરાંડ! ઉપરની જ ભયાનક; અંદરથી તો એ પણ મારા જેવી જ કાચી છાતીની.

એક વાર એ દયાળજીના સારુ સનલાઈટ સાબુનું એક ચોસલું લઈ આવી. એ સાબુ અમારા ચકોર મુકાદમે ભાંગ્યો, સાબુના પેટમાંથી પાંચ-છ પાવલીઓ નીકળી પડી! અમારો મુકાદમ, પોતે જાણે કોઈ પારીસ નગરીનાં જવાહીરની ચોરી પકડી હોય તેવા તોરથી મલકાયો અને દયાળજીનો મોટા નીતિદારની જેમ ઠપકો દેવા લાગ્યો કે, 'તમે આવી રીતે પૈસા મંગાવીને તમારી સગવડો વધારવા સારુ જેલમાં રુશવતો આપો છો, એટલે બીજા ગરીબ કેદીઓના ઉપર કેવો જુલમ થાય છે એ સમજતા નથી! જાઓ, જાઓ, તમારી મુલાકાત રદ થાય છે!'

'પણ મને ક્યાં ખબર જ હતી?' એમ અજાણપણું ધારણ કરીને દયાળજીએ તરત પોતાની ડોકરી મા ઉપર મુકાદમી કરી કહ્યુંઃ 'જાઓ, જાઓ હવે આંહીંથી, તમારું કાળું કરો! આવા ધંધા કરો છો!'

મા મારી નજીક ઊભેલી હતી ત્યાંથી છેટે ખસી ગઈ.

એણે શા સારુ દીકરાનો આ ધુતકાર ખમી ખાધો? કેમ એણે ત્યાં ને ત્યાં દીકરાની જ શિખવણી ઉઘાડી ન પાડી? આવું ભોંઠામણ પચીસ-ત્રીસ માણસોની વચ્ચે શીદ એ પી ગઈ? ઊલટાની એ તો છાનીમાની પાછી નજીક આવીને પૂછવા લાગી કે 'હેં

ભાઈ, મારા દયાળજીએ આ બાબત સારું કાંઈ મારપીટ તો નહિ કરે ને? ભૂખ્યો તરસ્યો તો નહિ રાખે ને?'

જેલ-ઑફિસની બારી તરીકે મારું જીવન ઘણી ઘણી રીતે ધિક્કારપાત્ર અને પામર હોવા છતાં એક વાતનો મને ખૂબ હર્ષ થયો કે 'હું કોઈની મા તો નથી! મા થવું એટલે તો આ દશા ને?'

વચ્ચે પછી હું દાંત ખખડાવીને હસવા લાગી તે તો અમારા પેલા ચાલાક મુકાદમ ભાઈની શેખી ઉપર અને ગંડુ! તું સાબુમાંથી કે પગરખાંના તળિયાંની વચ્ચેથી આ છુપાઈને અંદર આવતાં નાણાં પકડીને શું, બસ, એમ માની બેઠો કે તેં જેલને વિશુદ્ધ બનાવી નાખી! બીડીઓ-તમાકુ-સિગારેટ-ગાંજો-દારૂ-મીઠાઈ – બોલ તારે શું જોઈએ છે આમાંથી? બધો જ ભંડાર ભર્યો છે આ અજગરના પેટમાં. તે વગર શું ફક્ત આ ભાજીના ઘાસ ઉપર ને આ જુવારીના કાંકરીદાર રોટલા ઉપર જ આ પઠાણો, મિલએજન્ટો, કાઠીગરાસિયા અને બીજા સુંવાળા કેદીઓ જીવે છે આંહીં? ને શું ફક્ત પંદર રૂપરડીના દરમાયા સારુ આ વૉર્ડરો ખુવાર મળે છે આંહીં! આંહીં શું જુગાર ખેલાયા વગર આ પચીસ-ત્રીસ વર્ષની સજા પામેલાઓના દહાડા જાય છે? ને આ જેલ શું પાપીને પુણ્યશાળી કરવાનું ઠેકાણું છે?

આ તો, ભાઈ, અનાદિ કાળથી જે છે તે જ છે, નહિ તો કાળી ટોપીઓ પહેરનારા વધ્યા જ કાં કરે છે? પાંચ વાર પાછા આવનાર કેટલા બધા છે? જતી વેળા શું કહીને નથી જતા, કે 'ભાઈ, મારાં આ કપડાં ને આ કામળી ને આ તસલો ચંબૂ સાચવી રાખજો. હું આઠમે દા'ડે પાછો આવું છું.' આટલી બધી અક્કલ અને શક્તિ અહીં એકઠી થાય છે તે શું નવરી બેઠી રહે? ગુમન ન કર, ભાઈ; જો, તારી પતરાજી સામે બધા હસે છે. દયાળજીનાં નાણાં તો કાલે જ કોઈ બીજો વેશ પહેરીને પરભારાં છેક અંદર પેસી જશે.

પણ કેટલા દિવસ? દયાળજી બાપલો વાણિયો ખરો ને, એટલે પોતે કરેલી પેલી વીરતાભરી સ્ત્રી-હત્યા માટે અદાલતમાંય મૂછોના વળ ચડાવતો રહ્યો. નીચલી અદાલતે દસ વર્ષની સજા કરી તેથી સંતોષ ન લેતાં ગયો મુંબઈની હાઈકોર્ટમાં. જડજ પૂછે છે કે તેં ખૂન કર્યુ છે? દયાળજી કહે છે કે હા હા, કર્યું જ છે! જજ ફરી પૂછે છે કે તારા જેવા ખૂનીને. ફાંસી કેમ ન આપવી જોઈએ? તો કહે છે કે તમને ઠીક પડે તેમ કરો. એ બહાદુરીના બદલામાં દયાળજી દેહાંત-દંડ લઈને એક સંધ્યાએ અમારે દરવાજે આવી પહોંચ્યો. પણ હજુ જાણે કે એને પૂરી કલ્પના નહોતી આવી.

દયાળજીના ઘાટીલા જુવાન શરીર પર કડીબેડી જડાયાં તોયે એને ગળે ન જ

ઊતર્યું કે આ દેહ જેવો દેહ દસ-પંદર દા'ડામાં પડવાનો છે. પણ ફાંસી-તુરંગની કોટડીમાંથી ફાંસીખામાં પહોંચવાનો પેલો પંદર જ કદમનો પુષ્પશણગાર્યો અનંત પંથ જ્યારે એણે દીઠો, ત્યારે પછી એની વીરતા ગળી ગઈ.

અરે, તે દિવસે એ પોતાના ભાઈની ને માની મુલાકાતે આવ્યો ને જે રીતે એ વર્ત્યો તેથી તો મને બેશરમ બુઢ્ઢાને પણ ભોંઠામણ આવ્યું. ભેંકડો તાણીને રોવા લાગ્યો. એના ભાઈની સાથે લડી પડયો. એની મા પ્રત્યે પણ સમતા ન સાચવી. મુકાદમ સાથે પણ લડયો. બીડી-સિગારેટ ને દૂધપેંડાની લાલુપતા એને લાગી. ધમાચકડી બોલાવી એણે. અને ફાંસીને પ્રભાતે –

હાય હાય! ગળામાં રસી પણ નખાઈ ગયા પછી – એક નાની ક્ષણનુંય ધૈર્ય હારી જઈ – અરેરે, પાટિયાં પર ઢગલો થઈને બેસી ગયો! પણ બેસી જનારાના ખોળિયાને કંઈ એ અમારા સુબેદારસાહેબે ચકાસેલી પાકી રસી થોડું છોડી દે છે? હૅન્ડલનો એક જ આંચકો અને દયાળજી પણ લટકી પડયો. તફાવત ફક્ત એટલો જ કે અનવર પઠાણનો રૂહ એ લટકતાં પિંજરમાંથી છૂટીને ગગનમાર્ગે ચાલી નીકળ્યો, ત્યારે દયાળજી વાણિયાના જીવાત્મા તો એ કલેવરની સાથોસાથ જ ટટળી રહ્યો.

મૃત્યુની અદબ

તમને લાગી આવતું હશે કે આ ડાકણને તો મૃત્યુની પણ અદબ નથી. નિરાધાર મરનારની ઠેકડી કરનાર આ જેલ-ઑફિસની બારી તમને જમ કરતાં પણ અધિક ઘાતકી લાગતી હશે. પણ મને મારી એવી હલકી આબરૂ જ ગમે છે. હું જેવી છું તેવી મને ઓળખી લો, તો તો મારી છાતી પરનો ઘણો બોજો હળવો થઈ જાય. પણ તમે બધા એટલા બધા ભોળા છો કે પેલા હંમેશાં ફાંસી દેવાનો ધંધો કરનાર અમારા કસાઈ કેદી અભરામના ખભા પર એક પાળેલું બિલ્લીનું બચ્ચું રમે છે તે દેખી તમે એ અભરામના હૈયામાં વહાલપ સંઘરાયેલી કલ્પો છો! બીજી તરફ અમારા જેલર અને સુપરિન્ટેન્ડેન્ટ હરેક ફાંસી પતાવી લીધા પછી ઘેર જઈને નિરાંતે ભોજન કરે છે એથી તમે એને રાક્ષસો કહીને છેડાઈ પડો છો.

ત્યારે તમે જ કહો ને, કે તે બાપડાઓએ શું કરવું જોઈએ? તમારા અનેક લોકસેવાના વ્રતધારીઓ, દૂધપાકપૂરી જમતા જમતા પ્રજા ઉપર ગુજરેલા કોઈ ગજબને સારુ નિશ્વાસો મેલતા જાય છે અને અરેરાટી ઉચ્ચારતા જાય છે, એ બેશક આદર્શ આચાર છે. ગરીબ દેશબાંધવોને માટે હાહાકાર ઉચ્ચારતા ઉચ્ચારતા મિષ્ટાન્ન આરોગવાથી એ મિષ્ટ ભોજન બેશક સ્વાદહીન બની જાય છે. એથી કરીને એનું પાતક નથી લાગતું. જુઓને, રાણા પ્રતાપના વંશજો સોનાના ભોજનથાળની નીચે પાંદડું મૂકીને અને બત્રીસાં પકવાનોની બાજુએ ચપટી ધૂળની ઢગલી કરીને જમતા, તે ડહાપણના તમે પૂજનારાઓ છો ને? મને પણ એમ જ લાગે છે કે એ એક સરસ તોડ છે. રસનાનો રસ સંતોષાય ને સાથોસાથ ઊંચા સંસ્કારો પણ જાગતો રહે.

જુઓ ને, હું તમને એક ખાનગી વાત કરું. અનવરખાં પઠાણને ફાંસી અપાઈ તે દિવસે અમારી ઑફિસમાં એક-બે રાજકેદીઓ આવેલા, તેમનાં મોં ઉપર લખાયેલી એક વાત મેં ધારી ધારીને વાંચી કાઢી હતી. વાત આમ હતી:

ફાંસીની તુરંગની પાસોપાસ થોડાએક ઊંચી કક્ષાના રાજકેદીઓ રહેતા હતા. તમારી ઊંચી વાણીમાં તમે જેને 'આત્મસમર્પણ' જેવા કોઈક – મને બુઢ્ઢીને તો બોલતાંય ન ફાવે તેવા – અઘરા શબ્દથી ઓળખાવો છો ને, એવું કશુંક કરી નાખનારા આ મહાપુરુષો

હતા. પાષાણ-શાં હૃદયોને પણ પિગાળી નાખે તેવી તો તેમાંના કેટલાકોની વાચાસિદ્ધિ હતી. ગરીબોની હાય પોકારવામાં તોપના ગોળા થકી પણ ડરે તેવી તો તેમાંના કેટલાકની દેશદાઝ હતી. જેલના કયા ખૂણામાં કેવાં કેવાં પીડનો ચાલે છે તેની તપાસ કરાવીને કેટલાકો તો ગદ્ગદિત બની જનારા હતા. પોતાની તુરંગનું ઝાડુ વાળનારા કેદીઓને જો વૉર્ડર ગાળો દેતો, તો તેટલાથી પણ ખળભળી ઊઠીને એ વૉર્ડરોને નસિયત કરાવનારા તેઓ દયાળુ ને માનવપ્રેમી હતા. તેઓ ત્યાં રહેતા, લખતા, વાંચતા, કવિતાઓ ગાતા, પ્રભુની પ્રાર્થનાઓ પણ કરતા.

એક દિવસ તેઓને જાણ થઈ કે આવતી કાલે અહીં એક ફાંસદેવાની છે. સાંભળીને સહુ કળકળી ઊઠ્યા. જીવને સાટે જીવ લેવાના એ જંગલી કાયદાઓ તેમ જ એ કાયદાનો અમલ કરનાર ન્યાયાધીશો તરફ તેઓ સર્વેએ ઘણી બધી ધૃણા દેખાડી.

પણ આગલી રાતે એવું ઠર્યું કે જે પ્રભાતે આપણાથી પચીસ-ત્રીસ જ કદમને અંતરે આ ઘાતકી કૃત્ય થશે તે પ્રભાતના ઘેરા વાતાવરણમાં આપણાથી ખવાશે નહિ, ધાનનો કોળિયો આપણા મોંમાં જશે નહિ, માટે આપણે આખો દિવસ ઉપવાસી રહીશું. પછી વળી ઘણા વિચારને અંતે એમ ઠર્યું કે કંઈ નહિ, સાંજે તો ભોજન લઈશું.

પ્રભાત પડ્યું. ફાંસીની એ વહેલી પરોઢથી ચાલતો સમારંભઃ એ અમલદારોની આવ-જા; એ રસી ઈત્યાદિ સામગ્રીઓની લે-લાવ; હથિયારબંધ પોલીસ-ટુકડીનું 'હડેટ હોમ' કરતા કરતા આવી પહોંચવું; મોટા અધિકારીઓનું પૂર્ણ ગૌરવભર્યું આગમન; ફાંસી ખાનાર કેદીનું મૂગું સરઘસ; બેડીઓના ખણખણાટ; દરવાજાના બુરજ પર ગમગીન અવાજે બજતા મૃત્યુડંકા – એ તમામ ગોઝારી ક્રિયાઓમાં અંતરને થિજાવી નાખે એવું એક મૂંગુ ગાંભીર્ય ને એવી ઘોરતા હતી, છતાં એમાં એવી એક રસભરી નવીનતા પણ હતી કે જેથી આ રાજકેદીઓનો આગલી રાતનો અરેરાટ અને હાહાકાર પ્રભાતના અર્ધા જ કલાક પછી કૌતકરુપે પલટાઈ ગયો.

આ બધી ક્રિયાવિધિ શી શી છે તે જાણવાની તેઓને લગની લાગી. પોતાની તુરંગના દરવાજા બીડી દેવાયા એટલું જ નહિ પણ આડા કાળી કામળોના પડદા લટકી ગયા એ તેઓને રુચ્યું નહિ. જેઓ કદાવર હતા તેઓએ પરસાળ પર ઊભા થઈને દીવાલ બહાર દ્દષ્ટિ કરી જોયું. મધ્યમ કદના હતા તેઓ પગ અંગૂઠા પર ઊભા રહી નીરખી રહ્યા, ઠીંગણાઓ હતા તેઓ ખુરશી પર ચડીને થાંભલીઓ આડે લપાઈ જોવા લાગ્યા. આ કેદી આવ્યોઃ આ એને ટોપી પહેરાવીઃ એ જોજો હો, કાન માંડીને સાંભળજો હો! એ... એ

પાટિયાં પડયાઃ ખલાસ! ઓહ! ઓ પ્રભુ! ઓ ઈશ્વર!

એમ એક જ ફાંસી અપાતાં તો તેઓ સહુ એ બનાવથી એટલી તો સરસ રીતે ટેવાઈ ગયા, કે તેઓએ તે દિવસ સવારનું ભોજન કશી સૂગ અથવા ગમગીની વગર જમી લીધું. રોજની માફક હાસ્ય, ટીખળ, વાર્તાલાપ અને જ્ઞાનો ચાલુ રહ્યાં.

એમ આઠ મહિનામાં તો આઠ જણાને લટકાવવામાં આવ્યા. તેટલામાં તો એ સંસ્કારી પુરુષઓો કેટલી બધી સમતા કેળવી લીધી! દેહાંતદંડના ઘાતકી કાયદા સામેનું કે વહીવટ સામેનું ઝનૂન નીતરી ગયું. શોચ, દિલગીરી, જીવન-મૃત્યુની ફિલસૂફી, કરુણતા વગેરે બધાં જ હિંસક તત્ત્વો ચાલ્યાં ગયાં. પછી તો આવતી કાલે ફાંસી આપવાની છે એવા સમાચારથી જાણે કશોક રસભર્યો કાર્યક્રમ થવાનો હોય તે જાતની સુંવાળી લાગણી ઉદ્‌ભવતી થઈ. પછી તો પોતાનો પાડોશી દોસ્ત ક્યાંક મુસાફરીએ ચાલ્યો જવાનો છે માટે એને આપણી પાસેની મિષ્ટ ખાદ્ય-સામગ્રીમાંથી એકાદ રકાબી ભરીને મોકલીએ ને એકાદ-બે વાર આપણો સવાર-બપોરનો ચાનાસ્તો પણ પહોંચાડીએ, એવા કોડ થવા લાગ્યા; ને 'સાલો' 'રાક્ષસ જેવો' જેલર જો આમ કરવાની પરવાનગી ન આપે તો તેના ઉપર 'અહિંસક' ગુસ્સો પણ ચડવા લાગ્યો.

એમ કરતાં કરતાં તો ભાઈ અનવરનો ફાંસી દિન આવી પહોંચ્યો. અનવરનાં ઈશ્વરભજનોએ આ બધા ભાઈઓ ઉપર ઊંડી છાપ પાડી હતી. એટલે આગલી રાતે વાટાઘાટ થઈઃ કે જાણે જુઓ ભાઈ, અનવરને ફાંસી અપાશે સવારના સાડા સાતે; આપણે રોજ ચા-નાસ્તો પણ લઈએ છીએ સાત બજ્યાની આસપાસમાં. એ તો ઠીક ન કહેવાય. અનવરની ફાંસીને અને આપણી ચાને બેક કલાકનો ગાળો રહી શકે તે રીતે જ આપણે પતાવી લેવું જોઈએ. વારુ! તો પછી વહેલી પરોઢે જ ચા પી લઈએ. કેમ કે ફાંસી અપાયા બાદ તરત જ તો ચા-નાસ્તો આપણને થોડાં ભાવવાનાં છે! ઠીક, ત્યારે તો પરોઢિયે જ ઉકેલવું છે. ભાઈ, સહુ ભાઈઓ વેળાસર ઊઠજો.

- ને પછી તો પરોઢિયાની એ ગુલાબી ઠંડીમાં રાજકેદીઓ હૂંફાળી ઓરડીમાં કૂંડાળું વળી બેઠા. વચ્ચે શગડીના અંગારા પણ સહુની સામે હસતા હતા. ચાની કીટલીઓ ફળફળતા પાણીથી ભરાઈ ભરાઈને આવતી હતી. અંદરથી 'ચંપાવરણી' ચા રેડાતી હતી. પ્યાલા પછી પ્યાલા ભરાતા હતા. ટોસ્ટ પછી ટોસ્ટ, માખણનો લેપ ચોપડીને આરોગાતા હતા. અને એ બધાની પછવાડેની જ કોટડીમાં અનવર પઠાણ પોતાના બાકી રહેલા બે-ત્રણ કલાકોને બંદગીમાં વિતાવી રહ્યો હતો.

સૂર્યોદય થયો અને ચા-નાસ્તો ઉકલી ગયાં. શગડીના અંગારા કોણ જાણે શો યે મર્મ કરતા કરતા મલકાતા હતા. મીઠા મીઠા ઓડકાર ગાજતા હતા. તે વખતે એ સહુમાંથી સૂતેલા રહેલા એક જ સાથીએ આંખો ઉઘાડી અને સર્વેને મુબારકી દીધી કે ‘ભાઈ, અનવરની ફાંસી તો તમે બધાએ ઠીક ઊજવી કાઢી, હો!’

પછી તો દરવાજે કાળાડંકા બજવા લાગ્યા અને એકાદ કલાક બાદ તો અનવરની સફેદ કપડે ઢાંકેલી લાશ પણ દરવાજે આવીને પડી.

પણ હું તો તને પૂછું છું, ભાઈ રાજકેદી! કે તારા મોં ઉપર અંકાયેલી એ પરોઢિયાની કથાને હું બરાબર ઉકેલી શકું છું ને? બીજું મારે એ પૂછવાનું છે, કે તને અત્યારે જે અફસોસ થઈ રહેલ છે, એ તે શું અનવરની કાળઘડીએ તેં ચા-ટોસ્ટની મોજ ઉડાવી તે બદલનો અફસોસ છે? કે પેલા ભાઈએ ટોણો મારી લીધો તેનો, એટલે કે ઉઘાડા પડી ગયાનો તને અફસોસ છે? ઓ મારા બચ્ચા! હવે દિલ બાળવું છોડી દે અને કબૂલ કરી લે કે તમે સહુ દયા, કોમળતા અને લાગણીનો વેશ કરનારાઓ અંદરખાનેથી તો અમારા જેવા જ કઠોર કાળજાંના છો; તમારા નિસાસા, હાહાકારો અને આંસુની ધારો એક જાતના પોપલાવેડા જ છે. હું જીવતી રહું કે કોઈક કાળાન્તરે તમ માયલા કોઈ અહીંનો કારભાર કરવા આવે, તો મારે ડોકરીને જરી જોઈ લેવાના કોડ છે કેતમે અમને સર્વને દૈત્ય કહેનારાઓ અહીં આવીને કેવીક દેવસૃષ્ટિ સરજી શકો છો! ને તને શું નથી લાગતું, ભાઈ રાજકેદી, કે કેટલીક વાર તમારી આ વેવલી દયાળુતા કરતાં અમારો ઘાતકી વિનોદ વધારે ભીનો હોય છે?

ફાંદાળો ભીલ

તે દિવસની સંધ્યાએ તું થરથરી ઊઠેલો, ખરું? ફાંસીની તુરંગમાંથી પેલા મોટી ફાંદવાળા જુવાન ભીલને લાવવામાં આવ્યો અને જેલરે એને ત્રાડી મારી કહ્યું કે 'તુમકો કલ ફજરમેં ફાંસી મિલેગા, તુમારે વાસ્તે હુકમ આ ગયા હૈ. તુમકો કુછ કહેના હૈ?'

ફાંદવાળો ભીલ જેવો ને તેવો ઊભો રહ્યો.

'તુમ સુના? કાન હે તો? કલ સબેરે તુમકો ગલેમેં રસી ડાલ કે ફાંસી દેનેવાલી હૈ'

ભીલની સમાધિ તોયે ન છૂટી.

પછી જેલરી હસીને સંભળાવ્યું

'દેખો, તુમારી ફાંસીકી સજા નિકલ ગઈ. તુમકો છુટ્ટી દેને કા હુકમ આયા હૈ. યે તુમારે કપડે લો, પહેન લો, ઔર જાઓ દેસમેં. મગર દેખો, અબ વો તુમારી ઓરત કે પાસ મત જાના. ગલા કાટ કે માર ડાલેગી તુમકો!'

ફાંદવાળો ભીલ તો આ ખબર સાંભળીને પણ બાઘાની પેઠે થીજી ગયેલો ઊભો છે. એને એક અદાલતે પોતાની સગી માની હત્યાનો અપરાધી ઠરાવી ફાંસી ફરમાવી હતી, અને આજ વળી એક ઉપલી અદાલતે એ-ની એ જ સાક્ષી પરથી તદ્દન નિર્દોષ ઠરાવી નાખ્યો.

ફાંદવાળા ભીલના પેટમાં વિચારો ચાલતા હશે કે 'આ બધું આમ કેમ? હું તે મનુષ્ય છું કે માજિસ્ટ્રેટોના હાથમાં રમતું રમકડું છું? મારું જીવતર શું આવા ઝીણાં તાંતણા પર ટિંગાઈ રહ્યું છે?' જેલર બોલે તેમાં મશ્કરી કઈ? પહેલું બોલ્યાં એ? કે પાછલું? મને ઠેકડીમાં ને ઠેકડીમાં દરવાજાની બહાર જવા દીધા પછી પાછો પકડીને લાવવાનો, મારું ટીખળ કરવાનો, સાંજ વેળાને જરી મોજ માણવાનો આ નુસખો તો નહિ હોય ને?' ફાંદવાળો ભીલ આવી ઠેકડીનો પાઠ પહેરવા તૈયાર નહોતો. એ દિગ્મૂઢ ઊભો રહ્યો.

પછી સહુએ કહ્યું: 'સચમુચ તુમ છૂટ ગયા. તુમ ગભરાઓ મત. યે હાંસી મત સમઝો.'

છ-બાર મહિનાની સજાવાળાઓને પણ છૂટતી વેળા જે હર્ષાવેશની કૂદાકૂદ હોય છે, તેમાંનું કશુંયે આ મોતના ઉંબરમાંથી પાછા વળતા ફાંદવાળા ભીલને હૈયે નહોતું થતું. એ પોતે જ પોતાના પિંડ ઉપર નિહાળી રહ્યો હતો – પોતે પોતાના જ જાણે કે પૂછતો હતો કે હું તે જીવતો છું કે મરી ગયેલો?

બહુ સમજાવટ તેમ જ પંપાળને અંતે એણે મૂંગા મૂંગા કપડાં બદલાવ્યાં. અને પછી એણે મારી આરપાર બહાર નજર નાખી; બીજી બારીઓની આરપાર જોયું.

કોઈ એને લેવા નહોતું આવ્યું. જગતમાં એની જિંદગી કોઈને કશા કામની નહોતી. આખી દુનિયાએ ત્યજેલાને પણ જે એક ઠેકાણે આદર હોય છે તે ઠેકાણું – તે પરણેલી ઓરતનું હૈયું – ફાંદવાળા ભીલને માટે ઉજ્જડ હતું. કેમ કે એ હૈયામાં કોઈ બીજાનું બિછાનું બન્યું હતું. એ બિછાનાની આડે આ ફાંદવાળો ભીલ તો કદાપિ નહોતો આવતો, પણ એની બુઢ્ઢી માતા હંમેશની નડતરરૂપ હતી. ફાંદાળા ભીલની ઓરતે પોતાના આશકની મદદથી આ બન્ને નડતરોને એકસામટાં કાઢવા માટે જ સાસુની હત્યા કરીને પછી એનો ગુનો ધણી પર ઠોકાવી દીધો હતો. એટલે હવે ફાંદાળો ભીલ ક્યા જઈ, કઈ ધરતી પર પગ મૂકશે એ એની મૂંઝવણ હતી.

ભાઈ ફાંદાળા ભીલ! તું જીવતો જગતમાં જાય છે તે તો ઠીક વાત છે. મને એ વાતનો કશો આનંદ નથી. પણ હું રાજી થાઉં છું તે તો એક બીજે કારણેઃ ફાંસી-તુરંગના વૉર્ડરો અત્યારે આંહીં વાર્તા કરી રહ્યા છે કે બાપડો ફાંદાળો રોજેરોજ બેઠો બેઠો ભગવાનને વીનવી રહ્યો હતો કે ‘હે ભગવાન! મેં મારી માને મારી નથી. માટે જો હું નિર્દોષ હોઉં તો મને આમાંથી છોડાવજે.’ હવે તું છૂટયો, એટલે અનેક મૂરખાઓને નવી આસ્થા બેઠીઃ ‘જોયું ને? ભગવાનને ઘેર કેવો ન્યાય છે!’

આ આસ્થાના દોર ઉપર અનેક નાદાઓ નાચ માંડશે. જગતમાં ઈશ્વર છે, ને એ ઈશ્વર પાછો ન્યાયવંતો છે, એવી ભ્રમણામાં થોડાં વધુ લોકો ગોથાં ખાશે, ને એમાંથી તો પછી અનેક ગોટાળા ઊભા થશે! છૂટી જનારા તમામ નિર્દોષો લેખાશે તે લટકી પડનારા તમામ અપરાધી ઠરશે! આવી અંધાધૂંધી દેખીને મારા જેવી ડોકરી ખૂબ લહેર પામશે. એમાંથી તો મને આંસુઓને ભક્ષ ઘણો મળી રહેશે. ખી – ખી – ખી – ખી – ખી!

શું સાચું!

ફાંદાવા ભીલની પોચી પોચી ફાંદમાં અમારા જેલરે લહેરથી પોતાની આંગળી બેસાડી. પછી તો અમારો બાંઠિયો બામણ કારકુન પણ એ ફાંદની જોડે વહાલ કરવા લાગ્યો. પછી નાના-મોટા સહુએ આ સ્પર્શ-સખનો લહાવો લીધો. મને પણ ઘણું ય મન થયું કે હું મારા સળિયા લંબાવીને ફાંદાળા ભીલના પેટની સુંવાળી ચરબી જરી ચાખું, પણ મરજો રે મરજો પેલા સુથાર ને પેલા કડિયા, જેણે એંશી વર્ષો અગાઉ મારાં અંગોને પથ્થરોની ભીંસમાં જડી લીધાં છે.

જેલરસા'બ! કારકુન ભાઈઓ! તમે ફાંદાળા ભીલની કનેથી આ ખાશાલીની કંઈક ઉજાણી, કંઈક મહેફિલ તો માગો! એની 'કેશ-જ્વેલરી'ના પરબીડિયામાંથી શું કંઈ રોકડ કે સોનુંરૂપું ન નીકળ્યું? જમાલ ડોસાની પેઠે એને કોઈ દીકરી અથવા દીકરીની દીકરી નહિ હોય? એવી નાની-શી પુત્રી અથવા ભાણીનું કંઈ ફૂલિયું, લંવિગડું કે કોકરવં, કોઈ કડી, છેલકડી કે કાનની સાદી વાળી, એકેય નાનો દાગીનો એની કને નથી રહી ગયો કે? ફાંદાળો ભીલ તો સાદાં ચાપાણીમાંથી પણ ગયો!

ક્યાં ગયો? બહાર જઈને ઊભો રહ્યો. થોડો થંભીને ફરી ચાલતો થયો. ફરીને ઊભો રહે છે. દરવાજા પર પહેરો ભરતા બંદૂકદાર સંત્રીને સંશય પડે છે.

ફાંદાળો ભીલ કંઈ ભયાનક મનસૂબા તો નથી કરતો ને?

સંત્રીના મોંમાંથી મશીન-ગનના ગોળાની પેઠે તડતડાટ કંઈક 'હડેટ હોમ! ગધ્ધા! ચલ જા! ગંવાર!' એવા શબ્દો છૂટે છે. ફાંદાળો ભીલ સમજ્યા વગર આગળ પગલાં માંડે છે. સ્ટેશન પર પોલીસ એને એના ગામની ટિકિટ લઈ સોંપે છે. પણ આબધી શી ક્રિયા ચાલી રહી છે તેની હજુય કશી ગમ ફાંદાળા ભીલને પડતી નથી.

'પેલું જ ઠીક નહોતું!' ફાંદાળો ભીલ ફરીથી વિચારે છે.

પેલું એટલે?

એટલે વળી બીજું શું? પ્રભાતમાં વહેલી હજામતઃ પછી ચકચકિત સંગીનોથી

શોભતી બંદૂકદાર પલટનનું આગમનઃ પેલી ફૂલશોભન કેડી પર થઈને સહુને રામરામ કરતા ચાલી નીકળવાની યાત્રાઃ શિવમંદિર જેવા સાફસૂફ કરેલા ફાંસીખાનાને દ્વારે દાખલ થતાં જ માથા ઉપર કાળી કાનટોપીનો અનંત અંધકારઃ ને પછી શું થવાનું છે કે શું શું થઈ રહ્યું છે તેની સુખભરી અજાણમાં ને અજાણતાં ચુપચાપ એક જ ધડાકે ખતમ થઈ લટકી પડવાની એક-બે મિનિટો.

આ શું ઠીક નહોતું? રોજરોજ, રાત્રિદિવસ, પળે પળે ને શ્વાસે શ્વાસે, સ્વપ્નમાં ને જાગ્રત દશામાં ફાંદાળો ભીલ શું આ ફાંસીની સજા નહોતી ભજવી રહ્યો! કાળી કાન-ટોપી શું અહોરાત એને કોઈક અદશ્ય હાથ નહોતા પહેરાવી રહ્યા? સૂબેદાર સવારે આવીને એની સામે તાકી રહેતો ત્યારે શું ફાંદાળો ભીલ સૂબેદારની આંખોમાં દોરડાનાં ગૂંચળાં ને ગૂંચળાં ઉખેળાતાં નહોતો જોતો? કોઈ છીંક-ખોંખારો ખાતું તો શું એને ધડાક ફરતું ફાંસીનું પાટિયું પડતું નહોતું લાગતું? પોતે જ પોતાની લાશને દોરડે લટકતી ને દરવાજે નીકળતી શું નહોતો નિહાળ્યા કરતો? પોતાના મુર્દાનો કબજો લેવા કોઈ નથી આવવાનું એમ સમજીને એને પોતાને જ શબ લઈ જવા દરવાજે હાજર રહેવું પડશે એવી ચિંતા શું એને નહોતી થઈ? પોતે એકલો જ પોતાના ખભા પર પોતાના શબને ઉપાડીને સ્મશાન નહોતો શોધતો? સ્મશાન દૂર હોવાને કારણે શું એણે સ્ટેશન પરની માલગાડીના એન્જિનની ભઠ્ઠીમાં જ શબને નહોતું પેસાડી દીધું? ને પછી ડ્રાઈવરના આવવાની રાહ જોયા વગર પોતે જ એ સળગેલા એન્જિનને હાંકી નહોતો ચાલી નીકલ્યો? ને પછી પોતાના શબની રાખની પોકી બાંધીને શું એ પોતાને ઘેર પોતાની સ્ત્રીને નહોતો સોંપી આવ્યો?

આટલી આટલી માનસિક આપવીતીઓ વેઠી લીધા પછી પોતાને પાછા જીવતા જગતમાં જવું પડે છે એ શું ફાંદાવા ભીલને ગમતું હશે? મરવાનું કામ જો વહેલું કે મોડું પતાવવાનું જ છે તો આટલા ભેગું એટલું પણ ફેંસલ કરી નાખ્યું હોત!

- ને ફાંદાળા ભીલની વિચારસરણી તો ક્યાંની ક્યાં આગળ વધે છે:

'ટૂંકો અને મુકરર માર્ગ – સરલ અને શોભીતો માર્ગ – તો એ જ હતોઃ એ રસ્તે મારે કોઈને શોધતા જવાનું નહોતું. ઊલટા મને સહુ શોધતા આવતા હતા! મારે કશી જ તૈયારી કરવાની નહોતી. ભેજું જરીકે વાપરવાનું નહોતું. સમજપૂર્વક ડગલાં પણ ભરવાનાં નહોતાં. પડયાં પડયાં બસ બેફિકર અમીરી જ માણવાની હતી. ઝીણામાં ઝીણો આખો જ કાર્યક્રમ બીજાઓએ ગોઠવવાનો હતો, તેઓએ જ પાર ઉતારવાનો હતો. મારા પગ ભાંગી પડીને ચાલવાની ના પાડત તો તે લોકો જખ મારીને મને ઉઠાવી લઈ જાત.

હું પાટિયા પર ઢગલો થઈ પડત તો પણ તે લોકો મને સતાવત નહિ. મારે ગળામાં દોરડું ક્યાં ને કેવી રીતે પહેરવું તેની કડાકૂટ પણ કરવાની નહોતી. દોરડં તૂટી જઈ દગો દેશે એવી દહેશત પણ મારે રાખવાની નહોતી. મારી લાશ કોને સોંપવી કે માર રામરામ કોને કહેવા તે જંજાળ પણ મારે ક્યાં કરવાની હતી? મારી દહનક્રિયામાં ઇંધણાં કેટલાં જોશે તેય મને કોઈ પૂછનાર નહોતું.

'આવો મુકરર માર્ગ છોડીને હવે હું ક્યાં જઈશ? હમણાં જ હું ભૂખ્યો થઈશ. અપીલ ન કરી હોત તો મારે ક્યારનું ય ભૂખતરસનું દુઃખ ટળી ગયું હોત! ભૂખની આગ હું ક્યાં જઈ ઓલવી શકીશ? ભીખ માગીશ તો કોણ દેશે? હું ભિખારી જેવો તો દેખઆઈશ જ નહિ! હું વીસ વર્ષોથી ખેતરમાં મહેનત કરી ગુજરનારો ખેડુ, મારા મોં પર ભિક્ષુકની મુખમુદ્રા શી રીતે પહેરી શકીશ? મને ભિક્ષાના સ્વરો કાઢતાં પણ ક્યાંથી આવડશે? મને કોઈ પૂછશે ને હું જો કહીશ કે હું તો જેલમાંથી છૂટયો છું, ને મને તો ફાંસી મળવાની હતી – તો?'

'તો લોકો ભયભીત બની બારણાં બીડશે, નાનાં બાળકો રડશે, હું ખૂન કરવાના ઈરાદાથી જ આવ્યો છું એવું માનશે. હું કોઈ ફાંસી ખાધેલાનું પ્રેત હોઉં એવું કલ્પશે. મને મારીને કાઢશે – પોલીસમાં સોંપશે! પૂછશે તેના પૂરા જવાબો નહિ આપી શકું તો માનશે કે હું કંઈક છુપાવું છું. ને મારા હાથ બીકના માર્યા સંકોડાશે તો કહેશે કે બતાવ, ક્યાં છુપાવ્યો છે તેં તારો છૂરો?'

'અરધી રાતનો ભૂખ્યો ને તરસ્યો હું કોઈક ધર્મશાળામાં ભરાઈ બેસીસ તો? ને ત્યાં મારા પાડોશી મુસાફરો કંઈક જમતા હશે તો? મારાથી નહિ રહેવાય ને હું કોઈકના રોટલાની ચોરી કરી બેસીશ તો? ચોરવા જતાં કોઈ બાવોફકીર મને મારવા દોડશે તો? હું મારા બચાવમાં એની જ છૂરી ઝૂંટવીને એને જખમ કરી બેસીશ તો?'

'તો તો ફરી પાછી આ કેદ ને? ફરી પાછું ખૂનનું તહોમતનામું, ફરી પાછી આ ફાંસીની સજા, ફાંસી દેવાના દિન પર્યંતનું પળેપળ કરપીણ કલ્પના-મૃત્યુ. અને હાય! ફરી પાછા મારી ફાંદમાં આ જેલર તથા આ કારકુનોની આંગળીઓના ગોદા! અને એ વખતે તો જેલર બીજી જાતની મશ્કરી કરશે. કહેશે કે –

'તુમ છૂટ ગયા. જાઓ તુમારે ઘરકો. તુમારી ઓરતકા યાર મર ગયા હે. અબ વો ઓરત પસ્તાયકે તુમકો લે જાનેકો આઈ હય.'

- 'ને હું એ વખતે કપડાં બદલાવી મારી ઓરતને મળવા અધીરો અધીરો બહાર

નીકળવા જઈશ, તે ઘડીએ જ જેલરનું તથા કારકુનોનાં ગંભીર મોં ખડખડાટ હસી પડશે. મારાં જેલકપડાં પહેરાવીને મારી ફાંદમાં ફરી આંગળાં પેસાડશે. મને સંભળાવશે કે –'

'કલ તુમકો ફાંસી મિલેગી. ફાંસી તુમારી ઓરત બનેગી. વો તુમારે ગલેમેં હાથ ડાલેગી.'

'એ બધાં કરતાં આ શું ખોટું હતું? મેં શા સારુ ભૂલ કરી? હું અપીલમાં શીદ ગયો?'

આવું મનન કરતો ફાંદાવો ભીલ આગગાડીમાં ચડે છે. પોતાની કને ટિકિટ હોવા છતાં એ પાટિયા ઉપર નથી બેસતો, નીચે બેસે છે; પલાંઠી નથી વાળતો, ઊભડક બેસે છે. હજુ જાણે એ પોતાની અપીલના ફેંસલાની વાટ જોતો બેઠો છે. ફાંસીની રસીનો ગાળિયો હમણાં જાણે ગળામાં પડ્યો કે પડશે!

બાંકડા ઉપર વાણિયા બામણ બે ડોસા બેઠા છે. એક-બે બૈરાં પણ ફાંદાળા ભીલને દેખી લૂગડાં સંકોડી રહ્યાં છે.

હોકલીના ધુમાડા કાઢતો વાણિયો અમારી જેલ તરફ આંગળી બતાવે છે ને કહે છે કે 'આ પેલી જેલ; ને ઓ પેલો જે ઊંચો ભાગ વરતાય તે ફાંસીખાનું.'

એટલું કહીને એ લહેરથી હોકલી પીએ છે.

બામણ ડોસો હથેળીમાં તમાકું ને ચૂનો ચોળતો ટૌકો પૂરે છેઃ 'મારું બેટું, આપણે તો અવતાર ધરીને ફાંસીયે ના દીઠી!'

બૈરું બેઠું છે તે ખબર આપે છેઃ 'અગાઉના સમયમાં તો ઉઘાડી ફાંસી આલતા. મનખ્યો જોવા મરતો. પણ અવડેં તો ગપત્ય મારી નાંખે છે રોયા!'

વાત કરતાં કરતાં એ મારાં જાતબહેન ઢેબરાં જમતાં હતાં.

ડોસો હોકલી પીતાં પીતાં અફસોસ કરે છે કે 'સરકારે ફાંશી કમતી કરી નાખી તેથી જ તો મારા દીચરા ધારાળા ને ભીલડા ફાટયા સે ના!'

'ભીલડા' શબ્દ કાને પડતાં જ અંતરમાં ફાળ ખાતો ફાંદાળો ભીલ ચમકી પડે છે; ને એ ફાંસીઓથી છૂટીને આવે છે તેટલી વાત જાણતાં તો આખા ડબાના ઉતારુઓ સ્તબ્ધ બને છે. 'હે શિવ! રામ તું હિ! હે અંબે, હે અંબે!' એવા ઉચ્ચાર કરીને સહુ

પોતપોતાની રક્ષા માટે ઈષ્ટદેવનું તેડાવે છે, છૂટા છૂટા ઉદ્‌ગારો સંભળાય છે –

'રાતની વેરા છે. ભૈઓ! સહુ જાગતા સૂજો.'

'સમો ખરાબ છે, બાપા! બૈ પૈસા સાટુ પણ ગરાં કાપનારા પડયા છે.'

'– ને મારા બેટા એ તો કોણ જાણે ક્યાંથી છરો કાઢતાંને ફાંદમાં પેસાડી વાળે છે – ખબર પણ ના પડે!'

ફાંદાળો ભીલ પોતાની ફાંદ સંભાળતો સંભાળતો મનને પછે છેઃ 'હે મનવા! હું કઈ દુનિયામાં હીંડયો જાઉં છું? હું તે લોકોને ક્યાં લગી કહ્યા કરું કે મારી ફાંસીની સજા તો નરાતાર જૂઠી હતી! આવું જીવતર શા સારું? એ કરતાં પેલો અંજામ શું ખોટો હતો?'

ફાંદાળો ભીલ નથી જાણતો કે આગગાડી એને લઈને ક્યાં જઈ રહી છે. એને એક ઝોલું આવી ગયું. ઊંઘમાં એને લાગ્યું કે અધરસ્તે જાણે સરકારનો નવો હુકમ આવ્યો છે એને ફાંસી દેવાનો, એટલે આખી આગગાડી પાછી જઈ રહી છે. સાથેનાં ઉતારુઓ પણ એની જોડે જાય છે, કેમ કે સરકાર ફાંદાળા ભીલને પ્રકટ ફાંસી આપવાની છે તેથી પ્રેક્ષકોની જરૂર પડી છે. ફાંદાળા ભીલની સામે જાણે પેલા ઉપદેશક દાદા આવીને ઊભા છેઃ ઉપદેશક દાદા એને સમજાવી રહેલ છે કે 'ભાઈ! આ એક ગીતા તું વેચાતી લઈ લે. તને એ નરકે જતો બચાવશે.'

ફાંદાળો ભીલ કહે કે, 'દાદા, મારી કને પૈસા નથી. મને જો વગર પૈસે આપો તો આવતે ભવ હું તમને વ્યાજ સુદ્ધાં વાળી દઈશ.'

'આવતા ભવના શા ભરોસા, ગમાર!' એટલું કહીને ઉપદેશક દાદા ચાલી નીકળે છે. જતા જતા એક ઓડકાર ખાય છે. પણ એ ઓડકાર અર્ધેથી અટકીનો ખાટો ઘચરકો બની જાય છે. પોતાને ઘચરકા-વિકાર ન થઈ જાય તે માટે ઉપદેશક દાદા પાણી પીવા દોડે છે. ક્યાંય પાણી મળતું નથી. પછી એ ફાંસીખાનામાં ધસી જાય છે, સુબેદારને કહે છે કે 'ભાઈ, જલદી ફાંદાળા ભીલને લટકાવી દો ને! મારે જલદી પાણી પીવું છે. એ પાપીને ખાતર હું સંતરા-મોસમ્બી જમીને ઝટઝટ આવી પહોંચ્યો તેથી તો મને ખોટો ઘચરકો આવ્યો.'

આવાં આવાં વિચિત્ર સ્વપ્નો બતાવતી નિદ્રા ફાંદાળા ભીલને એક બાજુ ઝોલાવે છે, એનું માથું નજીક બેઠેલી એક બાઈના ખોળામાં ઢળી પડે છે – જાણે એની મૂએલી મા એને પંપાળી રહી છેઃ ત્યાં તો બાઈએ 'મેર રે મેર, મૂવા!' કહીને એનું માથું હડસેલી

નાખ્યું ને ફાંદાળો ભીલ જાગી ઊઠયોઃ

એ 'મા! મા!' શા માટે બોલી ઊઠયો? કોઈને ન સમજાયું.

લાશ મિલ જાયગા!

‘ત્યારે તો, સા’બ, સવારે એનું મડદું…’

‘હાં હાં બુઢ્ઢી, કલ ફજરમેં તુમારા બેટાકી લાશ લેનેકો આના.’

‘સવારે કેટલા બજે, સા’બ?’

‘નવ બજે – હાં, બસ, દેખો ને, સાડે સાત બજે ફાંસી દે દેંગે, આધા ઘંટા લટકને દેંગે, પીછે જલદી સા’બ લોગ ઉસકો દેખ લેંગે, પીછે નવ બજે બરાબર લાશ દરવાજા પર આ જાયગી.’

‘ત્યારે તો, સા’બ, ખાટલો નવ બજે લાવું ને? માથે કાંઈ ઓઢાડવાનું લાવું?’

‘હાં, લાના.’

હીરજી કેદીની મા તથા જેલર વચ્ચે તે દિવસ સાંજે આટલી વાત થઈ ગઈ. ડોશી દરેક વાતની ચોકસી કરતી કરતી આંખો લૂછતી હતી. હીરજી વળતા પ્રભાતે ચડવાનો હતો. જેલર ડોશીને એવી આસાનીથી બધું સમજાવ્યું કે જાણે હીરજી વળતા પ્રભાતે પરણવા જવા માટે બહાર નીકળવા દેવાના હોય ને! ડોશીની ડોક ઉપરનું આખું માથું સંચાવાળી ઢીંગલીના માથાની પેઠે, પ્રત્યેક વાતના જવાબમાં ડગૂ ડગૂ ધૂણતું હતું.

લાશ સોંપવાની આટલી ચીવટભરી વિધિ મને બહુ બહુ ગમે છે. એ વાત કરવાથી ફાંસીએ જનારનાં સગાંવહાલાં ભારે સાંત્વન પામી જાય છે. જેલવાળાને પણ કશી ગમગીની રહેતી નથી. આવી વાત હું અહીં જ્યારે સાંભળું છું ત્યારે ત્યારે મને લગનવિધિ કરનારો આપણો ગોર યાદ આવે છે. પરણનાર પુરુષને ક્યારે તોરણે લઈ જવામાં આવશે, ક્યારે ચોરીએ ચડાવી લેવાશે, ક્યારે સપ્તપદીનાં મંત્રો ભણાઈ જશે, એ જ મુદ્દા ચર્ચાતા હોવાનો મને આ દરેક ફાંસીને સમયે ભાસ થાય છે. ફાંસી દઈને પછી લાશ દરવાજે સોંપવી એ એક સાદું, રોજિંદું વહીવટી કામ બની જાય છે. આ રીતે મૃત્યુ જેવો એક ગંભીર મનાતો પ્રસંગ કેટલી સરલ રીતે આપણા જીવનની અંદર વણાઈ જાય છે! મોતની ફિલસૂફી ગાનારા કવિઓ કે તત્ત્વવેત્તાઓ શીદને નાહક આવા પ્રાણ કાઢી નાખવાના નજીવા

અવસરને નિગૂઢ, ગંભીર તથા કરુણ ચીતરતાં હશે! અમારો ગોરો જેલ-હાકેમ તો બોલી ઊઠે છે કે 'આફ્ટર એવરી સચ એક્ઝીક્યુશન, આઈ એન્જોય અ હાર્ટી મીલ.' (આવા પ્રત્યેક ફાંસીદાનને પતાવ્યા પછી હું નિરાંતે પેટ ભરીને જમું છું.)'

હીરજીને ફાંસી દેવાયા પછી કડાકૂટ કરતાં કરતાં, કાગળિયા અને તુમારોની વિધિ પતાવતાં પતાવતાં વળતે દિવસે ગોરા હાકેમને હંમેશા કરતાં જમવાનું ઘણું મોડું થયું. ઘેર મહેમાનો જમવા નોતર્યા હતા તે પણ બાપળા મેજ પર રાહ જોઈ બેસી રહ્યા. છતાં એણે ખામોશી રાખી લાશ સોંપવાનું કામ ચીવટથી પતાવ્યું ને જાણે એક દેડકુંય મર્યું નથી એવી શાંતિ જેલમાં બધે પ્રસરી રહી.

ફાંસીખાનામાંથી મૅજિસ્ટ્રેટસાહેબ કામ પતાવી ઑફિસમાં આવ્યા ત્યારે એમણે પણ કાગળો પર સહી કરતાં કરતાં એ જ મતલબનું કહ્યું 'બહુ શાંતિથી પતી ગયું. બેશક, અમેરિકાની 'ઈલેક્ટ્રિક ચેર' જેટલું તો સરલ નથી, છતાં આ આપણું ફાંસીયંત્ર ફ્રાન્સની જૂની 'ગિલોટીન' કરતાં તો ઘણું વધુ સુખકર છે. બે મિનિટમાં તો નિકાલ થઈ જાય છે. બસ ફક્ત, બે જ મિનિટની ધીરજ જો કેદી ધરી રાખે ને, તો એને મરવું એક બચ્ચાના ખેલ જેવી વાત બની જાય. કશી પીડા નહિ, છાંટો લોહી સુધ્ધાં રેડવાનું નહિ, ઘોંઘાટ કે ધક્કામુક્કી નહિ. ડારો કે ધમકી નહિ. બૂમબરાડા નહિ, આંખના ડોળા પણ ફાટયા રહેવાનું નહિ – બે મિનિટમાં તો સદાની શાંતિ!'

એવું કહીને મૅજિસ્ટ્રેટસાહેબે સહી ટપકાવી દીધી અને અમારા હાકેમ જોડે હાથ મિલાવી હસતા હસતા એ નગર તરફ મોટર હંકારી ગયા; કહેતા ગયા કે 'સાંજે ક્લબમાં મળીશું. આજ તો પાર્ટી છે ને! સાહેબજી!'

'બસ, બે જ મિનિટમાં તો સદાની શાંતિ': આ શબ્દો મારા હૃદયમાં અંકાઈ ગયા. આવી ફક્ત બે જ મિનિટની સબૂરી આ ફાંસી ખાનારા કેમ નહિ બતાવતા હોય! એમાં તેઓનું શું જવાનું હતું? બે મિનિટમાં નાહક લાંબા વિચારો તેઓ શીદ કરતા હશે? આગલી સાંજે સગાંવહાલાંને મળતા તેડાવવાં એ પણ કેવી નાદાની! કેટલી છોકરમત! બે મિનિટ ઈશ્વર ઉપર ધ્યાન ઠેરવતા હોય! પોતાનાં પાપની ક્ષમા માગતો હોય!... ... કેટલું સરલ!

હીરજીની ડોશી મળવા આવી ને સાથે હીરજીની ત્રણ વરસની દીકરીને પણ લેતી આવી. હીરજીએ એને ખોળામાં લીધી. જુવાન હીરજી બે મહિનામાં તો બુઢ્ઢો બની ગયો હતો. ખોળે બેઠેલી છોકરી બાપના મોં સામે તાકી તાકીને જોવા લાગી. એને ઓળખાણ પડતી નહોતી. બાપના ખોળોમાંથી નાસી છૂટવાનું એને મન થતું હતું.

બાપ દીકરીને પૂછે છે, 'વાલકી! તારે બાપ છે?'

વાલકી કહે, 'હેવે.'

'ક્યાં છે?'

'ગામ ગયા છે.'

'કિયે ગામ?'

'ભગવાનને ગામ.'

'તું એને સંભારે છે?'

'હોવે. બાના ખોરામાં બેશીને અમે રોજ સાંજે કહીએ છીએઃ ભગવાન, ઓ ભગવાન; બાપાને ત્યાં દખી કરીશ ના. પેટ ભરીને ખાવા દેજે. એને ભૂખ બહુ લાગે છે, હો ભગવાન!'

આટલું બોલતી વાલકી રડી પડી.

'વાલકી, હું પોતે જ તારો બાપો છું.'

'નહિ, તું નો'ય મારો બાપો.'

'કેમ નો'ય?'

'એ તો રૂપારો હતો. મારા જેવો હતો. એ તો ગીતો ગાતો મારી કને. તું ક્યાં ગાય છે?'

'હું કોણ છું?'

'હું શું જાણું?'

હીરજીની આંખમાંથી દડ દડ પાણી ગળ્યાં. દુનિયામાં વહાલામાં વહાલી જે એની વાલકી, તેના જ હૈયામાંથી હીરજી ભૂંસાઈ ગયો. એને 'બાપો' એવા ટૂંકા બે જ અક્ષરના બોલે બોલાવનારું છેલ્લી વેળાએ પણ કોઈ ન રહ્યું. એને એક જ દિલાસાની જરૂર હતી, કે વાલકી એને હંમેશા યાદ કરશે. પણ વાલકીએ ય આજે એને વિસાર્યો હતો.

એણે દીકરીને 'વાલકી! મારી વાલકી!' કહીને હૈયા સરસી ચાંપી. વાલકીને બીક

લાગી. તો યે વાલકીને એણે છેલ્લી ચૂમી ભરી. એનાં આંસુ વાલકીના ગાલ પર પડયાં.

'મેલી દે મને. તારી દાઢી વાગે છે.' કહી વાલકી એના ખોળામાંથી ઊતરી ગઈ. ખિજાઈને વાલકે ગાલ ઉપરથી બાપનાં ખારાં આંસુ લૂછી નાખ્યાં. એ દાદામાની કને ચાલી ગઈ. ફરી વાર એણે બાપની સામે જોયું નહિ. સહુએ, દાદીમાએ પણ કહ્યું કે વાલકી એ જ તારો બાપો છે. તો પણ વાલકીએ માન્યું નહિ. બાપનાં આંસુ એના મોંમાં ઊતર્યાં, તે બહુ ખારાં લાગ્યાં.

બાપો કહેઃ 'હવે લઈ જાવ વાલકીને.'

ડોશી અને વાલકી ગયાં. હીરજીએ જેલવાળાને કહ્યુંઃ 'બસ, હવે હું તૈયાર જ છું. જીવતો સળગાવવો હોય તો પણ હું તૈયાર છું.'

સહુએ એની પછી થાબડી, 'રંગ છે તને હીરજી!'

'હીરજી તો છાતીવાળો જુવાન છે.'

'અને ભાઈ હીરજી, એકવાર તો હરેકને મરવું જ છે ને?'

આ શાબાશી અને આ દિલાસા હીરજીના દિલમાં કટાયેલા ખંજર જેવાં ભોંકાયાં.

એના હોઠ સુધી શબ્દો આવી ગયાઃ 'એમ જ છે તો તમારામાંથી એક જણ આવી જાઓને મારે બદલે! સફાઈ શીદ કરો છો?' પણ હિરજીની જીભ ચાલી શકી નહીં. આ ધન્યવાદ દેનાર પ્રત્યેકને ફાંસીએ લટકાવી દેવાને લાગણી એના હૃદયમાં ફેણ પછાડતી હતી. ત્યાં તો હીરજીના કાન મારી તરફ મંડાયા, એનો કાકો ને એની ડોશી જેલરસા'બની જોડે કંઈક વાતો કરતાં હતાં. જેલર કહેતા હતો કે 'હાં હાં, લાશ તુમકો ફજરમેં મિલ જાયગા હો! ગભરાના મત, હમારે લાશને શું કરવા છે?'

'સારું, સા'બ!' હીરજીની ડોશી હાથ જોડીને ઊભી હતી, તેણે ખળખળતે આંસુએ આભાર માન્યોઃ 'તમારું સારું થાજો, સા'બ! મારે તો એકનો એક હીરજી – મારું તો ઉજ્જડ થઈ ગયું. તમે માવતર છો, બાપા! ખબર રાખજો.'

'વારુ વારુ, ડોશી! કાંઈ ફિકર નહિ.' જેલર એના મોટા મોટા ચોપડામાં સહીઓ કરતો કરતો કહેતો હતો.

'અને, હેં સા'બ!' ડોશી જેલરને કંઈક પૂછવા લાગતી હતી.

'બોલો, ક્યા હૈ?' જેલરને રોજકામમાં મોડું થતું હતું. શિયાળાનો દિવસ જલદી જલદી આથમતો હતો.

'ઇને સવારમાં કંઈ ચા-બા દેશો? હું પોગાડું?'

'કાયદો નથી, ડોશી!'

'તયીં હાઉં! તયીં તમે બાપડા શું કરો? આ તો મને ઈમ થ્યું કે મારા હીરજીને ચા બહુ બાવતો. એમાંય ખાસ કરીને મારા હાથનો કરેલ ચા તો હીરજી તાંસળી ભરીને પી જાય. વહુના હાથનો ચા ઈને માઠો ભાવે. હું છું તે માંઈ મશાલો નાખીને પરથમ ઉકાળું, પછેં પાછુંદૂધ નાખી ફેર પાકવા દઉં, ને પછેં ચા નાખું, એટલે રૂપાળો...'

જેલરે પીળી પાઘડીવાળા મુકાદમને કહ્યું કે 'બારી બંધ કરો.'

મારા ઉપર બારણાં બિડાયાં. ડોશીને એમ થયું કે ચાના વર્ણનમાં કશીક ભૂલ આવી; અથવા કદાચ જેલરને આવી જાતની ચાની બનાવટ ગમતી નથી હોય; અથવા એને બીજું કંઈક કામ હશે.

મારા બંધ બારણાં સામે ડોશીએ હાથ જોડયા. જેલર સાંભળશે એમ સમજી એણે કહ્યું, 'એ સા'બ, બોલ્યું ચાલ્યું માફ કરજો. તમે તો માવતર છો, બાપા!'

થોડીક વાર બુઢ્ઢી હાથ જોડીને મારી સામે ઊભી જ થઈ રહી. મારી એને બૂમ પાડીને કહેવું હતું કે ડોશી, હીરજીને ગમતી ચાનું વર્ણન કરને હજી!

પણ મારી જીભ ક્યાં?

કાલ સવારે હીરજીનો આત્મા પણ પૂછશે, 'મારી લાશ ક્યાં?'

હીરજીને બે વાતનો આનંદ હતો. એક તો ડોશી સાઠ-પાંસઠ વરસની છે ને એનું તો હૈયું જ ભાંગી પડશે, એટલે એની આવરદા પૂરી થતાં થોડા દિવસ જ લાગશે. એ એક તો પત્યું. બીજી રહી એની વહુ. એ પડી છે માંદગીની પથારીએ. એ પણ ફાંસીની વાત સાંભળીને કાં ઊકલી જશે ને કાં થઈ જશે ગાંડી. ગાંડાંનેય એક વાતનું તો સુખ ને, કે પછી લાગણી જ ન રહે, સાનભાન ન રહે. પછી ભલે ને દુઃખ વરસ્યા જ કરતું! ગાંડપણ તો વરસતા વરસાદમાં પહેરેલા 'રેઈન-કોટ' જેવું રક્ષાકારી સાધન છે.

માત્ર હીરજીને વિચાર થાય છે એની ત્રણ વરસની નમણી, નાચતી ગેલતી, નિર્દોષ

વાલકીનો. એનું શું થશે? એનો શો અપરાધ? એને મૅજિસ્ટ્રેટસાહેબે સા માટે નિરાધાર થઈ જવાની સજા કરી?

અરે હીરજીડા! ઓ કાયર! હું કહું છું કે તું આ વિચારે કાં ચડયો? તું આજની રાત ભગવાનની ભક્તિમાં જીવ પરોવી લે ને! સવારે તો તારે પછી ફક્ત બે જ મિનિટો વિતાવવી છે ને? બાકી તો આ કામ કેટલું સહેલું ને સરલ છે! તારે કશું જ સંભારવાનું નહિ રહે, હીરજી! કાનટોપી પહેરાવી એટલી જ વાર.

કાનટોપી! કાળી કાનટોપીની કલ્પના આવી હીરજીને, હીરજીની જીભ ઉપર ભગવાનનું નામ ગોઠવાઈ ગયું. હીરજી ખિજાઈ ઊઠયો.

મને સજા તો ફક્ત ફાંસીની કરવામાં આવી છે. પણ આમ દિવસરાતની માનસિક યંત્રણાઓ મને શા માટે આપો છો? તમે મારા શરીરને સારુ બે મિનિટની સરલ ક્રિયા ઊભી કરી, પણ મારો જીવ, મારો આત્મા, મારાં ત્રણ સ્વજનો – એને તમે કયા ગુના બદલ સજા કરી છે!

ઓ ન્યાયાધીશસા'બ! તમે ફરીને તપાસ કરો. કંઈક તમારી ભૂલ થઈ જણાય છે. તમે ભૂલ્યા છો. ફરીને તપાસ કરો!

હીરજી ચીસો પાડે છે, પણ સ્વપ્નામાં એની ચીસો એ પોતે જ સાંભળે છે.

રાજકેદીની રોજનીશી

'તા. ૧૦.૫.'૨૨:

'મને કેદ પકડાયાં આજ ત્રણ દિવસ થયા. મારી સજામાંથી આમ ૧/૬૦ જેટલી તો હું ભોગવી ચૂક્યો, હવે તો ફક્ત ૫૯/૬૦ જેટલી જ મુદત બાકી રહી. એ પણ ચાલી જશે ભારે પગલે પંથ કાપતા થાકેલા કોઈ ગાડાના બળદો જેવા કંગાલ આ ઉનાળાના દિવસો એકાદ માસમાં તો અદૃશ્ય બની જશે, ચોમાસાના પૂરપાર વહેતા ને તોફાને થનગનતા અશ્વો સમા વર્ષાના દા'ડા આવશે. ત્યારે તો પછી દિવસમાં ચાર વાર સાડી-પોલકાં બદલતી નવવધૂ-શી આ નખરાળી કુદરત આજની ગ્લાનિને ઉડાડી મૂકશે એવી ઉમેદ રાખીને હું વૈશાખના સળગતા બપોર વિતાવું છું.'

રાજકેદી ભાઈ પોતાની રોજનીશી લખી રહેલ છે; પોતાના દુર્બલ હૈયાને છેતરવા માટે આવા ઢોંગ કરે છે. મનને મનાવા મથે છે કે જાણે પોતાને કેવળ આ ગરમ ગ્રીષ્મ જ અકળાવે છે. ચોખી ભાષાને એ ભૂલવા ચાહે છે. હાં, હાં, રાજકેદી ભાઈ! ચલાવો તમારી કાવ્યભરી બાની.

'દોઢ હજાર કેદીઓના ગામડા જેવી આ જેલને એક છેડે ઊંચી અને પહોળી પરસાળવાળું, હવા-પ્રકાશે પ્રફુલ્લિત આ મકાન છે. આંગણામાં છ લીલા લીંબડાના ઘટાદાર મંડપ તળે એક નાનો -શો ફૂલબાગ છે. મોગરાનાં મોટાં મોટાં ફૂલો રોજ પ્રભાતે મોં મલકાવીને વહાલાં આત્મજનોના હસતાં દાંતની માફક અમને મંગળ શકુનો કરાવે છે. મારા કેટલાક સાથીઓ એ ફૂલ ચૂંટીને સવાર-સાંજ અમારા લેખરડા સરદાર ...ને ધરે છે. પરંતુ હજુ સુધી એકેય ફૂલ તોડવાની મારી હિંમત ચાલતી નથી. મને એમાં જીવતાં જાગતાં હસી રહેલ કોઈ નાનાં નમણાં માનવમુખો, અને શેકેલી સોપારીનો બદામ મેળવેલો ચૂરો આપવા લંબાયેલા દસ ટેરવાંનો ભાસ થાય છે. ફૂલોની અંદર પ્રભુદર્શન પામનારા ભાવિકોની હાંસી કરનાર જે હું, તે આ કળીએ અને ટીશીએ, પાંદડે ને ડાળીએ મારા પ્રિયજનનું દર્શન પામી રહ્યો છું!'

નાટક કરો છો ને, રાજકેદી ભાઈ! નબળી લાગણીઓને ભાવનાના વેશ પહેરાવી રહ્યા છો ને? તમારી આ છેતરપીંડી મારાથી તો અછતી નથી. હાં, આગળ ચલાવો. વીરતાનાં કાવ્યો, પણ આમ જ લખાય છે. લખો –

'વૈશાખ એટલે લગ્નનો માસ. મનુષ્યોએ શું પક્ષીઓનું અનુકરણ કર્યું હશે! પક્ષીઓની પણ આ 'મેઇટીંગ સીઝન' એટલે મિલન ઋતુ છે. સવાર પડે છે ને આ સાત ઝાડવાં ઉપર ભાતભાતનાં પંખીઓ જુગલ જોડીને રમવા ને ગાવા મચી જાય છે. તરવરિયાં, પાતળી હાંઠીનાં, પાંખો ઉપર કાળા અને બાકીને શરીરે પાકેલ કેરી જેવા પીળા રંગનાં બે પક્ષીઓ એકબીજાની પછવાડે ઊડતાં જે બોલી કરે છે. તેની મેળવણી કરતાં કરતાં મનમાં એવી યાદ જાગે છે કે જે હું આંહીં નહિ લખું. મોંમાં કોઈ વેદનાના અંગાર ભર્યા હોય તેવું લાલઘૂમ તાળવું દેખાડતું. સદાય ફાટેલી ચાંચવાળું નાનું પક્ષી બુલબુલ પૂછડાના પિચ્છની નીચે પૃષ્ઠભાગ પર પણ એવી જ રાતી ભોંય બતાવે છે. એના કંઠેય જાણે જખમ નીતરતા હોય તેવી લાલપઃ પણ કોણ જાણે કોના શાપે એ એકલું ભમે છે. અધીરિયા જીવનાં કોયલ પક્ષીઓ તો પાછલી રાતના ત્રણ-ચાર બજ્યાનાં જાગી પોતાના નફ્ફટ દાંપત્ય-પ્રેમની પિપૂડી બજાવ્યા કરે છે. કેમ જાણે એમને એકલાંને જ લગ્નના લહાવા મળ્યા હોય! પારેવાં બિચારાં શરમાળ અને સહુમાં મોટાં, એટલે ભારેખમ દીદાર રાખી ભમે છે; પણ બપોરવેળા જ્યારે બીજાં પક્ષીઓની પડાપડી ઓછી થાય છે ત્યારે મકાનની છતમાં છાનાંમાનાં લપાઈને પ્રેમગોષ્ઠીના ઘૂઘવાટા કરે છે. આ બધાં પંખીઓનાં ચાંદૂડિયાં પાડતાં વાતોડિયા કાબરાં મને સહુથી વધુ કવરાવે છે. એને તો કુદરતે જ લત લગાડી છે સહુ પક્ષીઓના ચાળા પાડવાની – એના લવારામાંથી અનેક સૂરો ઊઠે છે, પરંતુ એની આ દુત્તાઈમાં દ્વેષ વા અહં નથી. એનો વિનોદ નિર્દોષ છે. અમારા પ્રત્યેક પ્રભાતને પોતાનાં પ્રભાતિયાંથી સ્વાગત દેતાં આવાં પક્ષીઓ સાંજના છેલ્લાં અજવાળા સુધી અમારો સંગ રાખે છે અને રાત પડે ત્યારે બાજુના એક ઘટાટોપ વડલામાં સમાઈ જાય છે.

'બેથી અઢી હજાર પક્ષીઓએ આ વડલાને પોતાનું વતન કરેલ છે, કોઈએ કહ્યું કે એ વડ પણ એક આવું જ બંદીખાનું છે ના! મેં કહ્યું કે ના, ના, એ તો નમૂનેદાર 'સ્વરાજ' છે સ્વરાજના સંપૂર્ણ આદર્શ એ પૂરા પાડે છે. આટઆટલી અનેક જાતિનાં ને જુદાં જુદાં વતનનાં, રીતરિવાજનાં ને ખાનપાનનાં ભેદવાળા નાનાં-મોટાં પક્ષીઓ હજારોની સંખ્યામાં ડાળીએ ડાળીએ, ભીડાભીડ છતાં પણ જરીકે કંકાસ કર્યા વિના, અદાલત-પોલીસ અથવા પરસત્તાના કોઈજાતના બંદોબસ્ત વિના રાતવાસો રહે છે, અને પ્રભાતે સહુ પોતપોતાના પેટગુજારા માટે ઉદ્યમે ચડી જાય છે. આ વિશાળ ધરતીમાં એમને એનો કણચારો મળી રહે છે. પરસ્પર ધાડ પાડવાનું કે ધૂતવાનું એમને સૂઝતું નથી. મોટા મોટા મોરલા, કાગડા કે સમળા પણ ત્યાં રહેતાં હશે ને છતાં કોઈને પોતાની સાર્વભૌમ સત્તા સ્થાપવાનો લોભ થતો નથી સાચા શ્રમજીવીઓની રીતે શ્રમ ઊઠાવી તેઓ ઉદર પોશે છે ને ફરી ભાઈભાંડુને શોભે તેવી ભીડાભીડમાં લપાઈ જાય છે. શ્રમથી રળેલી આજીવિકામાં

એમને જે મીઠાશ લાગે છે તે મીઠાશ તેઓનાં પ્રભાતસંધ્યાનાં સ્તોત્રોરૂપે ગુંજારવ કરે છે. પછી એ ગુંજારવ માલિકની બંદગીના હો વા વરવહુના રીઝવણાંના હો, મને તો એમાં જીવનનો જયકાર જ સંભળાય છે, અમારી રોજની સંસ્કૃત શ્લોકોની પ્રાચીની જડ પ્રાર્થના કરતાં આ પક્ષી-કલ્લોના શ્રવણમાં મને ખરો વિરામ મળે છે. દુનિયાના લોકો જ્યારે જ્યારે આમ પક્ષીઓના જેવી શ્રમજીવી દશા ગાળતાં, ત્યારે ત્યારે તેઓને કંઠેથી પણ ગીતોના આવા જ ઉન્નત કલ્લોક ઊઠ્યા હતા.

'બપોરનો પવન લોથપોથ થાકેલા કેદી જેવો પડી ગયો છે. એના હાંફતા હૈયામાંથી જે ધખતી વરાળ લગાર લગાર નીકળે છે, તેની અંદર ઝાડનાં પાંદડાં થોડાં થોડાં થરથરે છે. મુક્તિ માગવા માટે સવિનય કાનૂનભંગ કરવા નીકળેલા એ મહાસત્ત્વને, એ વાયુરાજને બ્રહ્માંડનો કોઈ જાલીમ સાર્વભૌમ ગગનના એકાન્ત-કારાવાસમાં ગૂંગળાવી રહ્યો લાગે છે. સત્યાગ્રહ-સેનાના સૈનિકો જેવાં ઝાડવાં એ આકાશી જુલમગારની તપતી સત્તામાં શેકાતાં શેકાતાં પણ સિદ્ધાંતમાં અચલ અણનમ ઊભાં છે. બંદીખાનાની દીવાલ પર બેઠેલાં કબૂતરો બફાઈ જાય તેવા ધૂપની અંદર પણ પરસ્પર ચાંચમાં ચાંચ પરોવી પ્યાર કરે છે. પ્યાર એ કરી શકે છે કેમ કે બહાર ચાહે તેવો તાપ હોવા છતાં પણ એના જીવનના ભીતરમાં આઝાદી છે. સાચી મુક્ત દશાને શું તાપ કે શું છાંયડી! અને ગુલામો ઠર્યા તેને થોડા બાગબગીચા કે વૃક્ષવીથિઓ અને ફુવારા-દીવાથીયે શું? એ કબૂતરની જોડલી તાપમાં પણ મહાલે છે. જ્યારે મારી 'અ' વર્ગના કેદીની આ ઊંચી ઉજાસવાળી, સુંદર શીતળ કોટડી પણ મને એકાકી કરી, મારા હલનચલન પર પહેરા મૂકીને પળેપળે અકળાવે છે.

'ખિસકોલાં જ્યાં ને ત્યાં છાંયડો ગોતી આખું શરીર નાખી દઈ ધરતી પર પડયાં છે. કેટલાંક વળી પીપળાની પેપડીઓ ખાવા દોટાદોટ મચાવે છે. મારા બંધુકેદીઓ તો કેમ જાણે દોઢ-બે વર્ષની કોઈ છુટ્ટી મળી ગઈ હોય અને કોઈ વિદ્યાલયમાં અભ્યાસની અનુકૂલતા સાંપડી હોય તેમ પ્રાચીન હિન્દની તવારીખોથી લઈ ઈ. સ. ૧૯૨૨ સુધીની આયર્લેન્ડની યુદ્ધ-કથાનાં થોથાં ઉપર તડાપીટ પાડી રહ્યા છે. આપણને પણ એકાદ-બે માસમાં બ્રિટિશ સત્તા નમીને યુદ્ધવિરામની શરતો ધરવા આવશે તે વેળા આપણે મહાપુરુષો પણ કેવી રીતે મોં મરડી, નાકનું ટેરવું ફુલાવી, આંખની ઢેલડીઓ ચડાવી સામા કરારો મૂકશું તેની ભારેખમ તૈયારી આયરીશ વીર મીકેલ કોલીન્સની જીવનકથાનાં દળદાર પોથાંમાંથી ચાલી રહી છે. તે વખતે, વાતાવરણની આ બાફને ચીરતી, પવનની મૌનવેદનાના વિદારતી એક કિકિયારી પડે છે કે 'ઇન્કલાબ ઝિન્દાબાદ!'

'કોટડીમાંથી દોડીને અમે પરસાળમાં આવીને છીએ. કાન માંડીને સાંભળીએ

છીએ, ઊપડતી આગગાડીનાં પૈડાંના ઘરઘરાટ સાથે અને એન્જિનના અંતઃકરણમાંથી ઊઠતી આહના ધખારા સાથે તાલ દેતો પચાસેક કંઠનો શોર ચાલ્યો જાય છેઃ ઇન્કલાબ ઝિન્દાબાદ! ઇન્કલાબ ઝિન્દાબાદ! ઇન્કલાબ ઝિન્દાબાદ! ધખધખાટ! ધખધખાટ! ધખધખાટ!...

'અવાજ જાય છે. ઓ જાય, ઓ જાય, ઓ ચાલ્યો જાય, જાણે આંખો દેખે છે, અવાજ જાણે દેહ ધરે છે, આગગાડીને વાચા ઊઘડે છે, એના સંચા પણ 'ઇન્કલાબ ઝિન્દાબાદ'નો ઘોષ ઝીલતા જાય છે. કેટલી જુદી જુદી વેદનાઓથી ભરેલી અવાજ છે! જાણે માતા પુત્રને ખોળતી બૂમો પાડે છે. પત્ની પતિને સાદ દઈ રહી છે, બાળક જનેતાને જગાડે છે. સહુનાં કલેજાંમાંથી ઊઠતી ચીસોને એકસામટી ઠાલવીને ભરેલો જાણે શીશો છે આ 'ઇન્કલાબ ઝિન્દાબાદ'. મારે માટે એ શબ્દમાંથી અધિક સુગંધ મહેકે છે, કેમકે મારી ઓચિંતી ગિરફતારીને વખતે હૈયું ગુમાવીને રડી પડેલી પ્રિય પત્નીને એક જ પલકમાં એ ઘોષણા કરીને દિલ પાછું કબજે કરી લીધું હતું.

'બહારની દુનિયા સાથે અમારા સંબંધની ગાંઠ બાંધનારી આ રેલગાડી અત્યારે તો રોજ રોજ જોઈ હતી તે કરતાં જુદી જ દેખાય છે. 'થ્રોબીંગ્ઝ ઓફ થાઉઝન્ડ હાર્ટ્સ' – હજારો દેશબાંધવોનાં કલેજાંના એકીસાથે ઊઠતા ધબકારાને વ્યક્ત કરતી આ આગગાડીઓની આવ-જા પ્રત્યે કાન કેટલી તીણી એકાગ્રતા બતાવે છે! સાંજને ટાઢે પહોરે તો સ્ટેશન પર ગાડીના ઊભા રહેવાની સાથે જ સાંધાવાળાના અવાજ અને ઉતારુઓના બોલાસ સુદ્ધાં ચોખેચોખા સંભળાય છે. સામો જવાબ આપી શકાય તેટલી બધી શાંતિ પથરાય છે. અવાજ આંખ જેવો બને છે. નથી દેખાતાં છતાં હજારો દેશજોનોનાં મુખો એ અવાજમાંથી ડોકિયાં કરે છે. આજે તા. ૧૨મીના પ્રભાતે મને મળવા આવેલી મારી પત્ની અત્યારે સાંજના આઠ વાગ્યે આ ગાડીમાં પાછી વળી હશે. એને હું કહેતાં ચૂકી ગયો કે સ્ટેશનેથી 'ઇન્કલાબ ઝિન્દાબાદ'નો શોર પાડજે; હું સાંભળીને તને વિદાયની સલામ કરીશ. તારો શબ્દ મારી સંધ્યાની નમાઝ બની જશે. તારા બોલમાં હું બંદગી માની લઈશ.'

આવી રસભરી રોજનીશી લખવામાં રાજકેદી ભાઈને એકાએક વિક્ષેપ પડયો. ઑફિસની સામી પરસાળમાં ઊભો ઊભો પંખાની દોરી ખેંચનારો જેમલો કેદી ધ્યાન ચૂકી ગયો. એને પંખો ખેંચતાં ખેંચતાં બીજું એક કામ કરવાનું હતું 'બડા સા'બ' દૂરથી આવતા દેખાય કે તરત જ સહુને જણાવી દેવાનું કે 'સા'બ આતા હય'. એ ખબર મળતાં જ સંત્રીઓ ટટ્ટાર બનતા, કારકુનો પાનબીડાં થૂંકી નાખતા, જેલર કોટનો કોલર ભીડી દઈ બાંયોની કરચલીઓ ભાંગી નાખતો. પરંતુ જેમલા કેદીનું લક્ષ અત્યારે રાજકેદી ભાઈની સરરર સરરર વહેતી લેખિની ઉપર ચાલ્યું ગયું હતું. ત્રણ મહિના ક્યારે પૂરા થાય ને પોતાને

એક પોસ્ટ-કાર્ડ લખવા મળે એની જેમલો વાટ જોતો હતો. રાજકેદીઓ આવું લાંબું લાંબું શું લખતા હશે, નિત્ય ઊઠીને ધીંગાં ધીંગાં પરબીડિયાં કોને પહોંચાડવા લાગ શોધતા હશે, રોજની ટપાલ વહેંચવા બેસતા કારકુનને શા માટે પોતાના કાગળની પૃચ્છા કરતા હશે, કારકુન ઠંડે કલેજે ના પાડે કે તમારો કાગળ નથી છતાં શા માટે ફરી ફરી કાગળ માગતા હશે, કારકુને કાગળ ક્યાંક ગુમાવી નાખ્યો છે અથવા કારકુન જાણીબૂઝીને કાગળ આપતો નથી અથવા કારકુન દંપતીપ્રેમની પત્રભાષા શીખવા સારુ અમારા પત્રો પોતાને ઘેર લઈ જાય છે? એવા તર્કો શા માટે કરતા હશે – આવા આવા વિચિત્ર પ્રશ્નોમાં અટવાયેલો જેમલો હશી પડયો, ધ્યાનચૂક થયો. બડાસાહેબ તો અચાનક આવી પહોંચ્યા. એટલે જેમલા પર મુકાદમની બે લપડાકો પડી. એના ધ્વનિએ રાજકેદીની રોજનીશીને સ્તબ્ધ કરી દીધી.

જેમલાનો કાગળ

જેમલો રાજકેદી ભાઈ પાસે પોતાનું ત્રૈમાસિક પત્તું લખાવવા બેઠો છે. પણ શું લખાવે? સૂઝતું નથી. લખાવે છેઃ

'ચોમાસું માથે આવે છે. એકઢાળિયાનાં નળિયાં ચળાવી લેજો, નીકર પાડી ને વોડકી (વાછડી) પલળશે. નળિયાં ધરમશી કુંભારનાં લેજો; બીજાના લેશો નહિ. ભૂલશો નહિ. એકઢાળિયું ચળાવજો. આ બાબત ભૂલશો નહિ. ધરમશી ધીરવાની ના પાડે તો આપણા ખાવાના દાણામાંથી આલજો. પણ જરૂર એકઢાળિયું – '

પત્તુ પૂરેપૂરું ભરાઈ ગયું. જેમલો આટલો જુવાન છતાં વહુને કે છોકરાને મીઠી લાગણીનો એક શબ્દ પણ નથી લખાવતો. એ તો એકઢાળિયાની વાત પાંચ વાર ફરી ફરીને લખાવે છે. ભૂલશો નહઃ ઢીલ કરશો નહઃ કેમ કે ચોમાસું માથે આવે છેઃ મોડું કરશો નહઃ આમાં ગફલત રાખવી નહઃ વગેરે, વગેરે.

બીજું કેટલુંક જેમલાને લખાવવું હતું, પણ તે તો રહી ગયું. કડબની ગંજી ઉપર સરખું છજું કરાવવાનું, વાછડીને છાશ પાવાનું, પાડીને ખરીમાં જીવડાં પડયાં હતાં તેને માથે ઘાસલેટને બદલે જીવડાંની ગંધારી દવા (ફિનાઈલ) ચોપડવાનંઃ આવું આવું લખાવવાનું રહી ગયું. રાજકેદી ભાઈએ છૂટા મોટા અક્ષરો પાડવાની ધૂનમાં એટલું યાદ ન રાખ્યું કે જેમલાનું પત્તુ તો એક નાના પાનાનું પત્તું હતું. રાજકેદી ભાઈને દૂધિયા નોટ-પેપરની એક જ બાજુએ દર પત્રમાં પંદર શીટ ભરવાની આદત હતી. પ્રત્યેક અક્ષરના ચીપેલા મરોડમાં એ પોતાની ઊર્મિ આંકતો હતો એવી એની માન્યતા હતી. પોતે થોડો ચિત્રકાર પણ છે ખરો ને, એટલે વચ્ચે વચ્ચે કાગવમાં ફૂલો આલેખતો, કાગળને છેડે સહી કરવાને બદલે બે આંખો ચીતરતો, અને આંખોના ખૂણામાં અક્કેક આંસુનું ટીપું બતાવવા કોશિશ કરતો.

'જેમલા!' એણે પોતાના નવા તૈયાર થયેલા પત્રને છેડે આ રીતે ચીતરેલી આંખો જેમલાને બતાવીઃ 'આ કેવું લાગે છે?'

જેમલો જોઈ રહ્યો. એણે કહ્યુંઃ 'મારી વોડકીની આંખ્યો બરાબર આવી જ છે. મારા વન્યા ઓણે આવાં જ આંસુ પાડયાં હશે!'

રાજકેદી ભાઈના મનમાં આ વાતથી ખૂબ રસક્ષતિ થઈ. એણે પંદર પાનાંનો પત્ર બીડી દીધો. પછી એણે પોતાની 'ડોલર' નામની પુત્રી પર લખેલું ગીત જેમલાને સંભાળવવાની ઇચ્છા છોડી દીધી. બીજા કોઈ સાથી પાસે વાંચવામાં એને શરમ આવે છે. પોતાનું એ સર્જન કોઈને બતાવ્યા વગર તો એને જંપ નથી. જેમલાને તો કેદીભાઈની ડોલર અને પોતાની વોડકી વચ્ચે કશો ભેદ જ સમજાતો નથી. હાય! કેવી વિધિવક્રતા! જેમલાએ એ કાવ્યભરી બે અશ્રુમય આંખોના ચિત્રને એની વોડકીની સ્મૃતિ સાથે જોડયું!

પોતાની રોજનીશીમાં 'જેમલાની વોડકી' વિષે કંઈક ભાવનાભર્યું લખવા આજે રાજકેદી ભાઈએ ઘણી મહેનત કરી. પણ લખવા બેસતાં જ એની આંખો સામે દીકરી ડોલર તરવરી રહેતી. ડોલર સિવાય બીજા કોઈ વિષય પર એમની ઊર્મિઓ ફૂટતી નથી. મુલાકાતે આવેલી ડોલરને દરવાજા પરના પહેરેગીરો ગેલ કરાવે છે, જેલરની બદામડી ઉપરથી પાકેલી બદામો આણીને ડોલરનું ગજવું ભરે છે, તે દેખીને જેમલો કેદી તાકી રહે છે. પંખો ખેચતાં એના હાથની દોરી ઢીલી પડે છે, કેમ કે જેમલો એને ખેતરે રાતવાસો જતો ત્યારે બાવળી કૂતરી સાથે આવતી; એ બાવળીને એક વાર સાત-નારીએ (સાત વરુઓના ટોળાએ) ચૂંથી હતી; એનાં કુરકુરિયાં પોતે પકડાયો તે વેળા પંદર જ દા'ડાનાં થયેલાં. કુરકુરિયાનીં આંખો તાજેતરમાં જ ઊઘડેલી. એ કુરકુરિયાં અત્યારે એને યાદ આવે છે. શિયાળાની ઊઘડતી તડકીમાં જેમલો અમાસના અગતાને દા'ડે એ કુરકુરિયાંને થાબડતો થાબડતો કહેતો હતોઃ 'ઝટ મોટાં થઈ જાવઃ પછે આપણે માનું વેર લેવું છે. સાત-નારીને સામટૂ ચૂંથી લાખવી છે. તમે ઝટ મોટાં થાવ. હું તમને કાળા ભરવાડના બોકડા ચોરી ચોરીને ખવરાવવાનો છું. એ સાત કુત્તા નારડાની સામે તમને સાત સાવઝ જેવા બનાવવા છે, હો કે ભેરુડાઓ!'

આવી ભવ્ય યુદ્ધ-યોજના એના ભેજામાંથી જન્મ પામી એને વળતે જ દિવસે જેમલો પકડાયો. અત્યારે રાજકેદી ભાઈની ડોલરને કારાગારનાં દ્વાર પર રમાડાતી દેખીને જેમલાને એની બાવળીનાં સાત કુરકુરિયાં સાંભરે છે. સારું છે કે ડોલરની બાને આ વાતની ખબર નથી તેમ જ જેમલા કેદીની રોજનીશી કદાપિ છપાવાની નથી.

જ્યારે જ્યારે નાનકડી ડોલર દરવાજે આવે છે ત્યારે ત્યારે જેમલો આમ જ ટાંપી રહે છે. ડોલરની બાને જેમલાની આ ટાંપ નથી ગમતી; જેમલાની નજર એને મેલી લાગે છે. કેમ જાણએ જેમલો ડોલરની ગળચી દાબવા તત્પર થતો હોય તેવી રીતે તેના હાથનાં આંગળાં પંખા-દોરીને પડતી મૂકે છે ને ડોલર તરફ ખેંચાય છે.

જેમલાનો દેખાવ જાણે હિંસા ધરે છે. પણ ડોલરની બા! તમે ડરશો નહિ. એને તો એની બાવળી કૂતરીનાં સાત કુરકુરિયાં સાંભરે છે. પણ જેમલાનું દુર્ભાગ્ય એ છે કે હિંસાની તેમ જ હેતની, બેઉ પ્રકારની લાગણીઓ બતાવવાની એની રીતે એક જ સરખી છે.

જેમલાની હિંસા તો પેલા સાત નારડા ઉપર ટાંપી રહી છે; ને બીજી દાઝ એને આ વાતવાતમાં 'સાલા!' કહેનાર પાન ચાવતા કારકુન ઉપર ચડેલી છે. મનમાં મનમાં એ મનસૂબો ઘડે છે કે બાવળીનાં સાતે ય સાવઝડાંને મોટાં કરી એક વાર આંહીં લાવું, ને પછી આને એવો ફાડી ખવરાવું કે આજ એ પાનપટ્ટીની પિચકારીઓ ઉડાડે છે તેવા જ રાતા રંગના કોગળા એના મોંમાંથી નીકળી પડે!

ડોલર બોનને તો એક કુરકુરિયું ભેટ દેવાનું દિલ થાય છે જેમલાને. પણ સાતેય જીવતાં રહ્યાં હશે? કાગળમાં પુછાવતાં તો ભૂલી જ ગયો. ઘણુંય રાજકેદી ભાઈને કહેવાનું તો મન થાય છે કે તમારા આટલા થોથારિયા કાગળ ભેળી મારીય એક ટાંક મારી દો ને, ભાઈ, કે મારી બાવળીનાં સાતેય જીવે છે કે નહિ? કેવડાંક થયાં છે? કેવાંક ભસે છે? દાંત કેવાક બેસારી શકે છે? માલા ગોવાળના બોકડાને પકડે એવાં થયાં છે કે નહિ? સાત નારડા આપણી સીમમાં હવે આવે છે કે નહિ?

પણ રાજકેદી ભાઈના ભાવભર્યાં કાગળમાં બાવળીનાં કુરકુરિયાંની વાત કોણ લખે?

જેમલો ઝબકે છે – એને કાને અવાજ પડે છેઃ 'સાલા, પંખા ક્યું બંધ કરકે બેઠા હૈ? ફટકા ખાના હૈ ક્યા? સાલા ઑફિસમેં રે' કર તગડા હો ગયા!'

એ સ્વર કારકુન સાહેબનો છે. જેમલાના હાથ પંખા-દોરી ખેંચવા લાગ્યા છે અને રાજકેદી ભાઈ નવા આવેલા કેદીઓની હિસ્ટરી-ટિકિટો (નોંધપોથીઓ) લખતા લખતા એક એક હિસ્ટરી-ટિકિટનાં ખાનાં અત્યંત લહેરથી પૂરી રહ્યાં છેઃ

કેદીનું નામઃ પીથલ (લાલ અક્ષરે)

ગુનોઃ ખૂન

સજાઃ Death મોત

લાલ લાલ અક્ષરેઃ ચીપી ચીપીનેઃ સરસ, મરોડદાર, ટૂંકો રસભર્યો ભવ્ય, એક જ શબ્દઃ પાંચ મોતીના દાણા જેવા અક્ષરોઃ

Death: મોત.

બીજી હિસ્ટરી-ટિકિટો કરતાં ફાંસીવાળાઓની નોંધપોથીઓ લખવાનું એને સહેલું લાગતું હતું. એમાં એને લાંબી લાંબી વિગતો પૂરવી નહોતી પડતી. રાતા અને કાળા, ચોખ્ખા અને છૂટાછવાયા, ચારેય જાતની એ-બી-સી-ડીના જૂજવા અક્ષરો વેરીને એ પોથીઓમાં જાણએ એ ફૂલછાબ ભરતા અને મૃત્યુદેવને છૂપી ઊંડી કોઈ ભક્તિભરી ઊર્મિથી અર્પણ કરતા.

આ જાતનો છૂપો આનંદ ઘણો સૂક્ષ્મ છે. પ્રત્યેક માનવીના દિલની ક્યારીમાં ફૂટેલો એ હિંસાનો અંકુર છે. એમાંથી જ વૃક્ષો વધે છે – એ સૂબેદારો, જેલરો, સુપરિન્ટેન્ડેન્ટો અને ફાંસીનાં પાટિયાંનો હાથો ખેંચનારા જલ્લાદો, રાજકેદી ભાઈ! એ બધાંને ઘડનારાં કોઈ કારખાનાં નથી ચાલતાં મને તો એક લાગે છે કે તમારા જેવાની કાવ્ય શણગારેલી આ છૂપી કુતૂહલવૃત્તિ કરતાં, થાંભલા ઉપર ચડી ચડી ફાંસીઓ નીરખવાની નઃશ્વાસ-ઢાંકી ગલીપચી કરતા જેલવાળાઓને બે-પાંચ ક્ષણોનો ગમગીન વર્તાવ વધુ કરુણામય છે. આઠ વાગ્યે ફાંસી આપીને બાર વાગ્યે જમવા બેસનાર એ જેલવાળાઓ પાસે પોતાની રોજનીશી લખવાને ભાષા નથી. ને ભાષ વિનાની લાગણી ક્યાં જઈ પોતાનું રૂપ દેખાડે?

આજે તો તમે જાઓ છો, રાજકેદી ભાઈ! ફૂલમાળા પહેરીને મોટરો તમને તેડવા આવી છે. પા-અર્ધી કલાકની સબૂરી તો રાખો, ભાઈ! હમણાં જ તોગાજી સિપાહી દરવાજો ઉઘાડીને તમારાં વહાલાં સગાંઓને દાખલ કરશે. પણ આજ તમારું હૃદય સબૂરીને માનશે નહિ. તમે મારી પાંસળીઓની આરપાર જાણે શારડી ચલાવી રહ્યા હો એવી એ તમારી નજર મને આજ લાગે છે. તમારી આંખોનાં મિલન, હાસ્યના સામસામા પરસ્પર કલેજાંના થડકાર, એ બધાં જ મારા પિંજરને આજ પ્રભાતે શૂળોની માફક વીંધી રહેલ છે. તમારી પત્નીની હથેળીમાં હથેળી મૂકી તમે મોટરમાં બેસો છો ત્યારે ઈર્ષાથી મારું અંતર ભડકે બળે છે. આ જેમલો કેદી અને આ બહાર-પાટીમાં જતી આખી ફેલ તમારા ઉપર ટાંપી રહી છે. બે ક્ષણોની પણ સબૂરી ન રાખી શક્યા, ભાઈ?

અને તમારી પત્નીના કપાળ પરનો એ લાલ લાલ ચાંદલો! મારા માટે એ કેમ કંકુ ન લાવ્યાં? મારા નસીબે શું કારકુનોનાં મોઢાંની પાનપિચકારી જ રહી? હી-હી-હી!

ઓ તોગાજીભાઈ! ડંકા બજાવો. દોરી ખેંચવા મંડો. ફાંસીના ડંકા બજાવો. આજે બાર ટકોરે અટકવું નથી. રાજકેદી ભાઈને પ્રિય હતા તે કાળ-ઘંટા એની વિદાયઘડીએ વગાડી લ્યો. આપણી પાસે બીજું કોઈ વાદ્ય નથી. ને છેલ્લી વિદાય આપવા સિવાય આપણે માટે કોઈ બીજો ઉત્સવ નથી. દરવાજાના ઊંચા મિનારા જેટલું પ્રચંડ આપણું ઈસરાજ એક જ જાડી રસીના તારનું બનેલું છે. તોગાજીભાઈ! એ ઈસરાજને આજે પૂરબહારમાં બજાવો.

નથી કાં બજાવતા? તમે ડરો છો? રાજકેદી ભાઈનું અમંગલ બની જશે શું? તમે અચકાતા હો તો લાવો રસી મારા હાથમાં. મારે રાજકેદી ભાઈને આપણું એવું સંભારણું આપવું છે કે જેના ભણકારા એને જીવનભર સંભળાતા રહે. દયાળજીની આખરી દુર્બળતા ઉપર હસી પડનાર રાજકેદી ભાઈ, આ તોગાજી સિપાહી મારી વાત સાંભળતો નથી; પણ મને થાય છે કે હવે તો દીવાલને હચમચાવી નાખું, મારા આઠેઆઠ સળિયા બહાર ખેંચી કાઢું ને મિનારા પર જઈ ડંકા પીટવા મંડું. તમારી વિદાયમાં આ મૃત્યુ-ડંકાનું વાજિંત્ર અને મારા જેવી બજાવનારીઃ એ મોત-ડંકાની અંદર ઓછામાં ઓછા એક હજાર ફાંસી ખાધેલાઓની આહ ગુંજે છે, એના કંદનમાંથી ચાર હજાર બાળકોનો ‘બાપો ક્યાં? બાપો ક્યા?’ એ પ્રશ્ન પોકારી રહેલ છે ને કોણ જાણે કેટલીય માતાઓ પૂછી રહી છે કે ‘લાશ લેવા ક્યારે આવું?’

